# જ્ઞાનદીપક પ્રગટાવો

ભાગ: ૩



સંયોજક

પૂ. પં. પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના શિષ્ય

પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબ

જુદા જુદા પ્રશ્નપત્રો દ્વારા જૈન શાસનના
અનેક વિષયો ઉપર પ્રકાશ પાથરતું પુસ્તક

# જ્ઞાનદીપક પ્રગટાવો

## ભાગ -૩

**સંયોજક**

**પૂ.પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના**
**શિષ્યરત્ન પૂજય પંન્યાસ**
**શ્રી મેઘદર્શનવિજયજી મ.સા.**


પ્રકાશક

**અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ**

**પ્રાપ્તિ સ્થાન**

(૧)
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૨૭૭૭, નિશા પોળ
ઝવેરી વાડ, રીલીફ રોડ,
અમદાવાદ - ૧
ફોન નં. ૨૫૩૫૫૮૨૩

(૨)
વર્ધમાન સંસ્કાર ધામ
ભવાનીકૂપા બિલ્ડીંગ, ૧લે માળે
ગીરગામ ચર્ચ સામે, ઓપેરા હાઉસ,
મુંબઈ - ૪
ફોન : ૨૩૬૭૦૯૭૪

(૩)
તપોવન સંસ્કાર ધામ
ધારાગિરિ
પો. કબીલપોર
નવસારી - ૩૯૬ ૪૨૪
ફોન નં. ૨૩૬૧૮૩

૪)
ચં. કે. સંસ્કૃતિ ભવન
ગોપીપુરા મેઈન રોડ,
સુભાષ ચોક,
સૂરત
ફોન ૨૫૯૯૩૩૭

**મૂલ્ય : રૂા. ૪૦/-**

# પ્રકાશકીય

પૂજયપાદ પરમોપકારી ગુરુદેવશ્રી પં. ચન્દ્રશેખર વિ. મ. સાહેબના વિદ્વાન શિષ્ય રત્ન પૂજય મુનિરાજશ્રી મેઘદર્શન વિ. મ. સાહેબે પોતાના ચાતુર્માસ દરમ્યાન નાના બાળથી માંડીને વૃદ્ધ સુધીની વ્યક્તિઓમાં જુદા જુદા પ્રશ્નપત્રોના માધ્યમે જે ઘેલું લગાડેલું, જ્ઞાનનો રસ પેદા કરેલો, નિંદાના રસને સ્વાધ્યાય - રસમાં ટ્રાન્સફર કરી દીધેલો, તેનો લાભ બધાને મળે તે હેતુથી અમે જ્ઞાનદીપક પ્રગટાવો સીરીઝ પ્રકાશિત કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સુરત - ડીસા ચોમાસાના પ્રશ્નપત્રોને ભાગ-૧ તથા ભાગ-૨ રૂપે બહાર પાડયા પછી પૂજયશ્રીના કાંદીવલી - મુંબઈ ચોમાસાના પ્રશ્નપત્રો ને જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૩ રૂપે બહાર પાડીએ છીએ.

પૂ. મેઘદર્શન વિ. મ. સાહેબના આ પેપરોએ સમગ્ર મુંબઈમાં એવું અનેરું આકર્ષણ પેદા કરેલું કે જેના કારણે દર રવિવારે લગભગ ૫૦૦૦ પ્રશ્નપત્રો બહાર પડતાં હતા. ઠેર ઠેર જ્ઞાનયજ્ઞ મંડાતો હતો. વર્ધમાન - સંસ્કૃતિ ધામ - મુંબઈએ "ઘેર બેઠાં જ્ઞાનગંગા" નામે આ સ્વાધ્યાયજ્ઞનું સુંદર આયોજન કર્યું હતું.

થોડા સુધારા-વધારા સાથે મુંબઈમાં બહાર પડેલાં ૧૪ પેપરો, નવા બે પેપરો તથા જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૧, ૨ના બે - બે પેપરો મળીને કુલ ૨૦ પ્રશ્નપત્રો આ પુસ્તિકામાં આપવામાં આવ્યા છે.

પૂરતી કાળજી રાખી હોવા છતાં ય કોઈ ક્ષતિ જણાય તો અમને જાણ કરવા વિનંતી કરીએ છીએ.

જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૧ તથા ભાગ-૨ની ભારતભરમાં પરીક્ષા લેવાયા બાદ, આ જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૩ની પણ ખુલ્લા પુસ્તકે પરીક્ષા (*open book exam*)

આયોજન થવાનું છે. તમે પરીક્ષા આપવા સાથે અનેકોને પરીક્ષા આપવા પ્રેરણા કરીને સમ્યગ્જ્ઞાન પામવા પમાડવા દ્વારા સ્વ. પરના આત્મકલ્યાણને સાધો તેવી આશા રાખીએ છીએ.

પૂ. મેઘદર્શન વિ. મ. સાહબે અધ્યયન અધ્યાયનાદિ આરાધનામાં વ્યસ્ત હોવા છતાંય આપણી ઉપર ઉપકાર કરીને જ્ઞાન ખજાનો આપણને આપ્યો તે બદલ તેમના ઋણી છીએ. તથા આ રીતે જ્ઞાનદીપક પ્રગટાવોના સાત ભાગ પ્રકાશિત કરવાની અમારી ભાવના તેઓ પૂરી કરશે તેવી આશા રાખીએ છીએ.

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, દૂધેશ્વર, અમદાવાદ. ફોન ૨૫૬૨૪૯૯૯

# ઘેર બેઠાં જ્ઞાનગંગા

## પેપર – ૧ પ્રભુ દર્શન સુખ સંપદા

પ્રેરણાદાતા – સંયોજક : પૂ. મુનિશ્રી મેઘદર્શન વિ. મ. સા.

**સૌથી વધુ યોગ્ય જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.**

૧. રોજ સવારે .................. ના દર્શન કરવા જોઇએ.
(ટી.વી., છાપા, ભગવાન)

૨. દેરાસરમાં ................. ના દર્શન કરવાના હોય છે.
(દેવ, વીતરાગ, દેવી)

૩. ભગવાનના દર્શન કરવા જવાની ઇચ્છા કરીએ તો ............. ઉપવાસનો લાભ થાય. (૧, ૨, ૩)

૪. ભગવાનના દર્શન કરવા .................... માં જવું પડે.
(ઉપાશ્રય, દેરાસર, સ્કૂલ)

૫. ભગવાનના દર્શન કર્યા વિના મુખમાં .................... ન નંખાય. (દૂધ, ચા. કાંઇપણ)

૬. ભગવાનના દર્શન કરવા દેરાસરના દરવાજે પહોંચીએ ત્યારે ................ ઉપવાસનો લાભ થાય. (૩૦, ૩૬૦, ૪૦૦)

૭. જિનેશ્વર ભગવાનના મંદિરને ...................... કહેવાય છે. (વિદ્યામંદિર, ચર્ચ, દેરાસર)

૮. ભગવાનના દર્શન કરવા જવાની તૈયારી કરીએ તો ............. ઉપવાસનો લાભ થાય. (૨, ૩, ૪)

૯. દેરાસરમાં બેઠેલા ભગવાન મોટા ભાગે ................. મુદ્રામાં હોય છે. ( ચૈત્યવંદન, પદ્માસન, રાગી)

૧૦. દેરાસરમાં ઊભા ભગવાન ................ મુદ્રામાં હોય છે.
(ચાલતી, દોડતી, કાઉસ્સગ્ગ)

૧૧. પ્રભુના દર્શન કરવા જવા ઊભા થઇએ તો ..................
ઉપવાસનો લાભ થાય. (૨, ૩, ૪)

૧૨. દેરાસરમાં સૌથી વચ્ચે બેઠેલાં ભગવાન ............... કહેવાય છે.
(મુખ્ય, પ્રમુખ, મૂળનાયક)

૧૩. ચાર દિશામાં એકી સાથે ચાર ભગવાન હોય તે ............
ભગવાન કહેવાય છે. (કાઉસ્સગીઆ, મૂળનાયક, ચૌમુખજી)

૧૪. ભગવાનના દર્શન કરવા ................ વસ્ત્રો પહેરીને
જવું જોઇએ. (ઉદ્‌ભટ, મર્યાદાસભર, ફેશનેબલ)

૧૫. ભગવાનના દર્શન કરવા જવા માંડીએ તો ..............
ઉપવાસનો લાભ થાય. (૩, ૪, ૫)

૧૬. .............. વસ્ત્રો પહેરીને દર્શન કરવા જવું જોઇએ.
(અશુદ્ધ, શુદ્ધ, સુંદર)

૧૭. દેરાસરના દૂરથી દર્શન કરતાં .............. ઉપવાસનો
લાભ થાય. (૧૫, ૩૦, ૬૦)

૧૮. દેરાસરમાં પ્રવેશ કરતાં ............... બોલવું જોઇએ.
(જયજિનેન્દ્ર, જય-જય, નિસીહિ)

૧૯. ભગવાન દેખાય કે તરત બે હાથ જોડીને માથું નમાવીને
.............. બોલવું જોઇએ.
(નમો જિણાણં, પ્રણામ, મત્થએણ વંદામિ)

૨૦. દેરાસરમાં પ્રદક્ષિણા દેતાં ............ ઉપવાસનો લાભ થાય.
(૧ મહિનાના, ૧ વર્ષના, ૧૦૦ વર્ષના)

૨૧. દેરાસરે ......... હાથે જવું જોઇએ. (અશુદ્ધ, ખાલી, ભરેલાં)

૨૨. નિસીહિ એટલે ............... (પ્રવેશ, જય જય, ત્યાગ)

૨૩. દેરાસરમાં ભગવાનની જમણી બાજુએ ઊભા રહીને ........
એ દર્શન કરવા જોઇએ. (સાધ્વીજી, બહેનો, પુરૂષો)

૨૪. સંસાર સંબંધી વિચાર વગેરેનો નિષેધ સૂચવવા ................
નિસીહિ બોલવાની હોય છે. (પહેલી, બીજી, ત્રીજી)

૨૫. ગભારામાં પ્રવેશ કરતી વખતે .............. નિસીહી બોલાય છે.
(પહેલી, બીજી, ત્રીજી)

૨૬. દેરાસરમાં જતી વખતે ............... અભિગમ સાચવવાના
હોય છે. (૧, ૫, ૭)

૨૭. દેરાસરમાં ઓછામાં ઓછી ............ આશાતનાઓ
ત્યાગવાની હોય છે. (૩૩, ૫, ૧૦)

૨૮. સાધ્વીજીએ પોતાની ............... બાજુ ઊભા રહીને દર્શન
કરવા જોઇએ. (ડાબી, જમણી)

૨૯. દેરાસર સંબંધી વિચારણા વગેરેનો ત્યાગ કરવા ..............
નિસીહિ બોલવાની હોય છે. (પહેલી, બીજી, ત્રીજી)

૩૦. ભગવાન દેખાય ત્યારે ............... પ્રણામ કરવાના
હોય છે. (અર્ધાવનત, પંચાંગ પ્રણિપાત, અંજલિબદ્ધ)

૩૧. ભગવાનની પ્રતિમાને કરાતા વિધિવત વંદનને ..............
કહેવાય છે. (જિનવંદન, ચૈત્યવંદન, ગુરુવંદન)

૩૨. પથ્થરમાંથી પ્રતિમાનું સર્જન .............. કરે છે.
(આચાર્ય મ.સા., પ્રતિષ્ઠા કરનાર, શિલ્પી)

૩૩. સ્ત્રીઓએ ભગવાનની ............ બાજુએ ઊભા રહીને
દર્શન કરવા જોઇએ. (જમણી, સામેની, ડાબી)

૩૪. ............ પૂજાનો ત્યાગ કરવા ત્રીજી નિસીહી બોલવી જોઇએ.
(અક્ષત, ભાવ, દ્રવ્ય)

૩૫. ભગવાનને અંજન ................ સમયે કરવામાં
આવે છે. (મધ્યાહ્ન, સવારના, રાત્રીના)

૩૬. ચૈત્યવંદન કરતાં પહેલાં ............... નિસીહી બોલવી
જોઇએ. (બીજી, ત્રીજી, ચોથી)

૩૭. પ્રતિમામાંથી પરમાત્માનું સર્જન .............. કરે છે.
(શિલ્પી, પ્રતિષ્ઠા કરનાર, આચાર્ય ભગવંત)

૩૮. પ્રદક્ષિણા દેતી વખતે દરેક વખતે ભગવાનને આપણી ..........
બાજુએ રાખીને ફરવાનું હોય છે. (સામેની, જમણી, ડાબી)

૩૯. પ્રદક્ષિણા દઇએ ત્યારે ત્યાં ત્રણ બાજુએ .............
હોય છે. (ગુરુમૂર્તિ, મંગલમૂર્તિ, દેવમૂર્તિ)

૪૦. પ્રદક્ષિણા જયાં દેવાની હોય છે તેને ...............
કહેવાય છે. (ખાલી જગ્યા, ભમતી, દેરી)

૪૧. પ્રદક્ષિણા દેવાથી ............. ની પ્રાપ્તિ થાય છે.
(તત્ત્વત્રયી, ત્રિપદી, રત્નત્રયી)

૪૨. પ્રતિમામાંથી પરમાત્માનું સર્જન કરવાની અલૌકિક પ્રક્રિયા
................. વિધાન તરીકે ઓળખાય છે.
(પ્રતિષ્ઠા, આહ્‌વાન, અંજન શલાકા)

૪૩. પ્રદક્ષિણા પુરુષોએ પોતાની ............. બાજુથી શરૂ કરવાની
હોય છે. (સામેની, ડાબી, જમણી)

૪૪. ત્રીજી નિસીહિ બોલીને ...........તલ્લીન બનવાનું છે.
(સ્તુતિ બોલવામાં, ચંદનપૂજા કરવામાં, ભાવપૂજામાં)

૪૫. અંજન કરવામાં આવે તે ભગવાનની ................ પ્રતિષ્ઠા
કહેવાય છે. (જીવંત, પ્રાણ, આત્મ)

૪૬. બહેનોએ પોતાની .............. બાજુથી પ્રદક્ષિણા દેવાનું
શરૂ કરવું જોઇએ. (સામેની, ડાબી, જમણી)

૪૭. સંસારનું પરિભ્રમણ નિવારવા ............. દેવી જોઇએ.
(કેશરની વાટકી, ધૂપસળી, પ્રદક્ષિણા)

૪૮. ભગવાનને ગાદી ઉપર સ્થાપન કરવાની ક્રિયાને ...............
કહેવાય છે. (અંજનશલાકા, સાલગીરી, પ્રતિષ્ઠા)

૪૯. ભગવાનના દર્શન ભગવાન .............. કરવાના છે.
(જોવા, વાંદવા, બનવા)

૫૦. ભગવાનને ............... પ્રદક્ષિણા દેવાની હોય છે.
(એક, ત્રણ, પાંચ)

૫૧. કમર સુધી અડધું શરીર નમાવીને ................ પ્રણામ કરવાના હોય છે. (પંચાંગ પ્રણિપાત, અર્ધાવનત, અંજલિબદ્ધ)

૫૨. ભગવાનના દર્શન ................ ની જેમ કરવા જોઇએ.
(નાગકેતુ, અષાઢાભૂતિ, મરુદેવા માતા)

૫૩. ભગવાનના દર્શન કરવાથી ............. નિધિઓ પ્રાપ્ત થાય છે. (આઠ, નવ, અડસઠ)

૫૪. ચૈત્યવંદન કરતી વખતે પહેલાં ................... પ્રણામ કરવાના હોય છે. (અંજલિ બદ્ધ, અર્ધાવનત, પંચાંગ પ્રણિપાત)

૫૫. ભગવાનના દર્શન કરવાથી ............. પદાર્થોની સિદ્ધિ થાય છે. (માંગેલા, ઇચ્છેલા, સર્વ)

૫૬. અર્ધાવનત પ્રણામ કરીને .............. બોલાય.
(સ્તુતિઓ, ચૈત્યવંદન, સૂત્રો)

૫૭. દેરાસરની બહાર નીકળતા ભગવાનને ............. ન કરાય. (વંદના, પૂંઠ, નમન)

૫૮. ભગવાનને ................ ખમાસમણ દેવાના હોય છે.
(૨, ૩, ૫)

૫૯. પરમાત્માના દર્શનના પ્રભાવે દેવપાલ ............. બનશે.
(શ્રીમંત, સાધુ, ભગવાન)

૬૦. શરીરના પાંચે અંગોને જમીનને અડાડીને .............. પ્રણામ કરાય છે.(અર્ધાવનત, પંચાંગ પ્રણિપાત, અંજલિબદ્ધ)

૬૧. ચૈત્યવંદન કરતી વખતે ............. દિશામાં જોવાનો ત્યાગ કરવો જોઇએ. (બધી, ત્રણ, ચાર)

૬૨. ખમાસમણ દેવું તે ..................... પ્રણામ છે.
(અંજલિબદ્ધ, અર્ધાવનત, પંચાંગ પ્રણિપાત)

૬૩. દર્શન કરતી વખતે શુદ્ધ વસ્ત્રોથી .............. વડે પૂજા

કરી શકાય. (કેશર, વાસક્ષેપ, ફૂલ)

૬૪. દર્શન કરવા જઇએ ત્યારે ............ બોલવી જોઇએ. (સજ્ઝાયો, પૂજાની ઢાળ, સ્તુતિઓ)

૬૫. દર્શન કરવા જઇએ ત્યારે ધૂપથી ............ પૂજા કરવી જોઇએ. (દીપક, અક્ષત, ધૂપ)

૬૬. ધનની મૂર્છા દૂર કરવા દેરાસરમાં ............. સામગ્રીનો ઉપયોગ કરવો જોઇએ. (બીજાની, દેરાસરની, પોતાની)

૬૭. ભગવાનની જમણી બાજુ .............. કરવો જોઇએ. (ધૂપ, સાથિયો, દીપક)

૬૮. ............... ગતિમાં રખડવાનું બંધ કરવા સાથિયો કરવો જોઇએ. (ત્રણ, ચાર, પાંચ)

૬૯. ભગવાનની.................... બાજુ ધૂપ કરવા જોઇએ. (સામેની, ડાબી, જમણી)

૭૦. ............... મેળવવા ત્રણ ઢગલીઓ કરવાની છે. (તત્ત્વત્રયી, રત્નત્રયી, ત્રિપદી)

૭૧. દેરાસરમાં ............... ચોખા લઇ જવા જોઇએ. (જાડા, તૂટેલા, અખંડ)

૭૨. ધૂપપૂજા ગભારાની .............. ઊભા રહીને કરવી જોઇએ. (અંદર, પાછળ, બહાર)

૭૩. નારી દર્શન ................ નારી દર્શને દસ પીડ. (સુખ સંપદા, દુઃખ આપદા, આનંદ પ્રાપદા)

૭૪. પરમાત્માના દર્શનથી અત્યંત .................. પેદા થાય છે. (ઉપાધિઓ, મુશ્કેલીઓ, આનંદ)

૭૫. સ્નાન કર્યા વિના માત્ર જરૂરી શરીરશુદ્ધિ કરીને દર્શન કરવા જઇએ ત્યારે ..........પૂજા ન થઇ શકે. (અંગ, અગ્ર, ભાવ)

૭૬. ચૈત્યવંદન કરતી વખતે મનમાં ............ વિચારવા જોઇએ. (ભગવાનના ગુણો, દેરાસરની વિશિષ્ટતાઓ, બોલાતાં સૂત્રોના અર્થ)

૭૭. સૌથી ઉપર ચોખાથી .................. કરવી જોઇએ.
(ત્રણ ઢગલી, સિદ્ધશિલા, ડિઝાઇન)

૭૮. સાથિયા ઉપર .............. મુકાય. (પૈસા, વાટવો, નૈવેદ્ય)

૭૯. દર્શન કરવા જઇએ ત્યારે ઘરેથી નૈવેદ્ય-ફળ વગેરે લઇ જવા................ (ન જોઇએ, જોઇએ)

૮૦. ચૈત્યવંદન કરતી વખતે નજર .................... તરફ હોવી જોઇએ. (કોતરણી, ઘુમ્મટના ચિત્રો, ભગવાન)

૮૧. ........મેળવવા સિદ્ધશિલા કરવાની છે. (ધન, સત્તા, મોક્ષ)

૮૨. ફળો ............... ઉપર મૂકવા જોઇએ.
(વચલી ઢગલી, સિદ્ધશિલા, આજુબાજુની ઢગલી)

૮૩. ખમાસમણ દેતી વખતે નીચે ............... કરવી જોઇએ.
(સ્વચ્છતા, દૃષ્ટિ, પ્રમાર્જના)

૮૪. મોટા દેરાસરમાં ભગવાનથી ઓછામાં ઓછા ................ હાથ દૂર રહીને દર્શન કરવા જોઇએ. (૧, ૩, ૯)

૮૫. વધુમાં વધુ ................. હાથ ભગવાનથી દૂર રહીને દર્શન કરી શકાય. (૫૦, ૬૦, ૧૦૦)

૮૬. દર્શન કરવા જતી વખતે પુરુષોએ અવશ્ય ............... ધારણ કરવો જોઇએ. (ગુસ્સો, રૂમાલ, ખેશ)

૮૭. દેરાસરમાં જે ભગવાનના દર્શન કરીએ છીએ તે ............. નિક્ષેપાના ભગવાન કહેવાય. (ભાવ, નામ, સ્થાપના)

૮૮. સંપ્રતિ મહારાજાએ .............. દેરાસરો બનાવ્યા હતા.
(સવા કરોડ, સવા લાખ, સવા અબજ)

૮૯. સંપ્રતિ મહારાજાએ .................. જિનપ્રતિમાઓ બનાવી.
(સવા કરોડ, સવાલાખ, સવા અબજ)

૯૦. ...............ની ભાવના સોનાના જિનાલયો બનાવવાની હતી. (લુણીંગ, નૃપસિંહ, કુમારપાળ)

૯૧. હું દેરાસરે જઇશ ત્યારે ........................
(ખાલી હાથે જઇશ, નૈવેદ્ય-ફળ વગેરે સામગ્રી લઇને જઇશ, શાક લાવવા સાથે થેલી લઇને જઇશ)

૯૨. હું દેરાસરમાં પ્રવેશ કર્યા પછી ......................
(બહેનપણીની સાથે વાત કરીશ, શાકના ભાવ પૂછીશ, સંસાર સંબંધિ કોઇપણ વાત નહિ કરું)

૯૩. હું દેરાસરમાં ........................
(ભગવાન સામે જોઇશ, છોકરીઓ સામે જોઇશ, સંગીતકાર સામે જોઇશ)

૯૪. સ્તુતિઓ – સ્તવનો બોલતી વખતે હું....................
(જોરથી ગાઇશ, બરાડા પાડીશ, બીજાને અંતરાય નહિ કરું)

૯૫. ધૂપની જેમ હું પણ ......................... (સળગી જઇશ, એક દિવસ નાશ પામીશ, સર્વત્ર સદાચારની સુવાસ ફેલાવીશ)

૯૬. સંપ્રતિરાજાની જેમ હું પણ ..........................
(રાજા બનીશ, દેરાસર બનાવીશ, સાધુ તો નહિ જ બનું)

૯૭. હું ચોખાનો સાથીયો કરીશ કારણ કે .....................
(મમ્મીએ મને તેમ શીખવ્યું છે, બધા ચોખાનો સાથીયો કરે છે, ચોખાની જેમ મારે ફરી સંસારમાં ઉગવું (જન્મવું ) નથી.

૯૮. મરતી વખતે લુણીંગની આંખમાં આંસુ હતા કારણ કે.......
(તેને મરવું નહોતું, તેને મમ્મી યાદ આવી હતી, દેરાસર બંધાવવાની તેની ભાવના પૂરી થઇ નહોતી.)

૯૯. દેરાસર ઉપરની ધજામાં...........(લાલ રંગ હોય છે, લીલો રંગ હોય છે, કેસરી રંગ હોય છે.)

૧૦૦. દેરાસરમાં રહેલા ભગવાનના દર્શન............. (એકવાર જ કરાય, ત્રણવાર જ કરાય, ગમે તેટેલી વાર કરી શકાય.)

## પેપર-૨ ''પૂજા કરીએ ભાવધરી''

૧. ભગવાનની રોજ ................ પૂજા કરવી જોઇએ. (સવારે, ત્રિકાળ, સાંજે)

૨. ભગવાનની ................ પ્રકારી પૂજા રોજ કરવી જોઇએ. (અષ્ટ, પંચ, દસ)

૩. પ્રભુના અંગને દ્રવ્યો અડે, તે રીતે જે પૂજા કરવાની હોય તે .............. પૂજા કહેવાય. (દ્રવ્ય, અંગ, ભાવ)

૪. ભગવાનની સામે ઊભા રહીને જે પૂજા કરાય તે ................ કહેવાય છે. (દ્રવ્યપૂજા, અંગપૂજા, અગ્રપૂજા)

૫. ભગવાનની અંગપૂજા .............. સમયે કરવી જોઇએ. (સવારના, મધ્યાહ્ન, સાંજના)

૬. રોજ સવારે અને સાંજે ................ કરવી જોઇએ. (અંગપૂજા, અગ્રપૂજા, કેશરપૂજા)

૭. પ્રભુના પ્રક્ષાલપૂજાના ન્હવણજળથી ................ રાજાના અનેક રોગો મટી ગયા. (રાવણ, અજ, કૃષ્ણ)

૮. ભગવાનની પૂજા કરવા જઇએ ત્યારે ................. ત્રિક પાળવી જોઇએ. (ત્રણ, સાત, દસ)

૯. ત્રિક એટલે ................. વસ્તુઓનો સમૂહ. (ત્રિકોણ, અવાજ કરતી, ત્રણ-ત્રણ)

૧૦. પૂજા કરવા જતી વખતે .................... પ્રકારની શુદ્ધિઓ સાચવવી જોઇએ. (દસ, સાત, ત્રણ)

૧૧. પ્રથમ શુદ્ધિ .........છે. (વસ્ત્રશુદ્ધિ, અંગશુદ્ધિ, આચાર શુદ્ધિ)

૧૨. બીજી શુદ્ધિ ....... છે. (વસ્ત્રશુદ્ધિ, અંગશુદ્ધિ, આચારશુદ્ધિ)

૧૩. અંગપૂજા કરતી વખતે પુરુષોએ .................... વસ્ત્રોથી વધારે ન વપરાય. (ત્રણ, બે, ચાર)

૧૪. અંગપૂજા કરતી વખતે સ્ત્રીઓએ .................. વસ્ત્રો

વાપરવાનું વિધાન છે. (ત્રણ, બે, ચાર)

૧૫. પ્રભુના ન્હવણજળના પ્રભાવે .............. શેઠની ચોરાયેલી વસ્તુ પાછી આવી. (કયવન્ના, સુભટપાલ, ધવલ)

૧૬. પૂજા કરતી વખતે ................. પડવાળો મુખકોશ બાંધવો જોઇએ. (બે, ચાર, આઠ)

૧૭. પુરુષોએ મુખકોશ બાંધવા ............. નો ઉપયોગ ન કરવો જોઇએ. (રૂમાલ, ખેશ)

૧૮. ............ પૂર્વક સ્નાન કરવું તે અંગશુદ્ધિ કહેવાય. (ઇચ્છા, ઉલ્લાસ, વિવેક)

૧૯. પ્રભુના ન્હવણજળના પ્રભાવે ............ ના આખા કુટુંબનું દારિદ્રય ચાલ્યું ગયું. (પેથડશાહ, મેઘાશાહ, જગડુશાહ)

૨૦. અન્ય અશુભ વિચારો ત્યાગી, પ્રભુ ધ્યાનમાં ચિત્ત પરોવવું તે ............... છે. (જીવનશુદ્ધિ, મનઃશુદ્ધિ, આત્મશુદ્ધિ)

૨૧. દ્રવ્યો વડે જે પૂજા કરાય તે ................ કહેવાય. (ભાવપૂજા, જિનપૂજા, દ્રવ્યપૂજા)

૨૨. પ્રભુના ન્હવણજળના પ્રભાવે ................ ની જરા દૂર થઇ. (શ્રીકૃષ્ણ, યાદવો, પાંડવો)

૨૩. હૃદયના ઉત્તમભાવો વડે જે પૂજા કરાય તે .............. કહેવાય. (જિનપૂજા, દ્રવ્યપૂજા, ભાવપૂજા)

૨૪. પ્રભુપૂજા માટેની પાંચમી શુદ્ધિ .................. છે. (મનશુદ્ધિ, તનશુદ્ધિ, પૂજોપકરણશુદ્ધિ)

૨૫. દ્રવ્યપૂજા ................. પ્રકારની છે. (એક, બે, ત્રણ)

૨૬. ચોથા નંબરની શુદ્ધિ .................. છે. (મનઃશુદ્ધિ, ભૂમિશુદ્ધિ, વિધિશુદ્ધિ)

૨૭. સ્નાન કરવા ...................... પાણી વાપરવું. (ગાળેલું, અળગણ, જીવાતોવાળું)

૨૮. ઉતાવળ કે ધમાધમ નહિ કરતાં શાસ્ત્રાનુસારી શુદ્ધ વિધિપૂર્વક પૂજા કરવી તે ........ શુદ્ધિ કહેવાય. (શાસ્ત્ર, પૂજા, વિધિ)

૨૯. પૂજા કરતી વખતે પુરુષો ............ વાપરી શકે નહિ.
(ધોતિયું, ખેશ, અંડરવેર)

૩૦. મનઃશુદ્ધિ તે ................. નંબરની શુદ્ધિ છે.
(ત્રીજા, ચોથા, સાતમા)

૩૧. ............... નો ત્યાગ કરવા નૈવેદ્યપૂજા કરવાની છે.
(ભોજન, આહારસંજ્ઞા, મીઠાઇ)

૩૨. ................ દિશા સન્મુખ ઊભા રહીને પૂજાના વસ્ત્રો પહેરવા જોઇએ. (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર)

૩૩. પૂજા માટેનું દ્રવ્ય .................. થી ઉપાર્જન કરેલું હોવું જોઇએ. (ધંધા, નોકરી, ન્યાય)

૩૪. પૂજાના વસ્ત્રોમાં ................. ન કરી શકાય.
(પૂજા, સામાયિક, ચૈત્યવંદન)

૩૫. પૂજા કરવા દેરાસરે ................. પૂર્વક જવું જોઇએ.
(સાદગી, જ્ઞાન, આડંબર)

૩૬. દેરાસરમાં જતા ................ વસ્તુનો ત્યાગ કરવો જોઇએ.
(સચિત, અચિત, બધી)

૩૭. દેરાસરમાં જતાં શ્રાવક પાસે ............ તો હોવું જ જોઇએ.
(જ્ઞાન, કેશર, ઉત્તરાસન)

૩૮. ''ભગવાનની આજ્ઞા મસ્તકે ચઢાવું છું" તેવું સૂચવવા .............. કરવું જોઇએ. (પૂજન, તિલક, ઔચિત્ય)

૩૯. અંગપૂજાને ................ પણ કહેવાય છે.
(વિઘ્નોપશામિની, નિવૃત્તિકારિણી, અભ્યુદયકારિણી)

૪૦. તિલકના પ્રભાવે .............. લાખ અગ્રવાલોએ જૈન ધર્મ સ્વીકાર્યો. (પાંચ, અઢી, સાડાત્રણ)

૪૧. તિલક ભૂંસવવાના પ્રયત્નો ............... રાજાએ કરાવ્યા હતા. (નંદ, અજયપાળ, કોણિક)

૪૨. બહેનોએ .................. ના પ્રતીક સમાન ગોળ તિલક કરવું જોઇએ. (બંગડી, સંસારભ્રમણ, સમર્પણ)

૪૩. તિલકની રક્ષા .................. મંત્રીએ કરી હતી.
(વાગ્ભટ્ટ, કપર્દી, શકટાલ)

૪૪. તિલક .......નું પ્રતીક છે. (જૈનત્વ, મનુષ્યત્વ, સાધુત્વ)

૪૫. ભાઇઓએ ....... ના પ્રતીક સમું દીપકની શિખા, બદામ વગેરે જેવું ઉર્ધ્વગતિને સૂચવતું તિલક કરવું જોઇએ.
(સમર્પણ, શ્રદ્ધા, શૌર્ય)

૪૬. મેરુપર્વત પર પરમાત્માનો ................ કળશોનો અભિષેક દેવો કરે છે. (૧,૬૪,૦૦,૦૦૦, ૧,૬૦,૦૦,૦૦૦, ૧,૫૦,૦૦,૦૦૦)

૪૭. અગ્રપૂજા ................. કહેવાય છે.
(વિઘ્નોપશામિની, નિવૃત્તિકારિણી, અભ્યુદયકારિણી)

૪૮. ભાવપૂજા ............... કહેવાય છે.
(વિઘ્નોપશામિની, નિવૃત્તિકારિણી, અભ્યુદયકારિણી)

૪૯. પરમાત્માનો અભિષેક ................ થી કરવામાં આવે છે.
(દહીં, ઘી, પંચામૃત)

૫૦. પરમાત્માનો અભિષેક ................. થી શરૂ કરવો.
(અંગૂઠા, નાભી, મસ્તક)

૫૧. વિષય-કષાયની આગને ઓલવવા માટે ................ પૂજા કરવાની છે. (ધૂપ, ચંદન, દીપક)

૫૨. ભગવાનને ................ અંગે પૂજા કરવાની છે.
(૧૩, ૯, ૧)

૫૩. ભગવાનને ......... તિલક કરવાના છે. (૧૩, ૯, ૧)

૫૪. ભગવાનના ચરણના અંગૂઠે પૂજા ................. ગુણ મેળવવા કરવાની છે. (પરોપકાર, સરળતા, વિનય)

૫૫. ભગવાન ............ ના તિલક સમાન છે.
(દેરાસર, ગામ, ત્રિભુવન)

૫૬. ભગવાનના જમણા પગના અંગૂઠે વારંવાર તિલક કરવાની વિધિ .............. (છે, નથી)

૫૭. પરમાત્માની પૂજા ................ આંગળીથી કરવી જોઇએ. (તર્જની, કનિષ્ઠા, અનામિકા)

૫૮. ................ માં રહેલા ગૌતમસ્વામીની પૂજા કર્યા પછી તે જ કેશરથી ભગવાનની પૂજા ન થઇ શકે. (ગુરુઅવસ્થા, સિદ્ધાવસ્થા, ભગવાન અવસ્થા)

૫૯. ભગવાને .............. ના બળે રાગ અને દ્વેષને બાળી નાંખ્યા છે. (દેવો, કર્મો, ઉપશમ)

૬૦. પૂજા કરતી વખતે ભગવાનને .............. નો સ્પર્શ ન થવો જોઇએ. (ફૂલો, ચંદન, નખ)

૬૧. ભગવાન નવ ......... ના ઉપદેશક છે. (રત્નો, તત્ત્વો, યંત્રો)

૬૨. .................. પૂજા ન કરાય. (અંગૂઠે, હથેળીમાં, લલાટે)

૬૩. ભગવાનની પૂજા કરવાથી ................ વર્ષના ઉપવાસનું ફળ મળે છે. (૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦)

૬૪. પુષ્પપૂજા કરતાં કરતાં .............. કેવળજ્ઞાન પામ્યા. (ઇલાચીકુમાર, કોથળીયા શેઠ, નાગકેતુ)

૬૫. અક્ષતપૂજાના પ્રભાવે ............. બીજા ભવે રાજા-રાણી બન્યા. (મોર-ઢેલ, પોપટ-પોપટી, વાંદરો-વાંદરી)

૬૬. દેવ-દેવીને કપાળે .................. થી તિલક કરવું. (અનામિકા, અંગૂઠા, તર્જની)

૬૭. ................... મુદ્રામાં બે હાથ છીપલાની જેમ પોલાણવાળા રાખવા. (યોગ, મુક્તાસુક્તિ, જિન)

૬૮. ભગવાનની પુષ્પપૂજા કર્યા પછી ................. ધરવા રૂપ વસ્ત્ર પૂજા પણ કરવી. (સાડી, અંગલૂછણા, રૂમાલ)

૬૯. અષ્ટમંગલની પાટલી .................. માટે હોતી નથી. (પૂજા કરવા, સ્થાપવા, ધરવા)

૭૦. સ્તુતિ બોલતી વખતે બે હાથ .................. મુદ્રામાં રાખવા.
(યોગ, મુક્તાસુક્તિ, જિન)

૭૧. ચૈત્યવંદન કરતી વખતે વચનથી .................. બોલાવા જોઇએ. (મિત્રોને, સુત્રો, બાળકોને)

૭૨. પ્રભુની પૂજા માટે .................. ફૂલો જોઇએ.
(શોભા માટેના, સુગંધી, કાગળના)

૭૩. ચૈત્યવંદન કરતી વખતે .................. દિશામાં જોવાનો ત્યાગ કરવો જોઇએ. (ત્રણ, ભગવાનની, સામેની)

૭૪. પુષ્પપૂજા કરતી વખતે પુષ્પની સુગંધ અને સૌંદર્યની જેમ આપણે સદાચારની સુગંધ અને .................... ના સૌંદર્યને ઇચ્છવાનું છે. (શરીર, સુકૃત, વાળ)

૭૫. પ્રભુનો પ્રક્ષાલ કરવાથી .................. રાજાનો કોઢ મટી ગયો હતો. (પ્રલ્હાદન, શ્રેણીક, કૃષ્ણ)

૭૬. ....,............. ને કાબૂમાં લેવા સૂત્રોના અર્થનું ચિંતન કરવું જોઇએ. (વચન, કાયા, મન)

૭૭. ધૂપપૂજાની ધૂપઘટાઓ ચાલું રહે ત્યાં સુધી અવિચલિત રીતે કાઉસ્સગ્ગ કરનાર વિનયંધરને દેવોએ ............... મણિ ભેટ આપ્યો. (જલકાન્ત, પારસ, વિષહર)

૭૮. પરમાત્માની ...... અવસ્થાઓનું ચિંતન કરવું જોઇએ. (૧, ૨, ૩)

૭૯. કેવળજ્ઞાન પામ્યા પહેલાની ભગવાનની અવસ્થાને ........... અવસ્થા કહેવાય છે. (પદસ્થ, રૂપાતીત, પિંડસ્થ)

૮૦. પ્રણિધાન સૂત્રો ................ મુદ્રામાં બોલવાના હોય છે.
(યોગ, મુક્તાસુક્તિ, જિન)

**નીચેના વાક્યોની સામે "ઉચિત" કે "અનુચિત", જે યોગ્ય હોય તે લખો.**

૮૧. શ્યામે સોયથી વીંધીને ફૂલોનો હાર બનાવી પુષ્પપૂજા કરી.

૮૨. મયંકે પદ્માવતીદેવીની નવ અંગે પૂજા કરી.

૮૩. જનકે પ્રક્ષાલ કરતાં ભગવાનને કળશ ન અડે તેની કાળજી રાખી.

૮૪. રાકેશે પૂજા કરતી વખતે પોતાના શરીરને એક હાથે ખંજવાળવાનું ચાલું રાખ્યું.

૮૫. મહેશે આઠ પડ વાળેલો રૂમાલ મુખે બાંધીને પૂજા કરી.

૮૬. મયણાબહેન ભગવાન દેખાતાં જ બે હાથ ઊંચા કરી, કપાળે લગાડીને નમો જિણાણં બોલ્યાં.

૮૭. ચિંતને સર્વીસ કરવા જતી વખતે પોતાના કપાળે કરેલું તિલક ભૂંસી દીધું.

૮૮. જયણાબહેને માળી પાસે ફૂલ ખરીદતાં પહેલાં તે ફૂલો એમ.સી. વાળી સ્ત્રી દ્વારા તો લેવાયેલા નથી ને ? તેની ખાતરી કરી.

૮૯. ચિત્રાએ ભગવાનના નાક પાસે ધૂપ લઇ જઇને ધૂપપૂજા કરી.

૯૦. કિંચિતે દર્પણ પૂજા કરતી વખતે દર્પણમાં પોતાનું મુખ જોવાના બદલે ભગવાનનું મુખ જોયું.

૯૧. હર્ષે સિદ્ધચક્રજીની પૂજા કર્યા પછી ભગવાનની તેજ કેશરથી પૂજા કરી.

૯૨. શ્વેતાએ આઠમના ચંદ્ર જેવી સિદ્ધશિલા કરી, તેની ઉપર ગોળ ટપકું કરવાના બદલે ચોખાની સીધી લીટી કરી.

૯૩. કમલે ભગવાનની પૂજા કરીને બહાર નીકળતાં કપાળે બદામ આકારનું તિલક કર્યું.

૯૪. સ્વીટુએ દેરાસરમાં ધૂપધાણામાં સળગતી ધૂપ હોવા છતાં, દેરાસરની બીજી ધૂપ પ્રગટાવી.

૯૫. ભગવાનના દર્શન થતાં જ સેજલ બે હાથ જોડીને નિસીહિ બોલી.

૯૬. ભાવિએ ભગવાનની ઉપર જોરજોરથી વાળાકુંચી ઘસી.

૯૭. નીરવે ખેશનો આઠ પડવાળો મુખકોશ પોતાનું મોઢું તથા નાક બંને ઢંકાય તે રીતે બાંધ્યો.

૯૮. સેજલે માથુ ઓઢ્યા વિના ભગવાનની પૂજા કરી.

૯૯. મયંક લુંગી પહેરીને ભગવાનના દર્શન કરવા ગયો.

૧૦૦. પ્રભુ દર્શન ન થતાં ઋષભે ચોવિહાર ઉપવાસ કર્યો.

## પેપર-૩ સામાયિક કરીએ સાચું સાચું

૧. સામાયિક ......ઘડીનું કરવાનું હોય છે. (ચાર, બે, એક)

૨. સામાયિકમાં શ્રાવક ................ જેવો ગણાય છે.
(જૈન, ભગવાન, સાધુ)

૩. સામાયિક ........ કરી શકાય. (સવારે, સાંજે, ગમે ત્યારે)

૪. દિવસમાં વધુમાં વધુ ................ સામાયિક કરી શકાય.
(ત્રણ, એક, ગમે તેટલા)

૫. એક સામાયિક ......... મિનિટનું હોય છે. (૫૦, ૪૮, ૬૦)

૬. સામાયિકનો સમ એટલે ................
(સમાનતા, સોગંદ, સમતા)

૭. આય એટલે ................ (ટેક્ષ, લાભ, તમે)

૮. સામાયિક ........... ક્રિયા છે. (સામાજિક, શારીરિક, ધાર્મિક)

૯. સામાયિક ................ કરી શકે. (પુરુષ, સ્ત્રી, બધા)

૧૦. સામાયિક .................. કરી શકે. (નાના, મોટા, બધા)

૧૧. ધાર્મિક ક્રિયા કરવાના સાધનને ................ કહેવાય.
(અધિકરણ, ઉપકરણ, અંતઃકરણ)

૧૨. સામાયિકથી .......ની પ્રાપ્તિ થાય છે. (પૈસા, સમતા, પુણ્ય)

૧૩. સામાયિકનું પરંપરાએ ફળ ................ છે.
(સદ્‌ગતિ, મોક્ષ, સમૃદ્ધિ)

૧૪. પાર્યા વિના સળંગ ..........સામાયિક થઇ શકે. (૧, ૩, ૫)

૧૫. મોક્ષ પામવામાં જે ઉપકાર કરે તે .................. કહેવાય.
(સહાયક, અધિકરણ, ઉપકરણ)

૧૬. ................. વિના તો સામાયિક ન જ થાય.
(કટાસણાં, ચરવળા, નવકારવાળી)

૧૭. સામાયિકમાં બેસવા માટે જે ગરમ પાથરણું વપરાય છે તે ............. કહેવાય. (આસન, બેઠક, કટાસણું)

૧૮. સામાયિકમાં મોઢા આગળ રાખવાના કપડાને ............ કહેવાય. (રૂમાલ, સફેદ વસ્ત્ર, મુહપત્તિ)

૧૯. સામાયિક .........દોષ વિનાનું કરવું જોઇએ. (૧૯, ૧૮, ૩૨)

૨૦. સામાયિક કરવાથી ડોસીમા મરીને ................ થઇ. (દેવી, રાજકુમારી, શેઠાણી)

૨૧. સામાયિક પ્રત્યે તિરસ્કાર કરવાથી શેઠ મરીને ................ થયા. (નારક, ઘોડો, હાથી)

૨૨. કટાસણું ............... હાથ લાબું-પહોળું હોવું જોઇએ. (બે, ત્રણ, સવા)

૨૩. ................. નું સામાયિક વખણાય છે. (અભયકુમાર, શ્રેણિક, પુણીયા)

૨૪. કટાસણું ..........નું બનેલું હોય છે. (સૂતર, ઉન, રેશમ)

૨૫. ચરવળો કુલ .......આંગળનો હોવો જોઇએ. (૨૪, ૩૨, ૩૦)

૨૬. મુહપત્તિ ...........આંગળ લાંબી-પહોળી હોવી જોઇએ. (ચાર, સોળ, વીસ)

૨૭. સામાયિકમાં ................... વસ્ત્રો જોઇએ. (અશુદ્ધ, શુદ્ધ)

૨૮. સામાયિકમાં પૂંજવા – પ્રમાર્જવા માટે .................. ઉપયોગ કરાય છે. (કટાસણાનો, મુહપત્તિનો, ચરવળાનો)

૨૯. સામાયિકમાં પુરુષોને ................. વસ્ત્રો જોઇએ. (સીવેલા, સીવ્યા વિનાના, સાંધેલા)

૩૦. ચરવળાની દસી .........આંગળની જોઇએ. (દસ, છ, આઠ)

૩૧. ઘડી કરેલી મુહપત્તિ ...........આંગળ લાંબી હોવી જોઇએ. (બે, આઠ, દસ)

૩૨. સામાયિક ખાસ કરીને .................... ની હાજરીમાં કરવું જોઇએ. (ભગવાન, ગુરુ મહારાજ, માતા-પિતા)

૩૩. સ્થાપના સ્થાપવાનું સૂત્ર ................ છે. (ઇચ્છકાર, અબ્ભુટ્ઠિયો, પંચિંદિય)

૩૪. ઘડી કરેલી મુહપત્તિ .........આંગળ પહોળી હોવી જોઇએ.
(આઠ, છ, ચાર)

૩૫. ગુરુ ભગવંતની ગેરહાજરીમાં ................ ની સામે સામાયિક કરવું જોઇએ. (ભગવાન, સ્થાપનાચાર્યજી, પંડિતજી)

૩૬. ચરવાળાની દાંડી..................... આંગળ લાંબી હોવી જોઇએ. (૨૦, ૨૪, ૩૦)

૩૭. સ્થાપનાચાર્યજી એટલે ................... ની સ્થાપના.
( ભગવાન, સાધુ મહારાજ, આચાર્ય ભગવંત)

૩૮. જ્ઞાન, ધ્યાન, તપ, વગેરે સર્વ સાધનો ......ભાવના સહારે શોભે છે. (સ્નેહ, સમતા, પ્રેમ)

૩૯. સામાયિક એટલે સર્વ જીવ...................... પરિણામ.
(સુંદર, શુભ, મધુર)

૪૦. રોજ એક..................... ખાંડી સોનાનું દાન કરવા કરતાંય એક સામાયિકનું સામર્થ્ય વધી જાય છે.
(હજાર, લાખ, અબજ)

૪૧. જૈન શાસનમાં સામાયિકને જુદા જુદા.................... નામોથી જણાવેલ છે. ( ચાર, આઠ, દસ)

૪૨. સાધુ ભગવંતોને.................. નું સામાયિક હોય છે.
(બે ઘડી, આખા દિવસ, આખી જિંદગી)

૪૩. સમયિક સામાયિક માટે ......... નું દૃષ્ટાંત આવે છે.
( મેતારજમુનિ, ધર્મરુચિ અણગાર, ઇલાચી કુમાર)

૪૪. રાગદ્વેષની સળગતી હોળીમાંથી બહાર નીકળી સમભાવની નાવમાં બેસાડી સંસાર પાર કરાવે તે ........ સામાયિક.
(અનવદ્ય, સમવાદ, સમભાવ)

૪૫. પાપ વ્યાપારોના ત્યાગ રૂપ સામાયિક તે ..........સામાયિક.
(અનવદ્ય, સમભાવ, પ્રત્યાખ્યાન)

૪૬. સામાયિકમાં ......................પૂર્વક પાપ વ્યાપારોનો ત્યાગ કરવાનો હોય છે. (ઇચ્છા, ભાવના, પ્રતિજ્ઞા)

૪૭. શાસ્ત્રોમાં સામાયિક................ પ્રકારના જણાવ્યા છે.
(એક, ચાર, આઠ)

૪૮. સર્વજીવો પ્રત્યે કરુણાભાવ રાખવો તે ..................
સામાયિક છે. ( સમભાવ, સમયિક, સમવાદ)

૪૯. જેટલો સમય ભણે, વ્યાખ્યાન સાંભળે કે સ્વાધ્યાય કરે
તે.................. સામાયિક છે. (સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ)

૫૦. ચિલાતીપુત્ર .................... સામાયિકનું સુંદર દૃષ્ટાંત છે.
(પ્રત્યાખ્યાન, સમાસ, સમયિક)

૫૧. રાગદ્વેષને છોડી સત્યવચન જ ઉચ્ચારવું તે ..................
સામાયિક છે. (સમભાવ, સમવાદ, સમયિક)

૫૨. ઇલાચીકુમારનું દૃષ્ટાંત .................... સામાયિકને
જણાવવા માટે છે. (સમવાદ, સમયિક, પરિજ્ઞા)

૫૩. થોડાં શબ્દોમાં દ્વાદશાંગીના ઘણા ભાવને તરત ગ્રહણ કરી
લેવા તે.......... સામાયિક. (પરિજ્ઞા, અનવદ્ય, સંક્ષેપ )

૫૪. તેતલીપુત્રનું દૃષ્ટાંત ................. સામાયિકને જણાવે છે.
(પરિજ્ઞા, પ્રત્યાખ્યાન, અનવદ્ય)

૫૫. સમભાવ સામાયિકના ભાવને પુષ્ટ કરવા.........નું દૃષ્ટાંત
પ્રચલિત છે. (ધર્મ રૂચિ અણગાર, દમદંત મુનિ, મેતારજ મુનિ)

૫૬. સુદેવ – સગુરુ – સુધર્મ ઉપર નિશ્ચલ શ્રદ્ધા તે..............
સામાયિક છે. (સમ્યક્ત્વ, સર્વવિરતિ, દેશવિરતિ)

૫૭. સાધુ ભગવંતોને.................... સામાયિક હોય છે.
(સમ્યક્ત્વ, સર્વવિરતિ, દેશવિરતિ)

૫૮. સમવાદ સામાયિકને જણાવવા.......................નું દૃષ્ટાંત
અપાય છે. (ઇલાચી કુમાર, મેતારજ મુનિ, કાલકાચાર્ય)

૫૯. .................. સામાયિક વિનાના બાકીના સામાયિકની
ખાસ કિંમત નથી. (શ્રુત, સમ્યક્ત્વ, દેશવિરતિ)

૬૦. બે ઘડીનું જે સામાયિક કરાય છે, તે ........................
સામાયિક કહેવાય (સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિ)

૬૧. થોડા જ શબ્દોમાં તત્ત્વના સમસ્ત સારને પચાવવાની તાકાત ....... સામાયિકની દેનગી છે. (સમાસ, પરિજ્ઞા, અનવધ)

૬૨. સામાયિકમાં .................. વિના બોલાય નહિ. (ચરવળા, કટાસણા, મુહપત્તિ)

૬૩. સામાયિકમાં ...........યોગનો ત્યાગ કરવાનો હોય છે. (ત્રણ, ચાર, સાવધ)

૬૪. વસ્તુતત્વનું સાચું જ્ઞાન થવું તે ................. સામાયિક. (પ્રત્યાખ્યાન, પરિજ્ઞા, બોધ)

૬૫. શ્રાવકને સામાયિકમાં પાપનું .................. તો ચાલું હોય છે. (કરવાનું, કરાવવાનું, અનુમોદન)

૬૬. સામાયિકમાં શ્રાવક .................. જેવો ગણાય છે. (ભગવાન, સાધુ, ઉપદેશક)

૬૭. સામાયિક ..................... કરવું જોઇએ. (એક વાર, ત્રણ વાર, વારંવાર)

૬૮. ધર્મરુચિ અણગારનું દૃષ્ટાંત .................. સામાયિક માટે આવે છે. (સમભાવ, સમયિક, અનવધ)

૬૯. સાધુઓને .................. કોટિ પચ્ચક્ખાણવાળું સામાયિક હોય છે. (ત્રિ. છ, નવ)

૭૦. શ્રાવકોને .................. કોટિ પચ્ચક્ખાણવાળું સામાયિક હોય છે. (ત્રિ, છ, નવ)

૭૧. સામાયિક વ્રતથી ચુક્ત આત્મા પળે પળે ................ કર્મોનો નાશ કરે છે. (શુભ, પુણ્ય, અશુભ)

૭૨. સામાયિક એટલે બે ઘડી માટે સર્વ જીવોને .........દાન. (સુપાત્ર, અભય, પુણ્ય)

૭૩. એક સામાયિકનું સામાન્યથી ફળ ...........પલ્યોપમ દેવલોકની શાતા છે. (૬૨૫૬૨૫૬૨૫, ૯૨૫૯૨૫૯૨૫, ૯૨૫૬૨૫૯૨૫)

૭૪. ભાઇઓએ .................. દાંડીવાળો ચરવળો ન વપરાય. (ગોળ, ચોરસ, બંને)

૭૫. બહેનોએ ................ દાંડીવાળો ચરવળો વાપરવો જોઇએ
(ગોળ, ચોરસ, બંને)

૭૬. ચરવળાની દાંડીની ઉપર .................. હોય છે.
(મેરૂ, શત્રુંજય, અષ્ટાપદ)

૭૭. 'બેસણે સંદિસાઉં' વગેરે બે આદેશ જણાવે છે કે સામાયિક લેવાની ક્રિયા .................. કરવાની છે.
(બેઠાં-બેઠાં, ઊભા-ઊભા, આસપાસ જોતાં)

૭૮. સામાયિક .................... વ્રત છે. (અણુ, ગુણ, શિક્ષા)

૭૯. સામાયિકમાં મનના ................ દોષો ન લાગવા જોઇએ.
(૧૦, ૧૨, ૩૨)

૮૦. છેલ્લા છ બોલનું પડિલેહણ કરવા .................. ની જરૂર પડે છે. (કટાસણાં, ચરવળા, મુહપત્તિ)

૮૧. માત્ર દિવસના પૌષધના .................. સામયિક ગણાય છે. (૧૨, ૧૫, ૩૦)

૮૨. માત્ર પડિલેહણ કરવાથી ................ ની શુદ્ધિ થાય છે. (આત્મા, ઉપકરણો, જીવન)

૮૩. પડિલેહણ કરતી વખતે ભાવપૂર્વક બોલ બોલવાથી .............. શુદ્ધિ થાય છે. (બાહ્ય, ઉપકરણોની, આંતર)

૮૪. નરક નિવારવા મહાવીર ભગવાને ..............ને એક સામાયિક ખરીદી લાવવા જણાવ્યું. (કોણિક, શ્રેણિક, પુણિયા)

૮૫. સામાયિક એ શ્રાવકનું ............. નંબરનું વ્રત છે.
(પ્રથમ, બારમા, નવમા)

૮૬. સામાયિકમાં કાયાના ................ દોષો ન લાગવા જોઇએ.
(૧૦, ૧૨, ૩૨)

૮૭. સામાયિક લેતાં પહેલાં ............. વંદન કરવું જોઇએ.
(ચૈત્ય, દેવ, ગુરૂ)

૮૮. અહોરાત્રના પૌષધના .............. સામાયિક ગણાય છે.
(૧૨, ૧૫, ૩૦)

૮૯. સામાયિક લેતી વખતે કુલ .................. બોલથી મુહપત્તિનું પડિલેહણ બહેનોએ કરવાનું હોય છે. (૫૦, ૪૩,૪૦)

૯૦. સામાયિક દરમ્યાન આત્માના હિત સિવાયના વિચારો કરવા તે .............. દોષ કહેવાય. (અવિનય, સંશય, અવિવેક)

૯૧. .........નું દાન કરવાથી ૫૫૦૦ ગર્ભવતી ગાયોને અભયદાન આપવાનું પુણ્ય બંધાય. (કટાસણાં, મુહપત્તિ, ચરવળા)

૯૨. સ્થાપના સ્થાપતી વખતે .................. માટે નવકાર બોલાય છે. (સ્થાપવા, મંગલ, ઉલ્લાસ)

૯૩. માત્ર રાત્રિના પૌષધના .................. સામાયિક ગણાય છે. (૧૨, ૧૫, ૩૦)

૯૪. સામાયિકમાં વચનના ................ દોષો ન લાગવા જોઇએ. (૧૦, ૧૨, ૩૨)

૯૫. સામાયિકમાં સાવદ્ય વચનો બોલીએ તો .................. દોષ લાગે. (સ્વચ્છંદ, કુવચન, નિરપેક્ષ)

૯૬. સામાયિક લેતી વખતે સર્વ જીવો સાથે ક્ષમાપના કરવા રૂપ .... કરાય છે. (કાઉસ્સગ્ગ, ગુરુવંદન, ઇરિયાવહીયા)

૯૭. સામાયિકની પ્રત્યેક મિનિટે આત્મા લગભગ .........કરોડ પલ્યોપમના દેવલોકનું સુખ જમા કરી દે છે. (એક બે, ત્રણ)

૯૮. ગુરુમહારાજના સ્થાપનાચાર્જી હોય ત્યારે સ્થાપના સ્થાપવી જરૂરી ............. ( છે, નથી.)

૯૯. શ્રાવકોને .............. સામાયિક હોતું નથી. (દેશવિરતિ, શ્રુત, સર્વવિરતિ)

૧૦૦ ભગવાન જ્યારે દીક્ષા લે ત્યારે કરેમિભંતે સૂત્રનું............ પદ બોલતા નથી. (વોસિરામિ, ભંતે, પચ્ચક્ખામિ)

## પેપર-૪ "કરું છું પ્રેમે વંદના"

૧. કીડીઓની રક્ષા કરવા ................ કડવી તુંબડીનું શાક આરોગી ગયા.

(મેતારજ મુનિ, ધર્મરુચિ અણગાર, મેઘરથ રાજા)

૨. કૌંચ પક્ષીની રક્ષા કરવા ................... મૌન રહ્યા.

(મેતારજ મુનિ, ધર્મરુચિ અણગાર, મેઘરથ રાજા)

૩. પારેવાને બચાવવા પોતાનું શરીર આપવાની ................. એ તૈયારી બતાડી. (મેતારજ મુનિ, ધર્મરુચિ અણગાર, મેઘરથ રાજા)

૪. કેવળજ્ઞાન પામ્યા પછી પણ ................ છ મહિના માતા-પિતાની સેવા કરી. (મૃગાપુત્રે, કુર્માપુત્રે, ચિલાતીપુત્રે)

૫. પ્રભુ મહાવીરદેવનું નિર્વાણ થતાં ................. બાળકની જેમ રડી પડયા. (સુધર્માસ્વામી, ગૌતમસ્વામી, નંદીવર્ધન)

૬. પ્રભુ મહાવીરદેવના ચોમાસી તપનું પારણું કરાવવાની ................ શેઠ રોજ ભાવના ભાવતા હતા.

(અભિનવ, નગર, જીરણ)

૭. આ અવસર્પિણીકાળમાં પ્રથમ ગણધર ................ થયા.

(ગૌતમસ્વામી, વરદત્તસ્વામી, પુંડરીકસ્વામી)

૮. ........એ દીક્ષા લેવા માટે ૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબીલ કર્યા.

(તામલી, સુંદરી, બ્રાહ્મી)

૯. પાંચમા આરાના અંતે છેલ્લા આચાર્ય ..............થશે.

(ચંદ્રસેનસૂરિજી, યશોભદ્રસૂરિજી, દુપ્પસહસૂરિજી)

૧૦. આ અવસર્પિણીકાળમાં સૌથી છેલ્લે ...........મોક્ષે ગયા.

(સ્થૂલભદ્રજી, ભદ્રબાહુસ્વામી, જંબુસ્વામી)

૧૧. શત્રુંજય પર નંદીશ્વરદ્વીપની ટૂંક .........એ બનાવી છે.

(પ્રેમચંદ મોદી, કર્માશા, ઉજમફોઇ)

૧૨. શ્રેણિક રાજાના પૌત્ર ............... પણ તીર્થંકર બનશે.

(અભય, કોણિક, ઉદયન)

૧૩. શ્રેણિક રાજા આવતી ચોવીસીમાં ............... તીર્થંકર થશે. (છેલ્લા, પહેલા, બારમા)

૧૪. ગૌતમસ્વામી .................. શ્રાવકને મિચ્છા મિ દુક્કડં દેવા ગયા. (કામદેવ, મહાશતક, આનંદ)

૧૫. શ્રેણિકરાજા ..............મુનિના સમાગમથી સમકિત પામ્યા. (શાલિભદ્ર, અનાથી, સિંહ)

૧૬. ................... ૩૨ દોષથી રહિત સામાયિક કરતા હતા. (ધન્નાજી, ડોસીમા, પુણીયોશ્રાવક)

૧૭. પત્નીની ટકોર સાંભળીને ................. એ દીક્ષા લીધી. (ધન્નાજી, શાલિભદ્રજી, જમાલી)

૧૮. બનેવીની ટકોર સાંભળીને .................... એ તરત દીક્ષા લીધી. (ધન્નાજી, શાલિભદ્રજી, જમાલી)

૧૯. નવકારશી વાપરતાં ................ મુનિ કેવળજ્ઞાન પામ્યા. (હરિકેશી, અઇમુત્તા, કુરગડુ)

૨૦. ઇરિયાવહી પડિક્કમતાં ..........મુનિ કેવળજ્ઞાન પામ્યા. (હરિકેશી, અઇમુત્તા, કુરગડુ)

૨૧. પ્રભુ મહાવીરદેવના કાનમાંથી ............... વૈદ્યે ખીલા કાઢ્યા. (જીવક, જીવાનંદ, ખરક)

૨૨. ................. શેઠે પોતાના બે બળદોને પણ શ્રાવક બનાવ્યા. (જિનદત્ત, જિનમત, જિનદાસ)

૨૩. ................ એ ૪૯ મણ કેસરથી ઉપાશ્રય બંધાવ્યો હતો. (પેથડશા, ઝાંઝણશા, દેદાશા)

૨૪. ..................... એ ગુરૂના આગમનના સમાચાર આપનારને હીરાના ૩૨ દાંત તથા સોનાની જીભ ભેટ આપી હતી. (પેથડશા, ઝાંઝણશા, દેદાશા)

૨૫. ..................... એ આખા ગુજરાતને લગાતાર પાંચ દિવસ જમાડ્યું હતું. ( પેથડશા, ઝાંઝણશા, દેદાશા)

૨૬. .................. પારણામાં ઝૂલતાં ઝૂલતાં અગિયાર અંગ ભણી લીધા. (ગૌતમસ્વામીએ, પ્રભુ મહાવીરે, વજસ્વામીએ)

૨૭. .................. ના દર્શનથી ૫૦૦ ચોર સંયમી બન્યા હતા. (અપાઢાભૂતિ, અનાથીમુનિ, કપિલકેવલી)

૨૮. .................... ૧૦ વર્ષની નાની વયમાં આચાર્યપદવી પામ્યા હતા. (બપ્પભટ્ટસૂરિજી, પાદલિપ્તસૂરિજી, ભદ્રબાહુસૂરિજી)

૨૯. .................... ની આચાર્યપદવીમાં રાજાએ એક કરોડ સોનામહોર ખર્ચી હતી.

(બપ્પભટ્ટસૂરિજી, પાદલિપ્તસૂરિજી, ભદ્રબાહુસૂરિજી)

૩૦. .................. રાજા રોજ બત્રીસ પ્રકાશોનો સ્વાધ્યાય કરવા રૂપ દંતમંજન કરીને પછી વાપરતા.

(શ્રેણીક, કૃષ્ણ, કુમારપાળ)

૩૧. સનત્ મુનિએ .................... વર્ષો સુધી ૧૬ રોગોને સહન કર્યા. (૫૦૦, ૭૦૦, ૧૦૦૦)

૩૨. નવ નારદજી ................. ના બળે મોક્ષે જાય છે.

(દીક્ષા, સમકિત, શિયલ)

૩૩. ચામડી ઊતરતી હતી ત્યારે .................. મુનિ સમતારસનું પાન કરવામાં મસ્ત હતા. (ઢંઢણ, ખંધક, મેતારજ)

૩૪. માથે વાધર વીંટળાઇ ત્યારે .................... મુનિ સમતારસનું પાન કરવામાં મસ્ત હતા. (ઢંઢણ, ખંધક, મેતારજ)

૩૫. વાઘણ શરીર ખાતી હતી ત્યારે .................. મુનિ ધ્યાનમાં લીન હતા. (ગજસુકુમાલ, સુકોશલ, ઝાંઝરીયા)

૩૬. માથે ખેરના અંગારા મૂકાયા તો ય .................... મુનિ ધ્યાનમાં લીન રહ્યા. (ગજસુકુમાલ, સુકોશલ, ઝાંઝરીયા)

૩૭. મારાઓ મારતા હતા છતાં .................. મુનિ તો ધ્યાનમાં લીન હતા. (ગજસુકુમાલ, સુકોશલ, ઝાંઝરીયા)

૩૮. પોતાના પાપોનો પશ્ચાત્તાપ કરવાથી ગોશાળો ..................

માં ગયો. (નરક, બારમા દેવલોક, પાંચમા સ્વર્ગ)

૩૯. પાંડવો ............... કરોડની સાથે શત્રુંજય પર મોક્ષે ગયા. (૫, ૧૦, ૨૦)

૪૦. પશુઓના પોકાર સાંભળીને કરુણાથી ................ લગ્ન કર્યા વિના પાછા ફર્યા. (પાર્શ્વકુમાર, નેમીકુમાર, વર્ધમાનકુમાર)

૪૧. ................ એ પોતાના ગુરુણીને કેવળજ્ઞાનની ભેટ ધરી. (ચંદનબાળા, બ્રાહ્મી, મૃગાવતી)

૪૨. પ્રભુ મહાવીરે ................ ને ધર્મલાભ કહેવડાવ્યા. (ચંદનબાળા, યશોદા, સુલસા)

૪૩. પ્રભુ વીરની ................ પાટ સુધી કેવળજ્ઞાની હતા. (૧, ૨, ૫)

૪૪. પ્રભુ વીરની ..................પાટ સુધી ચૌદ પૂર્વધર હતા. (ત્રીજી, સાતમી, દસમી)

૪૫. સ્થૂલભદ્રજીનું નામ .............કાળચક્રો સુધી અમર રહેશે. (૮૪, ૧૬૮, ૪૨)

૪૬. ભગવાનની ................. પાટે જગચ્ચન્દ્રસૂરિજી થયા. (પચાસમી, ચુમ્માલીસમી, પિસ્તાલીસમી)

૪૭. જગચ્ચન્દ્રસૂરિજીએ ................. વર્ષો સુધી આયંબીલનો તપ કરેલ. (સાડા બાર, પંદર, સાડાસત્તર)

૪૮. જગચ્ચન્દ્રસુરિજીથી ................... ગચ્છ પ્રસિદ્ધ થયો. (ખરતર, પાયચંદ, તપા)

૪૯. કર્મગ્રન્થ ભાષ્યના રચયિતા ................... હતા. (જગચ્ચન્દ્રસુરીજી, દેવેન્દ્રસૂરિજી, મુનિસુંદરસૂરિજી)

૫૦. સંતિકરં સૂત્રના રચયિતા ............. છે. (જગચ્ચન્દ્રસૂરિજી, દેવેન્દ્રસૂરિજી, મુનિસુંદરસૂરિજી)

૫૧. ..................... એ કામના ઘરમાં જઇને કામનું ખૂન કરી દીધું. (બપ્પભટ્ટસૂરિજી, માનદેવસૂરિજી, સ્થૂલભદ્રજી)

૫૨. ................. ૧૮ હજાર સાધુઓને વંદન કર્યું.

(સંપ્રતિએ, કુમારપાળે, શ્રીકૃષ્ણે)

૫૩. ................... શ્રાવિકાએ છ માસના ઉપવાસ કર્યા હતા.

(સુલસા, સુંદરી, ચંપા)

૫૪. ................. મુનિરાજે રોજ ૫૦૦ સાધુઓની નિર્દોષ ગોચરી લાવીને ભક્તિ કરી હતી. (નંદીષેણ, બાહુ, ધન્નાજી)

૫૫. ................. મુનિરાજે સાડા બાર હજાર વર્ષ મુનિવરોની ગોચરી-પાણી-પગચંપી આદિ વૈયાવચ્ચ કરી હતી.

(નંદીષેણ, બાહુ, ધન્નાજી)

૫૬. સંભવનાથ ભગવાને .............. રાજા તરીકેના ભવમાં દુકાળમાં સંઘભક્તિથી જિનનામ બાંધ્યું.

(ચક્રાયુદ્ધ, વિમલવાહન, આદિત્યયશા)

૫૭. હુમાયુ બાદશાહના દીવાન .............. નવ લાખ બંદીઓને છોડાવ્યા હતા. (ભેરુમલ શાહે, વિમલશાહે, ભીકમજી શાહે)

૫૮. ગૌતમસ્વામીએ ................ વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કર્યા હતા. (૨૦, ૪૦, ૩૦)

૫૯. ............... સવારે દીક્ષા લઇને સાંજે મોક્ષે ગયા.

(મલ્લિનાથ, ખંધકમુનિ, ગજસુકુમાલ)

૬૦. ................ સવારે દીક્ષા લઇ સાંજે કેવળજ્ઞાન પામ્યા.

(મલ્લિનાથ, ખંધકમુનિ, ગજસુકુમાલ)

૬૧. આ અવસર્પિણીકાળમાં સૌથી પહેલા ................ મોક્ષે ગયા. (ઋષભદેવ, મરુદેવા, ભરત)

૬૨. આ અવસર્પિણીકાળમાં સૌથી પહેલા કેવળજ્ઞાન .............. પામ્યા. (ઋષભદેવ, મરુદેવા, ભરત)

૬૩. કુમારપાળ રાજા પોતે બનાવેલા ................ જિનાલયોની ચૈત્યપરિપાટી કર્યા પછી રોજ ભોજન કરતા. (૮૪, ૭૨, ૩૨)

૬૪. રાવણના ગૃહમંદિરમાં .................. સ્વામી ભગવાન હતા.
(મુનિસુવ્રત, મહાવીર, વાસુપૂજ્ય)

૬૫. ............એ સિદ્ધાચલતીર્થ પર સવાક્રોડ મૂલ્યવાળું માણિક્ય આપીને તીર્થમાળા પહેરી હતી. (પેથડશા, ભામાશા, જગડુ)

૬૬. વસ્તુપાળ-તેજપાળે .................... વસહિ નામનું જિનાલય બંધાવ્યું. (વિમલ, લુણિંગ, ઋષભ)

૬૭. ................ એ ગિરનાર પર ૫૬ ઘડી સોનું બોલીને તીર્થમાળ પહેરી (પેથડશા, ભામાશા, જગડુ)

૬૮. ૧ સોપારી ઉછાળીને, નીચે પડે એટલી વારમાં .................. ૭ નવા શ્લોક બનાવતા હતા.
(હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી, હરિભદ્રસૂરિજી)

૬૯. ૧ લીંબુ ઉછાળીને, નીચે પડે એટલી વારમાં ................ નવ નવા શ્લોક બનાવતા હતા. (હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી, હરિભદ્રસૂરિજી)

૭૦. .............. શેઠે સો પાંખડીવાળા કમળોની માળાથી પરમાત્માની પૂજા કરી. (સગાળશા, કસ્તુરભાઇ, છાડા)

૭૧. .............. એ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી.
(હેમચન્દ્રાચાર્ય, યશોવિજયજી, હરિભદ્રસૂરિજી)

૭૨. સિંહ અણગારને વહોરાવતાં ............. એ જિનનામ બાંધ્યું.
(સુલસા, ચંદનબાળા, રેવતી)

૭૩. નેમીનાથ ભગવાનના અઢાર હજાર સાધુઓમાં શ્રેષ્ઠ તપસ્વી ................ હતા. (વરદત્ત, ઢંઢણ, ધન્નાજી)

૭૪. ............. રોજ ૭૦૦ ગાથા કરતા હતા.
(હેમચન્દ્રાચાર્ય, દુર્બલિકા પુષ્પમિત્ર, યશોવિજયજી)

૭૫. ભગવાનની પ્રતિમા જોઇને ................. પ્રતિબોધ પામ્યા.
(મેઘકુમાર, ઇલાચીકુમાર, આર્દ્રકુમાર)

૭૬. વીર પ્રભુના સાધુઓમાં શ્રેષ્ઠ તપસ્વી ............... હતા.
(ગૌતમસ્વામી, મેઘમુનિ, ધન્નાજી)

૭૭. રાણકપુરનું જિનાલય ................ બંધાવ્યું હતું.
(કુમારપાળે, ધન્ના પોરવાળે, કૃષ્ણ મહારાજાએ)

૭૮. શત્રુંજયના ધ્યાને માણેકચંદ મરીને ................ વીર બન્યા. (ઘંટાકર્ણ, માણિભદ્ર, મહા)

૭૯. ચંપાનગરીનું દ્વાર ખોલનાર મહાસતી ................ હતી.
(કલાવતી, સુભદ્રા, અંજના)

૮૦. સ્થૂલભદ્રજીના પ્રભાવે ............ વારાંગના મટીને વીરાંગના બની. (વાસવદત્તા, રૂપકોશા, માધવી)

૮૧. તારંગાજી તીર્થ પર પ્રાયશ્ચિત્ત રૂપે જિનાલય ............... બંધાવ્યું હતું. (કુમારપાળે, ધન્ના પોરવાળે, કૃષ્ણ મહારાજાએ)

૮૨. શત્રુંજય ગિરિરાજનો છેલ્લો ઉદ્ધાર ................ કરાવશે.
(કર્માશા, ચક્રાયુધ, વિમલવાહન)

૮૩. નિગોદનું આબેહૂબ વર્ણન ................ એ કર્યું હતું.
(હેમચંદ્રસૂરિ, આર્યરક્ષિતસૂરિ, વજસ્વામી)

૮૪. શંખેશ્વર તીર્થ ............... વસાવ્યું હતું.
(કુમારપાળે, ધન્ના પોરવાળે, કૃષ્ણ મહારાજાએ)

૮૫. પ્રભુ મહાવીરદેવની પ્રથમ પાટે .............. આવ્યા.
(ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, જંબૂસ્વામી)

૮૬. પ્રભુ ઋષભદેવના પ્રથમ શિષ્ય ............... થયા.
(બાહુબલીજી, ભરતરાય, પુંડરીક સ્વામી)

૮૭. સ્વ. ..........મ. સાહેબે અનેક તીર્થોના ઉદ્ધાર કરાવ્યા હતા.
(સાગરજી, નેમીસૂરિ, પ્રેમસૂરિ)

૮૮. સ્વ. ............. મ. સાહેબે આગમોના ઉદ્ધાર કરાવ્યા હતા.
(સાગરજી, નેમીસૂરિ, પ્રેમસુરિ)

૮૯. સ્વ........ મ. સાહેબે કર્મ સાહિત્યનો ઉદ્ધાર કર્યો હતો.
(સાગરજી, નેમીસૂરિ, પ્રેમસૂરિ)

૯૦. ............... એ અષ્ટાપદ તીર્થની સ્થાપના કરી.
(ઇન્દ્ર મહારાજા, ભરત ચક્રી, પુંડરીકસ્વામી)

૯૧. ................ એ શત્રુંજયનો સોળમો ઉદ્ધાર કરાવ્યો.
(વિમલવાહન રાજા, ભરતચક્રી, કર્માશા)

૯૨. .................... મ. સાહેબે વૈજ્ઞાનિકોને ચેલેંજ આપનાર જંબુદ્વિપ સંકુલની પ્રેરણા કરી.
( ચંદ્રશેખર વિજયજી, અભય સાગરજી, જયઘોષ સૂરીશ્વરજી)

૯૩. .................... મ. સાહેબે જૈન સંઘની નવી પેઢીને તૈયાર કરવા તપોવનોની પ્રેરણા કરી.
(ચન્દ્રશેખર વિજયજી, અભયસાગરજી, જયઘોપસૂરિજી)

૯૪. ................. મ. સાહેબને વિશિષ્ટ આગમ અભ્યાસના કારણે ગુરુમહારાજે સિદ્ધાંત દીવાકર પદવી આપી છે.
(ચન્દ્રશેખરવિજયજી, અભયસાગરજી, જયઘોપસૂરિજી)

૯૫. ................ મ. સાહેબ સંઘહિત કાજે ઘણા વર્ષોથી અખંડ આયંબિલ કરી રહ્યા છે.
(રાજતિલકસૂરિ, હિમાંશુસૂરિ, ભદ્રંકરસૂરિ)

૯૬. ................ મ. સાહેબે ૧૦૦ + ૧૦૦ + ૮૭ વર્ધમાનતપની ઓળી કરી છે. (રાજતિલકસૂરિ, હિમાંશુસૂરિ, ભદ્રંકરસૂરિ)

૯૭. ................. મ. સાહેબ ૯૭ વર્ષની વયે પણ ઉગ્ર સંયમ પાળી રહ્યા છે. (રાજતિલકસૂરિ, હિમાંશુસૂરિ, ભદ્રંકરસૂરિ)

૯૮. ........ના સંઘમાં ૨૨૦૦ શ્વેતામ્બર મુનિઓ તથા ૧૧૦૦ દિગમ્બર મુનિઓ હતા. (કુમારપાળ, વસ્તુપાળ, વિક્રમરાજા)

૯૯. .........ને લોકો ષડ્દર્શન માતા કહેતા હતા.
(મયણા, અનુપમા, સુલસા)

૧૦૦ .......... રાજવિહારમાં ૮૫ ઇંચની ઋષભદેવ ભગવાનની મૂર્તિ ભરાવી હતી. (કુમારપાળે, સિદ્ધરાજે, અજયપાળે)

મહાસતી દ્રૌપદીએ પદ્મોત્તર રાજાની આપત્તિમાંથી મુક્ત થવા છ મહિના સુધી છઠ્ઠના પારણે આયંબીલ કર્યાં હતા.

મહાસતી દમયંતીએ પૂર્વભવમાં ૫૦૪ અખંડ આયંબીલથી તીર્થંકર તપ કરીને ૨૪ ભગવાનના લલાટમાં હીરાના તિલક સ્થાપેલ

## પેપર–૫ "પ્રતિક્રમણની પવિત્રતા"

૧. પ્રતિક્રમણ .................... પ્રકારના છે. (૧૦, ૫, ૨)

૨. પ્રતિક્રમણ .................. વિના ન થઇ શકે.
(કટાસણા, નવકારવાળી, ચરવળા)

૩. રોજ સવારે ............... પ્રતિક્રમણ કરવું જોઇએ.
(રાઇ, દેવસિ, પક્ખિ)

૪. પંદર દિવસના પાપો ધોવા ................ પ્રતિક્રમણ કરવું જોઇએ (રાઇ, દેવસિ, પક્ખિ)

૫. રાત્રે થયેલાં પાપો ધોવા હું રોજ ................. પ્રતિક્રમણ કરીશ. (રાઇ, દેવસિ, પક્ખિ)

૬. દિવસમાં લાગેલા પાપોને ધોવા હું .................... પ્રતિક્રમણ રોજ કરીશ. (રાઇ, દેવસિ, પક્ખિ)

૭. ................. પ્રતિક્રમણ મનમાં કે અતિ મંદ સ્વરે કરવું જોઇએ. (રાઇ, દેવસિ, પક્ખિ)

૮. ................. કારણનું નિવારણ ન થાય ત્યાં સુધી દરેકે રોજ પ્રતિક્રમણ કરવું જ જોઇએ. (દસ, ચાર, ત્રણ)

૯. સૂર્યાસ્ત સમયે ................... સૂત્ર આવે તે રીતે પ્રતિક્રમણ કરવું જોઇએ. (સાતલાખ, નમોડસ્તુ, વંદિતુ)

૧૦. ચાર મહિનાના પાપોને ધોવા હું ................. પ્રતિક્રમણ કરીશ. (સંવત્સરિ, ચોમાસી, પક્ખિ)

૧૧. ચોમાસી પ્રતિક્રમણમાં વધુમાં વધુ .................. લોગસ્સનો કાઉસ્સગ્ગ આવે. (૪૦, ૨૦, ૧૨)

૧૨. આખા વર્ષના પાપોને ધોવા હું .................. પ્રતિક્રમણ કરું છું. (સંવત્સરિ, ચોમાસી, પક્ખિ)

૧૩. હું ચૌદસના દિવસે સવારે .................. પ્રતિક્રમણ કરીશ.
(રાઇ, દેવસિ, પક્ખિ)

૧૪. હું પ્રતિક્રમણ ................. વસ્ત્રો પહેરીને કરીશ.

(સુંદર, અશુદ્ધ, શુદ્ધ)

૧૫. પુરુષોએ પ્રતિક્રમણ .................. વસ્ત્રો પહેરીને કરાય.

(સીવેલા, સીવ્યા વિનાના, સાંધાવાળા)

૧૬. હું પ્રતિક્રમણ .................. કરીશ.

(બેઠાં બેઠાં, ઊભા-ઊભા, જેમ તેમ)

૧૭. ભાદરવા સુદ-ચોથના સવારે હું .................... પ્રતિક્રમણ કરું છું. (સંવત્સરિ, ચોમાસી, રાઇ)

૧૮. અનેક મહાપુરુષોનું નામસ્મરણ ............... પ્રતિક્રમણમાં હું કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૧૯. .................. પ્રતિક્રમણમાં હું દુઃખો અને કર્મોના નાશ માટે કાયોત્સર્ગ કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૦. .................. પ્રતિક્રમણમાં હું સાધુ ભગવંતોના પાંચ મહાવ્રતોનું ઉચ્ચારણ સાંભળું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૧. .................. પ્રતિક્રમણમાં મને આગમ સૂત્રોના નામ સાંભળવા મળે છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૨. .................. પ્રતિક્રમણમાં હું સીમંધરસ્વામી ભગવાનને વંદના કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૩. .................. પ્રતિક્રમણમાં ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો આવે છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૪. .................. પ્રતિક્રિમણમાં એક જ કાઉસ્સગ્ગમાં લોગસ્સ અને નવકાર, બન્ને ગણવાના હોય છે.

(પક્ખિ, ચોમાસી, સંવત્સરિ)

૨૫. .................. પ્રતિક્રમણમાં હું શત્રુંજય ગિરિરાજને વંદના કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૬. .................. પ્રતિક્રમણમાં કાંઇ પણ ગણ્યા વિના કાઉસ્સગ્ગ મુદ્રામાં રહેવાનું આવે છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૭. ચૈત્ર સુદ ચૌદસના સાંજે ................. પ્રતિક્રમણ કરવાનું હોય છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૮. ................. પ્રતિક્રમણમાં હું અનેક તીર્થોને વંદન કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૨૯. પ્રતિક્રમણ .................... લીધા વિના ન કરાય. (સામાયિક, પૌષધ, દીક્ષા)

૩૦. ૩૬૦ દિવસના વર્ષમાં રાઇ પ્રતિક્રમણ ................. કરવાના હોય છે. (૨૧, ૩૩૫, ૩૬૦)

૩૧. ................. પ્રતિક્રમણમાં હું તપ અંગે વિચારણા કરું છું. (રાઇ, દેવસિ, પક્ખિ)

૩૨. ૩૬૦ દિવસના વર્ષમાં દેવસિ પ્રતિક્રમણ ................ કરવાના હોય છે. (૨૧, ૩૩૫, ૩૬૦)

૩૩. ૩૬૦ દિવસના વર્ષમાં પક્ખિ પ્રતિક્રમણ................ કરવાના હોય છે. (૨૪, ૨૧, ૩૬૦)

૩૪. સંવત્સરિ પ્રતિક્રમણમાં ................... શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો આવે છે. (૫૦૦, ૩૦૦, ૧૦૦૮)

૩૫. સંવત્સરિ પ્રતિક્રમણ વર્ષમાં ................ વાર કરવું જરૂરી છે. (૩૬૦, ૩૬૫, ૧)

૩૬. ................. પ્રતિક્રમણમાં અતિચારોનું વિસ્તારથી મિચ્છામિ દુક્કડમ્ માંગવાનું હોય છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૩૭. ચોમાસી પ્રતિક્રમણમાં ................ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. (૫૦૦, ૩૦૦, ૧૦૦૮)

૩૮. પક્ખિ, ચોમાસી કે સંવત્સરિ પ્રતિક્રમણ કરવાના પૂર્વ દિને સવારે ............. પ્રતિક્રમણ કરવાનું હોય છે. (રાઇ, માંગલિક, દેવસિ)

૩૯. સાધુ ભગવંત વિહાર કરીને આવ્યા હોય તે દિવસે સાંજે ................ પ્રતિક્રમણ કરવાનું હોય છે. (રાઇ, માંગલિક, દેવસિ)

૪૦. પક્ખિ પ્રતિક્રમણમાં ................ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો છે. (૫૦૦, ૩૦૦, ૧૦૦૮)

૪૧. માંગલિક પ્રતિક્રમણમાં ............... થોય બોલવાની હોય છે. (કોઇપણ, સંસાર દાવાનલની, કલ્લાણ કંદંની)

૪૨. રાઇ પ્રતિક્રમણમાં ચારિત્રાચારની શુદ્ધિ માટે .................. શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો છે. (૨૫, ૫૦, ૧૦૦)

૪૩. આઠમના સાંજે પ્રતિક્રમણમાં ................. ની થોય બોલવાની હોય છે. (કોઇપણ, સંસારદાવાનલની, કલ્લાણકંદંની)

૪૪. દેવસિ પ્રતિક્રમણમાં ચારિત્રાચારની શુદ્ધિ માટે .............. શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. (૨૫, ૫૦, ૧૦૦)

૪૫. ચોમાસી પ્રતિક્રમણ વર્ષમાં ............... વાર કરવાનું હોય છે. (૨૧, ૨૪, ૩)

૪૬. આપણા કષાયોને અનંતાનુબંધી કષાયો ન બનવા દેવા ............ પ્રતિક્રમણ કરવું. (પક્ખિ, ચોમાસી, સંવત્સરિ)

૪૭. આપણા કષાયોને અપ્રત્યાખ્યાનીય કષાયો ન બનવા દેવા છેવટે ............. પ્રતિક્રમણ કરવું (પક્ખિ, ચોમાસી, સંવત્સરિ)

૪૮. આપણા કષાયોને પ્રત્યાખ્યાનીય કષાયો ન બનવા દેવા છેવટે .............. પ્રતિક્રમણ કરવું (પક્ખિ, ચોમાસી, સંવત્સરિ)

૪૯. છ આવશ્યક સુધીમાં હાથ ઠાવ્યા પછી નમુથ્થુણં સૂત્ર ........પ્રતિક્રમણમાં બોલવાનું હોય છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૫૦. વાંદણા દેતી વખતે ..........આવશ્યક સાચવવાના હોય છે. (૧૭, ૨૫, ૬)

૫૧. ................ મહારાજા યુદ્ધના મેદાનમાં પણ પ્રતિક્રમણ ચૂકતા નહિ. (શ્રેણિક, કૃષ્ણ, કુમારપાળ)

૫૨. ................ પ્રતિક્રમણમાં સ્તવનની જગ્યાએ સંતિકરં સૂત્ર બોલાય છે. (રાઇ, દેવસિ, માંગલિક)

૫૩. પ્રતિક્રમણમાં ............ જીવયોનિને ખમાવવામાં આવે છે.
(૫૬૩, ૮૪ લાખ, અનંતી)

૫૪. પ્રતિક્રમણમાં .................. પ્રકારના પાપસ્થાનકોના સેવનની માફી મંગાય છે. (નવ, અઢાર, દસ)

૫૫. ભગવાને ના પાડેલા કાર્યો કર્યા હોય તો પ્રતિક્રમણ કરવું જરૂરી .............. (છે, નથી)

૫૬. ભગવાને જે કાર્યો કરવાના કહ્યા છે, તે ન કર્યા હોય તો પ્રતિક્રમણ કરવાની જરૂર ............ (છે, નથી)

૫૭. પ્રતિક્રમણ માટે ......સમાનાર્થી નામો છે. (પાંચ, આઠ, દસ)

૫૮. ખરેખર તો પાપ ................., તે જ પ્રતિક્રમણ છે.
(ની શુદ્ધિ કરવી, થી પાછા હટવું, ન કરવું)

૫૯. ઉપાશ્રયમાં ગુરુમહારાજ હોય ત્યારે ................ પ્રતિક્રમણ કરવું જોઇએ. (ઘરે, મિત્રના ત્યાં, ગુરુની નિશ્રામાં)

૬૦. સામાયિક-પ્રતિક્રમણાદિમાં ................. ન પહેરાય.
(શુદ્ધ વસ્ત્રો, આભૂષણો, ખેશ)

૬૧. .................. વસ્ત્રોથી પ્રતિક્રમણ ન થઇ શકે.
(સામાયિકના, શુદ્ધ, પૂજાના)

૬૨. સામાયિક-પ્રતિક્રમણમાં .................. કટાસણું વાપરી ન શકાય. (અક્ષરવાળું, ઊનનું, શાસ્ત્રીય માપનું)

૬૩. મુહપત્તિ................ બાજુ કિનારવાળી હોવી જ જોઇએ.
(ચારે, બે, એક)

૬૪. પ્રતિક્રમણમાં ................. નહિ.
(સૂત્રો બોલાય, કાઉસ્સગ્ગ કરાય, આડ પડાય)

૬૫. પ્રતિક્રમણમાં ક્રિયાઓ .............. કરવાની હોય છે.
(આમ-તેમ જોતાં, હાથ જોડીને, બેઠાં બેઠાં)

૬૬. ................... યુદ્ધ માટે જાય તો ત્યાં ય સમયસર પ્રતિક્રમણ કરવાનું ચૂકતા નહિ.
(માનસિંહ, માહણસિંહ, રાજસિંહ)

૬૭. પ્રતિક્રમણનો સમાનાર્થી શબ્દ ..............એટલે જ્ઞાનાદિ રત્નોની વૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહેવું.
(વારણા, નિવૃત્તિ, પ્રતિચરણા)

૬૮. પ્રતિક્રમણનો સમાનાર્થી શબ્દ ...........એટલે કષાયાદિ અપ્રશસ્ત ભાવોનો ત્યાગ કરવો (પ્રતિચરણા, પરિહરણા, વારણા)

૬૯. પ્રતિક્રમણનો સમાનાર્થી શબ્દ ...............એટલે વિષયોનું વારણ કરવું. (પ્રતિચરણા, પરિહરણા, વારણા)

૭૦. સૂત્રો બોલતી વખતે મુખ પાસે ................. જરૂરી છે.
(ચરવળો, જોડેલા હાથ, મુહપત્તિ)

૭૧. .........પ્રતિક્રમણમાં સ્તવન તરીકે અજિતશાંતિ બોલાય છે.
(રાઇ, દેવસિ, પક્ખિ)

૭૨. ............... પ્રતિક્રમણમાં લઘુશાંતિ બોલાય છે.
(રાઇ, દેવસિ, પક્ખિ)

૭૩. અષાઢ સુદ ચૌદશના સાંજે ...........પ્રતિક્રમણ કરાય છે.
(પક્ખિ, ચોમાસી, સંવત્સરી)

૭૪. પ્રતિક્રમણને ............. પણ કહેવાય છે.
(સામાયિક, ક્રિયા, આવશ્યક)

૭૫. પ્રતિક્રમણ ............... આવશ્યકમય છે. (પાંચ, છ, આઠ)

૭૬. અવશ્ય કરવા યોગ્ય કરણીને ................ કહેવાય.
(જરૂરી ક્રિયા, આવશ્યક, કર્તવ્ય)

૭૭. ક્રિયા વિનાનું એકલું જ્ઞાન ................ જેવું છે.
(લંગડા, આંધળા, બહેરા)

૭૮. જ્ઞાન વિનાની એકલી ક્રિયા ................ જેવી છે.
(લંગડા, આંધળા, બહેરા)

૭૯. જ્ઞાન અને ક્રિયા, બંનેનો યથાયોગ્ય સુમેળ સધાય તો જ .............. મળે. (દેવલોક, મોક્ષ, માનવભવ)

૮૦. આવશ્યકની આરાધના ............... દશા પ્રાપ્ત કરવામાં સહાયક બને છે. (પ્રમાદ, આળસુ, અપ્રમત્ત)

૮૧. આવશ્યકની આરાધનાથી મન, વચન અને કાયાની ................ ની પ્રાપ્ત થાય છે. (પ્રવૃત્તિ, નિવૃત્તિ, શુદ્ધિ)

૮૨. જિનશાસનમાં ...... આવશ્યકો જણાવેલ છે. (૨, ૪, ૬)

૮૩. આવશ્યકની આરાધના મુખ્યત્વે .................. શુદ્ધિનો ઉપાય છે. (મંત્ર, તંત્ર, આચાર)

૮૪. છ આવશ્યક એ આત્માના રોગોને મટાડનારી વિશિષ્ટ .............. છે. (વિચારણા, મંત્રણા, પ્રક્રિયા)

૮૫. આત્માાના રોગોને મટાડનારી સુસજ્જ હોસ્પિટલ એટલે ............. આવશ્યક. (વંદન, સામાયિક, કાઉસ્સગ્ગ)

૮૬. મોટા ડોક્ટરને નમસ્કાર કરવા રૂપ .................. નંબરનું આવશ્યક છે. (બીજા, ત્રીજા, ચોથા)

૮૭. .............આવશ્યક એ ઓપરેશન કરાવવા સમાન છે. (પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ)

૮૮. વિચારરૂપી વાવેતરની રક્ષા કરનાર વાડ સમાન ............. છે. (ઉચ્ચાર, આચાર, પ્રચાર)

૮૯. પ્રતિક્રમણ એટલે ................... થી પાછા હટવું. (ઊંઘ, સંસાર, પાપ)

૯૦. આત્માના રોગોનું નિદાન કરનાર મોટા ડોકટર સમાન ................ છે. (મંદિરો, ઉપાશ્રયો, તીર્થંકરભગવંતો)

૯૧. વિષય-કષાયના ઘાને રૂઝવવા પાટાપિંડી કરવી એટલે ............આવશ્યક. (પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ)

૯૨. આસીસ્ટન્ટ ડોકટરની મુલાકાત સમાન ................ આવશ્યક છે. (ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ)

૯૩. .................. વિના વિચારશુદ્ધિ ટકી શકતી નથી. (આત્મશુદ્ધિ, આચારશુદ્ધિ, પ્રચારશુદ્ધિ)

૯૪. મન-વચન, કાયાનો દુરુપયોગ બંધ કરવો તે .................... (વંદન, ચતુર્વિંશતિસ્તવ, કાઉસ્સગ્ગ)

૯૫. આત્માના રોગોને દૂર કરવા ઓપરેશનાદિ કરનાર આસીસ્ટન્ટ ડોક્ટર સમાન ................ છે.

(શ્રાવકો, ગુરુમહારાજ, ઉપાધ્યાય મ.)

૯૬. ઓપરેશન બાદ અપાતી દવાની પ્રિસ્ક્રિપ્સન સમાન .................. આવશ્યક છે.

(ચતુર્વિંશતિસ્તવ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ)

૯૭. ચોવીસ ભગવાનની સ્તવના ................ આવશ્યક દ્વારા કરાય છે. (ચતુર્વિંશતિસ્તવ, વંદન, કાઉસ્સગ્ગ)

૯૮. પ્રતિક્રમણના સમાનાર્થી શબ્દ શુદ્ધિ ઉપર....નું દૃષ્ટાંત છે.

(માર્ગ, વસ્ત્ર, બે કન્યા)

૯૯. ૧૯ ઢાળના પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ્વાધ્યાયની રચના........ મ. સાહેબે કરી છે.

(હરિભદ્રસૂરિજી, હેમચન્દ્રસૂરિજી, યશોવિજયજી)

૧૦૦ દેવસિ પ્રતિક્રમણમાં બાર વ્રતના અતિચારોની આલોચના......... સૂત્ર વડે કરાય છે. (કરેમિભંતે, ઇરિયાવહિયા, વંદિત્તા)

પંચાવનસો સુવર્ણમુદ્રા ખરચીને જીવાભિગમાદિ આગમો લખાવીએ અથવા પંચાવનસો ગર્ભવતી ગાયોને અભયદાન આપવાથી જે પુણ્યબંધાય તે એક મુહપત્તિના દાનથી થાય.

૨૫,૦૦૦ બાવન જિનાલય બનાવીને નવી પ્રતિમા સ્થાપન કરવાનું પુણ્ય એક ચરવળાનું દાન કરવાથી થાય.

૮૮,૦૦૦ દાનશાળા બંધાવવા જેટલું પુણ્ય સંઘ-ગુરુના વંદન કરવાથી થાય છે.

એક કરોડ માસખમણ કરે અથવા એક કરોડ પાંજરા જીવના રક્ષણ માટે કરે, તેટલો લાભ એક કામળીના દાનથી મળે છે.

છ હજાર ગાયોનું એક ગોકુળ, એવા ૧૦ હજાર ગોકુળોની ગાયોના અભયદાનનું પુણ્ય પ્રતિક્રમણનો ઉપદેશ દેવાથી થાય છે.

## પેપર-૬ "પર્વ પજુસણ કરો ઉલ્લાસ"

૧. પર્યુષણ મહાપર્વ .......... દિવસના હોય છે. (૧૦, ૧૨, ૮)

૨. પર્યુષણ મહાપર્વ ............... મહિનામાં આવે છે. (ભાદરવા, શ્રાવણ, આસો)

૩. પર્યુષણ મહાપર્વના ................ દિવસે સંવત્સરી પર્વ મનાવાય છે. (પ્રથમ, પાંચમા, આઠમા)

૪. પર્યુષણ મહાપર્વના ................ દિવસે મહાવીર સ્વામીનું જન્મ કલ્યાણક આવે છે. (પ્રથમ, પાંચમા, આઠમા)

૫. પર્યુષણ મહાપર્વમાં અજિતશાન્તિ સ્તવન ................ દિવસ બોલવાનું આવે છે. (આઠ, બે, એક)

૬. સંવત્સરી પ્રતિક્રમણ પર્યુષણના ................દિવસે સવારે કરવાનું હોય છે. (પ્રથમ, પાંચમા, આઠમા)

૭. પર્યુષણ મહાપર્વમાં ................ કર્તવ્યો બજાવવાના હોય છે. (૧૧, ૩૬, ૫)

૮. પર્યુષણ મહાપર્વમાં ................ વાર્ષિક કર્તવ્યોની વાત આવે છે. (૧૧,૩૬,૫)

૯. જૈનધર્મના પર્વોમાં ................ ને સુંદર બનાવનારી પ્રવૃત્તિઓ કરવાની હોય છે. (ઘર, શરીર, આત્મા)

૧૦. પર્વોમાં પાંચે ઇન્દ્રિયને ................ હોય છે. (બહેકાવવાની, છૂટી મૂકવાની, શાન્ત રાખવાની)

૧૧. પર્યુષણ .................... તરીકે પ્રસિદ્ધ છે. (તીર્થાધિરાજ, પર્વાધિરાજ, મંત્રાધિરાજ)

૧૨. સોળ દિવસના ઉપવાસને ................ કહેવાય છે. (માસક્ષમણ, અઠ્ઠાઇ, સોળભથ્થુ)

૧૩. ૩૦ દિવસના ઉપવાસને ................ કહેવાય છે. (માસક્ષમણ, અઠ્ઠાઇ, સોળભથ્થુ)

૧૪. પર્યુષણમાં રોજ ઉપવાસ કરનારે ............... તપ કર્યો ગણાય. (માસક્ષમણ, અઠ્ઠાઇ, સોળભથ્થુ)

૧૫. પર્યુષણ પર્વ ............... ના મર્મસ્થાનને ભેદનારું પર્વ છે. (શરીર, કષાયો, કર્મો)

૧૬. પર્યુષણ પર્વની આરાધના ............. નો નાશ કરવા માટે છે. (શરીર, કષાયો, કર્મો)

૧૭. પર્યુષણ પર્વના ................. દિવસ અષ્ટાહ્નિકાના પ્રવચનો સાંભળવાના છે. (આઠ, ચાર, ત્રણ)

૧૮. પર્યુષણ પર્વના ................. દિવસ કલ્પસૂત્રના પ્રવચનો સાંભળવાના છે. (આઠ, ચાર, ત્રણ)

૧૯. પર્યુષણના ત્રીજા દિવસે ............નું વર્ણન સાંભળવાનું છે. (કર્તવ્યો, સામાયિક, પૌષધ)

૨૦. પર્યુષણમાં મહાવીર સ્વામી ભગવાનનું જીવનચરિત્ર સળંગ ........... દિવસો સાંભળવા મળે છે. (આઠ, ચાર, ત્રણ)

૨૧. પર્યુષણ મહાપર્વ નિમિત્તે ............પ્રતિક્રમણ કરવાના છે. (૧, ૧૬, ૧૭)

૨૨. પર્યુષણના બધા દિવસ પૌષધ કરનારે ................ પૌષધ કર્યા ગણાય છે. (સોળ પહોરી, ચોસઠ પહોરી, આઠ પહોરી)

૨૩. પર્યુષણનું પ્રથમ કર્તવ્ય ............... છે. (ક્ષમાપના, અઠ્ઠમતપ, અમારિ પ્રવર્તન)

૨૪. પર્યુષણનું સૌથી મહત્ત્વનું કર્તવ્ય ................ છે. (ક્ષમાપના, અઠ્ઠમ તપ, અમારિ પ્રવર્તન)

૨૫. કૃતજ્ઞતા ગુણને વિકસાવવા .... ............ કર્તવ્ય અદા કરવું જોઇએ. (ક્ષમાપના, સાધર્મિકભક્તિ, ચૈત્યપરિપાટી)

૨૬. પર્યુષણ મહાપર્વનું હાર્દ ................. છે. (ક્ષમાપના, સાધર્મિકભક્તિ, ચૈત્યપરિપાટી)

૨૭. દેવદ્રવ્યની રકમ ................ બનાવવામાં વાપરી શકાય. (સ્કૂલ, હોસ્પિટલ, દેરાસર)

૨૮. .............. એ જન્માભિષેક મહોત્સવની પ્રતિકૃતિ છે.
(કલ્પસૂત્રવાંચન, સ્નાત્ર મહોત્સવ, અઢાર અભિષેક)

૨૯. .............. કર્તવ્યની વાત બે વાર સાંભળવા મળે છે.
(ક્ષમાપના, સાધર્મિક ભક્તિ, અટ્ઠમ તપ)

૩૦. વરઘોડા માટે શાસ્ત્રીય શબ્દ.............. છે.
(યાત્રાત્રિક, શાસન પ્રભાવના, રથયાત્રા)

૩૧. ભગવાનની ................ આજ્ઞા માને તે સંઘનો સભ્ય ગણાય. (ઘણી બધી, મહત્ત્વની, બધી જ)

૩૨. જે ................ ન કરે તે જૈન શાસનના સભ્ય તરીકે મટી જાય છે. (અટ્ઠમ, ક્ષમાપના, અમારિપ્રવર્તન)

૩૩. કલ્પસૂત્રનો ઉદ્ધાર ................. પૂર્વમાંથી થયો છે.
(ચૌદમા, સાતમા, નવમા)

૩૪. કલ્પસૂત્રનું સભા સમક્ષ સર્વ પ્રથમવાર વાંચન .............. માં થયું. (પાવાપુરી, વલભીપુર, આનંદપુર)

૩૫. ................. કારણોસર સાધુ-સાધ્વીજી મ. સાહેબ ચોમાસામાં પણ વિહાર કરી શકે. (૫, ૭, ૧૩)

૩૬. કલ્પ એટલે .................. (કળીયુગ, કલ્પે તે, આચાર)

૩૭. પૂ. ................... મ. સાહેબે રચેલી કલ્પસૂત્રની ટીકા હાલ ઘણી જગ્યાએ વંચાય છે.
(ભદ્રબાહુસ્વામી, યશોવિજયજી, વિનયવિજયજી)

૩૮. કલ્પસૂત્રનો ઉદ્ધાર ................. પૂર્વમાંથી થયો છે.
(વિદ્યાપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, અગ્રાયણી)

૩૯. હાલ મોટે ભાગે ................. નામની કલ્પસૂત્રની ટીકા વંચાય છે. (સુખબોધિકા, કલ્પવેલી, સુબોધિકા)

૪૦. .................. ભવમાં મહાવીર પ્રભુએ નીચગોત્રકર્મ બાંધ્યું.
(પહેલા, સાતમા, ત્રીજા)

૪૧. ગર્ભાપહારનું કાર્ય કરનાર દેવ પછીના ભવમાં .............. બન્યા. (હેમચન્દ્રાચાર્ય, દેવર્દ્ધિગણી, સિદ્ધર્ષિગણી)

૪૨. છેલ્લેથી ત્રીજા ભવમાં પ્રભુ વીરે ................ માસક્ષમણ કર્યાં. (૧૧ લાખ-૧૧,૮૦,૬૫૦-૧૧,૮૦,૬૪૫)

૪૩. પ્રભુ વીરના ચ્યવનના સમયે માતા .............. ચૌદ સ્વપ્નો જોયા. (ત્રિશલાએ, વામાદેવીએ, દેવાનંદાએ)

૪૪. બળદનું રૂપ કરનાર ઇન્દ્ર મહારાજા પૂર્વભવમાં ................. શેઠ હતા. (સુદર્શન, કાર્તિક, સગાળશા)

૪૫. કલ્પસૂત્રમાં સેવકો માટે .................. શબ્દ વપરાયો છે. (નોકરો, સ્વજનો, કૌટુંબિક પુરુષો)

૪૬. સ્વપ્ન શાસ્ત્રોમાં કુલ .................... સ્વપ્નોની વાત કરી છે. (૧૦૮, ૭૨, ૧૪)

૪૭. પ્રભુ ઋષભદેવ ................... આરામાં જન્મ્યા. (ત્રીજા, ચોથા, પાંચમા)

૪૮. પ્રભુ મહાવીરદેવ ................. આરામાં જન્મ્યા. (ત્રીજા, ચોથા, પાંચમા)

૪૯. કલ્પસૂત્રના પ્રથમ વ્યાખ્યાનના છેડે ................. નું દૃષ્ટાંત આવે છે. (નાગકેતુ, વૈદ્ય, મેઘકુમાર)

૫૦. નિમિત્તશાસ્ત્રોમાં કુલ ........ અંગો હોય છે. (૮, ૮૪, ૧૬૮)

૫૧. પ્રભુ મહાવીરદેવનું શરીર ..............અંગુલ પ્રમાણ હતું. (૮, ૮૪, ૧૬૮)

૫૨. ................. ની માતા બનનાર ચાર સ્વપ્નો જુએ. (વાસુદેવ, બળદેવ, માંડલિક રાજા)

૫૩. .............મહિનાના વર્ધમાનકુમારે સૌ પ્રથમ અભિગ્રહ કર્યો. (૧૨, ૬, ૬॥)

૫૪. ............... દેવે ઘંટા વગાડીને ભગવાનના જન્મમહોત્સવની બધા દેવોને જાણ કરી. (સૌધર્મ, હરિણૈગમેષી, પાલક)

૫૫. આ નગરીમાં બે જિન છે, એવી વાત ................ નગરીમાં ફેલાઇ. (રાજગૃહી, શ્રાવસ્તી, વિનિતા)

૫૬. ................ નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ થયો ત્યારે ભગવાન મહાવીરદેવ જન્મ પામ્યા. (પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત)

૫૭. પ્રભુને પહેલો અભિષેક ................. દેવલોકના ઇન્દ્રે કર્યો. (સૌધર્મ, ઇશાન, અચ્યુત)

૫૮. ભગવાનની સામે તેજોલેશ્યા ................ છોડી. (ગોવાળીયાએ, ગોશાળાએ, સંગમે)

૫૯. તેજોલેશ્યાના ઉપસર્ગ પછી ભગવાન ................ વર્ષ જીવ્યા. (૧૬, ૨૦, ૨૪)

૬૦. ................. દિક્કુમારિકાઓએ પ્રભુને રક્ષાપોટલી બાંધી. (આઠ, છપ્પન, ચાર)

૬૧. ................. ઘંટા વગાડીને દેવોને જન્મ મહોત્સવમાં પધારવાની જાણ કરવામાં આવી. (વજનદાર, મોટી, સુઘોષા)

૬૨. પાઠશાલાગમન પ્રસંગે ................ ગ્રંથની રચના થઇ. (કલ્પસૂત્ર, જૈનેન્દ્ર વ્યાકરણ, આગમ)

૬૩. કૃષ્ણ મહારાજાએ ................ દેવની સહાયથી લવણસમુદ્ર ઓળંગ્યો. (સંગમ, સુસ્થિત, કંબલ-શંબલ)

૬૪. પ્રભુ મહાવીરદેવને ગંગાનદી પાર કરતાં ................ દેવે સહાય કરી. (સંગમ, સુસ્થિત, કંબલ-શંબલ)

૬૫. પ્રભુ મહાવીરને છેલ્લો ઉપસર્ગ ................કર્યો. (ગોવાળીયાએ, ગોશાળાએ, સંગમે)

૬૬. ભગવાન મહાવીરે ................ ને પૂછીને પ્રથમ વિહાર કર્યો. (ગૌતમસ્વામી, સિદ્ધભગવાન, નંદીવર્ધન)

૬૭. પાર્શ્વનાથ ભગવાનના સસરાનું નામ ...............રાજા હતું. (સમરવીર, પ્રસેનજિત, ઉગ્રસેન)

૬૮. નેમીનાથ ભગવાનના સસરાનું નામ ................. હતું. (સમરવીર, પ્રસેનજિત, ઉગ્રસેન)

૬૯. પ્રભુ મહાવીરને પ્રથમ ઉપસર્ગ ................ કર્યો.
(ગોવાળીયાએ, ગોશાળાએ, સંગમે)

૭૦. દીક્ષા લેતી વખતે મહાવીર ભગવાને .............ને નમસ્કાર કર્યા. (માતા-પિતા, ગુરુમહારાજ, સિદ્ધભગવાન)

૭૧. પ્રભુ મહાવીરદેવની સેવામાં ઇન્દ્રે ................ દેવને રાખ્યો.
(સંગમ, સિદ્ધાર્થ, સંબલ)

૭૨. મહાવીરસ્વામીના સસરાનું નામ ................ હતું.
(સમરવીર, પ્રસેનજિત, ઉગ્રસેન)

૭૩. પ્રભુ મહાવીરદેવને .......સ્વપ્નો આવ્યા હતા. (૧૪, ૪, ૧૦)

૭૪. પ્રભુ મહાવીરદેવની સેવામાં ઇન્દ્રે રાખેલ દેવ પૂર્વભવમાં ભગવાનના ........... હતા. (પિતા, પિતરાઇભાઇ, કાકા)

૭૫. પ્રભુ મહાવીરદેવે .............. ને પોતાની પાટ સોંપી.
(ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, પ્રભાસસ્વામી)

૭૬. પ્રભુ મહાવીરદેવના નિર્વાણ પછી .............. વર્ષે કલ્પસૂત્રનું વાંચન સભા સમક્ષ શરૂ થયું. (૧૦૦૦, ૫૦૦, ૯૮૦)

૭૭. કલ્પસૂત્ર મૂળગ્રંથમાં ........શ્લોકો છે. (૧૨૦૦, ૧૨૧૫, ૧૨૩૦)

૭૮. પ્રભુમહાવીરને ખભે ................ મહિના સુધી વસ્ત્ર રહ્યું.
(છ, આઠ, તેર)

૭૯. શ્રી શય્યંભવસૂરિજી મ.સા. ભગવાનની .........મી પાટે આવ્યા.
(ત્રીજી, ચોથી, પાંચમી)

૮૦. ઋષભદેવ ભગવાનના નિર્વાણ વખતે અગ્નિસંસ્કાર નિમિત્તે ......... ચિતાઓ રચવામાં આવી હતી. (૧૦૦૦૦, ૧, ૩)

૮૧. પ્રભુ મહાવીરદેવનું પ્રથમ પારણું ............ થી થયું.
(શેરડીના રસ, ખીર, રાબડી-મગ)

૮૨. ભગવાન મહાવીરના નિર્વાણ વખતે અગ્નિસંસ્કાર નિમિત્તે .......ચિતાઓ રચવામાં આવી હતી. (૧૦૦૦૦, ૧, ૩)

૮૩. પ્રભુ મહાવીરદેવની ................ દેશના સૌથી ટૂંકી હતી.
(છેલ્લી, પહેલી, બીજી)

૮૪. સૌધર્મેન્દ્રે ........... શિંગડા વડે ભગવાનનો અભિષેક કર્યો.
(બે, ચાર, આઠ)

૮૫. દસમો કલ્પ................ છે. (જયેષ્ઠ, પર્યુષણા, કૃતિકર્મ)

૮૬. ................ ની જેમ અઠ્ઠમતપ કરવો જોઇએ.
(મેઘકુમાર, ધરણેન્દ્ર, નાગકેતુ)

૮૭. પર્યુષણના બીજા દિવસે ..........કર્તવ્યોનું વર્ણન આવે છે.
(પર્યુષણના, વર્ષના, જિંદગીના)

**નીચેના વાક્યો સામે ઉચિત કે અનુચિત, જે યોગ્ય હોય તે લખો.**

૮૮. વ્યવહારો કરવાના ભયે અતુલભાઇએ પોતાની પત્નીને અઠ્ઠાઇ તપ કરવાની ના પાડી.

૮૯. પ્રવચનના સમયે રમેશ ભગવાનની પૂજા કરવા ગયો.

૯૦. કિંજલે પોતાની સાસુ સિવાય સર્વની સાથે ક્ષમાપના કરી.

૯૧. બોલીની રકમ ચૂકવ્યા પછી જ અભિષેકે સુપન ઝુલાવ્યું.

૯૨. રાત્રે સાજીમાં ગાવા આવેલા બધાને રમણભાઇએ ચા-પાણી કરાવ્યા.

૯૩. શ્રેયાંસે તમામ પ્રતિક્રમણો ઊભા ઊભા વિધિસહિત કર્યા

૯૪. સ્વીટુએ અઠ્ઠાઇના પારણે બટાકાવડાની માંગણી કરી.

૯૫. પ્રેમીલાએ સૂતાં સૂતાં અઠ્ઠાઇ કરી.

૯૬. ચન્દ્રેશે શુદ્ધ પેન્ટ પહેરીને પ્રતિક્રમણ કર્યું.

૯૭. પર્યુષણમાં મેહુલે પાકા કેળાનું શાક ખાધું.

૯૮. રમેશે અઠ્ઠાઈ કરવાના કારણે વ્યાખ્યાન શ્રવણ કે પ્રતિક્રમણ ન કર્યા.

૯૯. મહેશ ચંપલ વગેરે પહેર્યા વિના જ વરઘોડામાં ફર્યો.

૧૦૦ યુવકમંડળના યુવાનોએ પૂજાના વસ્ત્રો પહેરીને જાતે ભગવાનનો રથ વરઘોડામાં ફેરવ્યો.

# પેપર-૭ "પર્વમાંહે પજુસણ મોટા"

૧. પર્યુષણ મહાપર્વ .................... મહિનામાં પૂર્ણ થાય છે.
(ભાદરવા, શ્રાવણ, આસો)

૨. સંવત્સરી પર્વ .................... સુદ-ચોથના આવે છે.
(શ્રાવણ, ભાદરવા, આસો)

૩. પજુસણના પ્રથમ દિનને .................... કહેવાય છે.
(વડાકલ્પ, અઠ્ઠાઇ ધર, તેલાધર)

૪. વડાકલ્પનો ........કરવાનો હોય છે. (ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ)

૫. અઠ્ઠાઇધરનો .........કરવાનો હોય છે. (ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ)

૬. તેલાધરનો ......કરવાનો હોય છે. (ઉપવાસ છઠ્ઠ, અઠ્ઠમ)

૭. કલ્પસૂત્ર વાંચનની શરૂઆત .................... મહિનામાં થાય છે. (શ્રાવણ, અષાઢ, આસો)

૮. છેલ્લા દિવસે ..........વંચાય છે.
(કલ્પસૂત્ર, બારસાસૂત્ર, સંવત્સરીસૂત્ર)

૯. સીમંધર સ્વામી ભગવાનના શિષ્યોને રોજ સાંજે ................ પ્રતિક્રમણ કરવાનું હોય છે. (રાઇ, દેવસિ, પક્ખિ)

૧૦. ગોશાળાએ ભગવાનને ધમકી .................... અણગાર દ્વારા મોકલી. (સિંહ, ધન્ના, આનંદ)

૧૧. જેઓ ક્યારેક ધર્મક્રિયાઓ કરે તે .................... કહેવાય.
(સદૈયા, ભદૈયા, કદૈયા)

૧૨. પર્યુષણ પર્વનું બીજું કર્તવ્ય .................... છે.
(અઠ્ઠમતપ, સાધર્મિક ભક્તિ, ક્ષમાપના)

૧૩. જીવનમાં કરેલાં બધા ધર્મોના પલ્લા કરતાં ...........નું પલ્લું નીચું નમી જાય. (અઠ્ઠમતપ, સાધર્મિક ભક્તિ, ક્ષમાપના)

૧૪. અકબરને અહિંસક બનાવનાર .................... હતા.
(હેમચન્દ્રાચાર્ય, હરિભદ્રાચાર્ય, હીરસૂરિજી)

૧૫. સંવત્સરી સુધીમાં ક્ષમાપના ન કરીએ તો આપણા કષાયો ............થાય. (અનંતાનુબંધી, સંજ્વલન, પ્રત્યાખ્યાનીય)

૧૬. માતા ........પદાર્થ ખાય તો ગર્ભમાં રહેલો બાળક કુબડો, અંધ મૂર્ખ અને વામન થાય છે. (પિત્તવાળા, કફવાળા, વાયુવાળા)

૧૭. પ્રભુ મહાવીરના શાસનમાં ....................૧૮ દેશમાં અમારી પ્રવર્તન કરાવ્યું. (હેમચન્દ્રાચાર્યે, હરિભદ્રાચાર્યે, હીરસૂરિજીએ)

૧૮. બારમા દિવસે ભગવાનનું નામ .................... પડ્યું. (મહાવીર, વીર, વર્ધમાન)

૧૯. જે .........છે, તે આરાધક છે. (તપસ્વી, સંયમી, ખમાવે)

૨૦. કઠપૂતનાના ઉપસર્ગ વખતે ભગવાનને .................... ઉત્પન્ન થયું. (કેવળજ્ઞાન, અવધિજ્ઞાન, લોકાવધિજ્ઞાન)

૨૧. કાળચક્રનો ઉપસર્ગ ....................માં ઉત્કૃષ્ટ ઉપસર્ગ ગણાય. (જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ)

૨૨. .................... દિવસે ભગવાનને કેવળજ્ઞાન થયું. (વૈશાખ સુદ ૧૧, વૈશાખ સુદ ૧૦, ચૈત્ર સુદ ૧૩)

૨૩. સાધર્મિક ભાઇ–બહેનને .................... કરાય. (ગુરુવંદન, પ્રણામ, જયશ્રીકૃષ્ણ)

૨૪. અજૈનની ................કરાય. (ભક્તિ, વાહવાહ, અનુકંપા)

૨૫. ભગવાનનું .................... ચોમાસુ અનિયત થયું. (સાતમુ, નવમુ, બારમુ)

૨૬. પાર્શ્વનાથ ભગવાન .................... પર્વત પર મોક્ષે ગયા. (શત્રુંજય, ગિરનાર, સમેતશિખર)

૨૭. કુમારપાળ મહારાજે .........વર્ષ સુધી, દર વર્ષે ૧ કરોડ સોનામહોરથી સાધર્મિકભક્તિ કરી. (૫, ૧૪, ૫૦)

૨૮. ઋષભદેવ ભગવાનને .................... પારણું કરાવ્યું. (ભરતે, બાહુબલીએ, શ્રેયાંસકુમારે)

૨૯. પ્રભાસ બ્રાહ્મણને .................... અંગે શંકા હતી. (આત્મા, દેવો, મોક્ષ)

૩૦. સાધર્મિકભક્તિના પ્રસંગમાંથી .................... ટૂંક નિર્માણ પામી. (ઉજમફોઇની, સવા–સોમાની, મોતીશાની)

૩૧. ભસ્મરાશિગ્રહ ભગવાનના જન્મ .................... માં સંક્રાન્ત થયો. (રાશિ, ગ્રહ, નક્ષત્ર)

૩૨. ભગવાન .................... ની જેમ અપ્રમત્ત હતા. (સિંહ, ભારંડપક્ષી, સૂર્ય)

૩૩. ઉપવાસ કરીને પણ .................... સાધર્મિક ભક્તિનો લાભ લેતા. (શાન્તનુ શેઠ, મોતીશા શેઠ, પુણીયો શ્રાવક)

૩૪. ભગવાન મહાવીરે સ્વપ્નનું ફળ .................... ને કહ્યું. (ત્રિશલાદેવી, ગૌતમસ્વામી, ઉત્પલ)

૩૫. ભગવાન મહાવીરે .................... વનમાં દીક્ષા લીધી. (અશોક, આમ્ર, જ્ઞાતખંડ)

૩૬. ભગવાનનો જન્માભિષેક .................... કરે છે. (વૈમાનિક ઇન્દ્રો, સૌધર્મેન્દ્ર, ૬૪ ઇન્દ્રો)

૩૭. પજુસણ નિમિત્તે છેવટે .................... માળા તો ગણવી જ જોઇએ. (૧૦૮, ૨૦, ૬૦)

૩૮. કંબલ શંબલ દેવો પૂર્વભવમાં .................... હતા. (સાધુઓ, માનવો, બળદો)

૩૯. .................... એ શ્રામણ્યનો સાર છે. (સ્વાધ્યાય, ખમાવવું, તપશ્ચર્યા)

૪૦. પરમાત્માએ .................... દષ્ટિએ વેદપંક્તિઓને સાચી ઠરાવી. (સંજય, સ્યાદ્વાદ, આત્મ)

૪૧. ભગવાને ગણધરોને .................... આપી. (દ્વાદશાંગી, તત્ત્વત્રયી, ત્રિપદી)

૪૨. શિષ્યા સાથેની ક્ષમાપનાના પ્રભાવે .................... ગુરુણી કેવળજ્ઞાન પામ્યા. (રાજીમતી, મૃગાવતીજી, ચંદનબાળાજી)

૪૩. નવકારશી કરવાથી .................... વર્ષની નરકની અશાતા દૂર થાય છે. (૧૦૦૦, ૧૦૦, ૧૦૦૦૦)

૪૪. નેમીનાથ ભગવાનના પાંચે કલ્યાણકો ....................
નક્ષત્રમાં થયા છે. (વિશાખા, ચિત્રા, ઉત્તરાષાઢા)

૪૫. વસ્તુપાલ તેજપાળે .................... સાધર્મિકોને લખપતિ
બનાવ્યા. (૧૧, ૩૬, ૫)

૪૬. પર્યુષણમાં સૌથી નાનો કાઉસ્સગ્ગ ....................
નવકારનો આવે છે. (૪, ૧૬૧, ૧૦૦)

૪૭. દ્રૌપદીનું અપહરણ .................... રાજાએ કરાવ્યું હતું.
(દુર્યોધન, પદ્મોત્તર, કપિલ)

૪૮. પર્યુષણમાં સૌથી મોટો કાઉસ્સગ્ગ ....................
નવકારનો આવે છે. (૪, ૧૬૧, ૧૬૦)

૪૯. નંદન રાજર્ષિએ .................... વર્ષ માસક્ષમણને પારણે
માસક્ષમણ કર્યા હતા. (૧૦૦૦, ૧૦૦૦૦૦, ૧૦૦૦૦૦૦)

૫૦. અષ્ટાહ્નિકા મહોત્સવ .................... કર્તવ્યમાં આવે.
(સ્નાત્ર મહોત્સવ, દેવદ્રવ્યવૃદ્ધિ, યાત્રાત્રિક)

૫૧. ............શલ્યરહિત તપ કરવો જોઇએ. (પાંચ, ત્રણ, બે)

૫૨. ........... ભગવાનના શાસનમાં અસંયતિઓની પૂજા થઇ.
(શીતલનાથ,સુવિધિનાથ, મલ્લિનાથ)

૫૩. અવસર્પિણીનો બીજો આરો .................... કોડાકોડી
સાગરોપમનો હોય છે. (ચાર, ત્રણ, બે)

૫૪. બસ વગેરે વાહનો દ્વારા યાત્રા કરાવનાર સંઘવી તરીકેની
માળા પહેરી .................... (શકે, ન શકે)

૫૫. શાન્તિનાથ ભગવાનના શાસનના જીવો ................હતા.
(ઋજુ – જડ, ઋજુ — પ્રાજ્ઞ, જડ-વક્ર)

૫૬. ચાતુર્માસ માટેના યોગ્ય ક્ષેત્રમાં ઓછામાં ઓછા ..................
ગુણો હોવા જોઇએ. (ત્રણ, ચાર, તેર)

૫૭. પ્રભુ મહાવીરદેવની ................. દેશના સૌથી લાંબી હતી.
(છેલ્લી, પહેલી, બીજી)

૫૮. પ્રભુ મહાવીરદેવની .................... દેશનામાં સંઘસ્થાપના થઇ. (છેલ્લી, પહેલી, બીજી)

૫૯. તીર્થંકર ભગવંતનું શરીર .................... લક્ષણોથી યુક્ત હોય છે. (૩૨, ૧૦૮, ૧૦૦૮)

૬૦. ત્રૈરાશિક મતની સ્થાપના .................... કરી.
(જમાલીએ, ગોશાળાએ, રોહગુપ્તે)

૬૧. પ્રભુ મહાવીરદેવની ઉપર .................... ઉપસર્ગ કર્યો.
(જમાલીએ, ગોશાળાએ, રોહગુપ્તે)

૬૨. સુધર્માસ્વામીનું આયુષ્ય ..........વર્ષનું હતું. (૭૨, ૯૦, ૧૦૦)

૬૩. પાર્શ્વકુમારે ......ને ધરણેન્દ્ર બનાવ્યો. (કમઠ, સર્પ, સિંહ)

૬૪. નેમીકુમારને રાજીમતી સાથે .................... ભવોની પ્રીત હતી. (૧૧, ૨૩, ૯)

૬૫. કલ્પસૂત્રના.........વ્યાખ્યાનમાં સામાચારીનું વર્ણન આવે છે.
(સાતમા, આઠમા, નવમા)

૬૬. ભગવાન મહાવીરે પ્રથમ પારણું .................... વડે કર્યું.
(હાથ, પાત્ર, ચંત્ર)

૬૭. ભદ્રબાહુ સ્વામીજી ............પૂર્વધર હતા. (ચૌદ, દસ, નવ)

૬૮. વજસ્વામીજી ........... પૂર્વધર હતા. (ચૌદ, દસ, નવ)

૬૯. સ્થૂલભદ્રજી અર્થથી ...........પૂર્વધર હતા. (ચૌદ, દસ, નવ)

૭૦. શ્રાવકનું પાંચમુ વાર્ષિક કર્તવ્ય .................... છે.
(યાત્રાત્રિક, મહાપૂજા, દેવદ્રવ્યવૃદ્ધિ)

૭૧. પોતાના સમગ્રજીવનના પાપોનું પ્રાયશ્ચિત્ત લેવું તે ............છે.
(પાપ-પ્રતિઘાત, ભવાલોચના, પાપત્યાગ)

૭૨. પ્રભુ મહાવીરદેવની માતા દેવાનંદાને .................... સ્વપ્નો આવ્યા હતા. (૪, ૧૦, ૧૪)

૭૩. .................... ના કારણે લક્ષ્મણા સાધ્વીજીનો ૮૦ ચોવીસી સુધી સંસાર લંબાઇ ગયો. (વૈર, માયા, વિચારો)

૭૪. પ્રભુ મહાવીરના પિતા ઋષભદત્તે .................... બોલાવ્યા હતા. (સ્વપ્ન-પાઠકોને, કૌટુંબિક પુરુષોને, સ્વજનોને)

૭૫. .................... શેઠે ૩૬ સાધર્મિકોનો ઉદ્ધાર કરેલ. (જગડ, ભામાશા, આભૂ)

૭૬. પ્રભુ મહાવીર ઉપર સંગમે એક રાત્રીમાં .................... ઉપસર્ગો કર્યા હતા. (૧, ૨૦, ૧૦૮)

૭૭. કોઇપણ સંજોગોમાં .................... તો ન જ કરાય. (જિનાજ્ઞાપાલન, જિનાજ્ઞાપક્ષ, જિનાજ્ઞાભંગ)

૭૮. ભગવાન મહાવીરદેવ .................... નક્ષત્રમાં મોક્ષે ગયા.. (ઉત્તરાફાલ્ગુની, સ્વાતિ, હસ્ત)

૭૯. વિક્રમરાજાના સંઘમાં ૭૦ લાખ .................... હતા. (દેરાસરો, માણસો, કુટુંબો)

૮૦. .................... મ. સાહેબના અષ્ટાહ્નિકા પ્રવચનો પ્રચલિત છે. (હરિભદ્રસૂરિજી, લક્ષ્મીસૂરિજી, ભદ્રબાહુસૂરિજી)

૮૧. .................... ની શ્રુતભક્તિ પ્રસિદ્ધ છે. (લલ્લિંગ, અકબર, જગડુશા)

૮૨. વિક્રમરાજાના સંઘમાં .................... આચાર્યો હતા. (૫૦૦, ૫૦, ૫૦૦૦)

૮૩. .................... પદ ઉપર મેઘકુમારનું દૃષ્ટાંત આવે છે. (ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મસારહીણં)

૮૪. પ્રભુની નિષ્ફળ દેશના .................... નંબરનું આશ્ચર્ય છે. (પ્રથમ, ચોથા, સાતમા)

૮૫. સુમંગલાએ ......યુગલોને જન્મ આપ્યો હતો. (૫૦, ૪૯, ૧)

૮૬. સાધુ - સાધ્વીઓએ .................... પૂર્વે તો લોચ કરાવવો જ જોઇએ. (દિવાળી, પર્યુષણ, સંવત્સરી)

૮૭. જંબૂકુમાર .........કરોડ સોનામહોરોનો અધિપતિ થયો હતો. (૧૮, ૯૯, ૧૦૮)

**નીચેના વાક્યો સામે ઉચિત કે અનુચિત, જે યોગ્ય હોય તે લખો.**

૮૮. પોતાના નાના બાળકોને ઉપાશ્રયમાં છૂટા રમતા મૂકીને અંજનાબેન વ્યાખ્યાન સાંભળવા બેઠાં

૮૯. હીનાબહેને ઘરનું કામકાજ સંભાળી લઇને પોતાની જેઠાણી સુધાબેનને બધા વ્યાખ્યાનો સાંભળવાની અનુકૂળતા કરી આપી.

૯૦. નાના છોકરાઓ પૌષધમાં દોડધામ કરતાં હતાં

૯૧. અશોકભાઇએ સાધર્મિકોને ત્યાં ગુપ્તપણે ઘી-ગોળ-મીઠાઇ પહોંચાડી દીધાં

૯૨. ભાઇઓની હાજરીમાં મહીલામંડળે ભાવના ભણાવી.

૯૩. ચીનુકાકાએ મહાવીર જયંતીના બદલે મહાવીર જન્મકલ્યાણક શબ્દ વાપરવાની પ્રેરણા કરી.

૯૪. રમણભાઇ ઉપાશ્રયમાં પ્રવચન સાંભળવા જવાના બદલે પર્યુષણ પ્રવચન માળાના વક્તવ્યો સાંભળવા ગયા.

૯૫. દર્શને પર્યુષણના આઠે દિવસ પૌષધ કર્યા.

૯૬. પાંચ વર્ષની જિજ્ઞાએ પર્યુષણ નિમિત્તે ૨૪ બીયાસણા કર્યા.

૯૭. પર્યુષણના પ્રવચનોની ઓડીયો કેસેટ સાંભળતા અભયને તેના પપ્પાએ ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા જવા કહ્યું.

૯૮. વરઘોડામાં હાથી- ઘોડો, ઘોડાગાડી બગી વગેરેનો ઉપયોગ કરતાં પહેલાં સંઘના સભ્યોએ તે તે પશુઓને ગોળ-ઘાસ વગેરે ખવડાવ્યું

૯૯. નામણદીવાનો ચઢાવો બોલવામાં સંઘની કોઈ વ્યક્તિએ ઉલ્લાસ ન બતાડયો.

૧૦૦ સંઘના તમામ સભ્યો ટોળે વળીને વરઘોડો જોવાના બદલે વરઘોડામાં સામેલ થઈને ફરતા હતા.

૧૪ પૂર્વના નામઃ (૧) ઉત્પાદ (૨) અગ્રાયણી (૩) વીર્યપ્રવાદ (૪) અસ્તિપ્રવાદ (૫) જ્ઞાનપ્રવાદ (૬) સત્યપ્રવાદ (૭) આત્મપ્રવાદ (૮) કર્મપ્રવાદ (૯) પ્રત્યાખ્યાન પ્રવાદ (૧૦) વિદ્યાપ્રવાદ (૧૧) કલ્યાણપ્રવાદ (૧૨) પ્રાણવાય પ્રવાદ (૧૩) ક્રિયા પ્રવાદ અને (૧૪) લોકબિંદુસાર

# પેપર-૮ "આ છે અણગાર અમારા"

૧. મોક્ષ મેળવવા દરેકે .................... બનવું જોઇએ.
(ગૃહસ્થ, અણગાર, વેપારી)

૨. અણગાર બનવું એટલે .................... લેવી.
(દીક્ષા, દક્ષિણા, પ્રતિજ્ઞા)

૩. અણગાર બનવું એટલે .................... નો ત્યાગ કરવો.
(જીવન, આયુષ્ય, સંસાર)

૪. અગાર = .................... , અગાર વિનાનો તે અણગાર.
(સંસાર, ઘર, ગામ)

૫. અણગારને ....................નું સામાયિક હોય છે.
(૪૮ મિનિટ, એક વર્ષ; જિંદગીભર)

૬. અણગાર બનતી વખતે ................ સૂત્ર ઉચ્ચરાવાય છે.
(નવકાર, કરેમિભંતે, મહાવ્રત)

૭. અણગાર બનનારે .................... સ્વીકારવાના હોય છે.
(ગુણવ્રતો, શિક્ષાવ્રતો, મહાવ્રતો)

૮. .......... જ અણગાર બની શકે. (દેવ, માનવ, તિર્યંચ)

૯. ............... વર્ષની ઉંમર પહેલા અણગાર ન બની શકાય.
(૧૮, ૨૫, ૮)

૧૦. અણગાર .................... મહારાજ તરીકે પ્રસિદ્ધ છે.
(રસૌયા, રાજા, ગુરુ)

૧૧. અણગારને .................... કરાય છે.
(ચૈત્યવંદન, ગુરુવંદન, દેવવંદન)

૧૨. અણગાર .........ગુણસ્થાનકે ગણાય. (ચોથા, પાંચમા, છઠ્ઠા)

૧૩. અણગારનું જીવન એટલે .................... જીવન.
(સર્વવિરતિ, દેશવિરતિ, અવિરતિ)

૧૪. અણગારને ઓળખવાનું બાહ્ય ચિહ્ન .................... છે.
(પાતરા, ઓઘો, આસન)

૧૫. આ અવસર્પિણીકાળમાં સૌ પ્રથમ અણગાર .............. બન્યા.
(મરુદેવામાતા, ઋષભદેવ, પુંડરીકસ્વામી)

૧૬. એક અણગાર બીજા અણગારને ..............કહેવડાવે છે.
(ધર્મલાભ, પ્રણામ, વંદના)

૧૭. અણગાર ગૃહસ્થોને .................... કહેવડાવે છે.
(ધર્મલાભ, પ્રણામ, વંદના)

૧૮. ગૃહસ્થો અણગારને .................... કહેવડાવે છે.
(ધર્મલાભ, પ્રણામ, વંદના)

૧૯. અણગાર .................... માટેની સાધના કરે છે.
(સુખ, અભયદાન, મોક્ષ)

૨૦. અણગારનું જીવન એટલે .................... રહિત જીવન.
(ગુણ, સુખ, પાપ)

૨૧. હાલ અણગારનો વેશ .................... હોય છે.
(ભગવો, સફેદ, રંગબેરંગી)

૨૨. અણગારના ભોજનને .................... કહેવાય છે.
(જમણ, મિજબાની, ગોચરી)

૨૩. અણગારના ઓઘાને .................... પણ કહેવાય છે.
(ચરવળો, દંડાસણ, રજોહરણ)

૨૪. અણગાર પાસે રહેલી લાકડી ........... કહેવાય છે.
(લાઠી, દાંડો, દંડાસન)

૨૫. અણગાર ........માં ભોજન લે છે. (વાસણ, હાથ, પાત્રા)

૨૬. અણગારની ઘર-ઘરથી ભિક્ષા લેવાની ક્રિયા ..................
ક્રિયા કહેવાય છે.
(ભીખ માંગવાની, ગોચરી વહોરવાની, આશિષ આપવાની)

૨૭. અણગાર આવતીકાલ માટે ભોજન રાખી ....................
(શકે, ન શકે)

૨૮. અણગાર .................... એક ગામથી બીજા ગામ જાય.
(વાહન દ્વારા, પગે ચાલતાં, ઘોડા ઉપર)

૨૯. અણગાર ............ને ન અડે. (પુસ્તક, ભોજન, સ્ત્રી)

૩૦. અણગાર .................... ન રાખે. (પૈસો, જ્ઞાન, ગુણો)

૩૧. અણગાર પોતાના વાળ .................... વડે દૂર કરે.
(હજામ, બ્યુટી પાર્લર, લોચ)

૩૨. અણગાર સર્વ જીવોને .................... દાન આપે.
(વસ્ત્ર, ભોજન, અભય)

૩૩. અણગારના ..............ગુણો પ્રસિદ્ધ છે. (૨૫, ૨૭, ૩૧)

૩૪. અણગારનો મહત્વનો ગુણ .................... છે.
(માર્ગદેશકતા, અવિનાશિતા, સહાયકતા)

૩૫. અણગારની એક ગામથી બીજા ગામ જવાની ક્રિયાને .................... કહેવાય છે. (યાત્રા, વિહાર, સંઘ)

૩૬. અણગારની માથાના વાળ ખેંચી ખેંચીને કાઢવાની ક્રિયાને .................... કહેવાય છે. (હજામત, સેવિંગ, લોચ)

૩૭. રાત્રિના સમયે અણગાર .................... વડે જમીન પ્રમાર્જીને ચાલે છે. (ઓઘા, દંડાસન, ચરવળા)

૩૮. અણગાર .................... પ્રકાશનો ઉપયોગ ન કરી શકે.
(લાઇટના, સૂર્યના, ચંદ્રના)

૩૯. અણગાર રોજ ........વાર પ્રતિક્રમણ કરે. (ત્રણ, એક, બે)

૪૦. અણગાર માટે સ્પેશ્યલ બનાવેલી વસ્તુ .................... દોષવાળી કહેવાય. (મિશ્ર, આધાકર્મી, ભોજન)

૪૧. અણગારને ................દોષ વિનાની ભિક્ષા ચાલી શકે.
(૧૮, ૩૨, ૪૨)

૪૨. શક્તિ હોય તો અણગારે ઓછામાં ઓછા .................... તપ રોજ કરવો જોઇએ.
(ઉપવાસનો, બીયાસણાનો, એકાસણાનો)

૪૩. જીવોની રક્ષા નિમિત્તે અણગાર રોજ .................... વાર વસ્ત્ર-પાત્રનું પડિલેહણ કરે છે. (ત્રણ, બે, એક)

૪૪. અણગાર .................... નો ઉપયોગ કરી શકે.
(પંખા, ટી.વી., ઉકાળેલા પાણી)

૪૫. ભક્તજનોને પ્રતિબોધ કરવા અણગાર .................... આપે છે. (લેક્ચર, વ્યાખ્યાન, ભાષણ)

૪૬. અણગારને દિવસમાં ............વાર વંદના કરવી જોઇએ.
(એક, બે, ત્રણ)

૪૭. અણગારને .................... પ્રકારની વંદના કરાય છે.
(એક, બે, ત્રણ)

૪૮. અણગારને કરાતી સૌથી નાની વંદના .................... કહેવાય છે. (ફિટ્ટાવંદન, થોભવંદન, દ્વાદશાવર્તવંદન)

૪૯. અણગાર સામે દેખાય ત્યારે સૌ પ્રથમ બે હાથ જોડીને માથું નમાવીને .................... બોલવું જોઇએ.
(નમો જિણાણં, પધારો-પધારો, મત્થએણ વંદામિ)

૫૦. અણગારને કરાતું ઉત્કૃષ્ટ વંદન .................... છે.
(ફિટ્ટાવંદન, થોભવંદન, દ્વાદશાવર્તવંદન)

૫૧. અણગારની રજા લીધા વિના .................... માં પ્રવેશ થઇ શકે નહિ. (ઉપાશ્રય, દેરાસર, અવગ્રહ)

૫૨. અણગારની આશાતનાથી બચવા તથા સ્વ-પરના હિતની રક્ષા માટે ................ની મર્યાદાઓનું પાલન કરવું જરૂરી છે.
(કાયદાઓ, અવગ્રહ, જગત)

૫૩. .................... અવસ્થાઓમાં અણગારને વંદન કરવાની શાસ્ત્રોમાં ના જણાવી છે. (ત્રણ, ચાર, પાંચ)

૫૪. કૃષ્ણ મહારાજાએ .................... સાધુઓને વિધિપૂર્વક વંદન કરીને ક્ષાયિક સમકિત મેળવ્યું હતું.
(૧૦૦૦૦, ૧૪૦૦૦, ૧૮૦૦૦)

૫૫. ઇચ્છકાર – અબ્ભુટ્ઠિયા સૂત્ર વડે જે વંદન કરાય છે, તે ......... કહેવાય. (ફિટ્ટાવંદન, થોભવંદન, દ્વાદશાવર્તવંદન)

૫૬. દ્વાદશાવર્તવંદનમાં ગુરુભગવંતની ચરણરજ .........વખત મસ્તકે લગાડવા રૂપ આવર્તો કરવાના છે. (આઠ, બાર, સોળ)

૫૭. અણગારને વંદના કરતી વખતે .................... દોષો ન લગાડવા જોઇએ. (૧૨, ૩૨, ૪૨)

૫૮. અણગારની .................... આશાતના ન થાય તેની કાળજી રાખવી જોઇએ. (૧૦, ૩૩, ૮૪)

૫૯. અણગારના ડાયરેક્ટ ચરણસ્પર્શ કરવાનો અધિકાર .................... ને નથી. (સાધુ, સાધ્વી, ગૃહસ્થ)

૬૦. વિદ્યા કે મંત્ર – તંત્ર મેળવવાની લાલચથી અણગારને વંદના કરીએ તો .......દોષ લાગે. (કારણ, મૈત્રી, ભજંત)

૬૧. વસ્ત્ર, પાત્ર, પેન, સ્ટીકરો વગેરે વસ્તુઓના લાભ માટે વંદન કરીએ તો ............ દોષ લાગે. (કારણ, મૈત્રી, ભજંત)

૬૨. અણગારની ......... અવસ્થાઓમાં વંદના કરવાની રજા છે. (ત્રણ, ચાર, પાંચ)

૬૩. પદવીધારી અણગારને .................... ખમાસમણ વધારે દેવાના હોય છે. (૧, ૨, ૩)

૬૪. ૩૬ ગુણના ધારક અણગાર .................... તરીકે ઓળખાય છે. (સાધુ, આચાર્ય, ઉપાધ્યાય)

૬૫. અણગારે .................... તત્ત્વથી સાવચેત રહેવું જોઇએ. (વિજાતીય, ભક્તિ, ભક્ત)

૬૬. અણગારે ........... પ્રવચનમાતાનું પાલન કરવાનું હોય છે. (પાંચ, આઠ, સત્તર)

૬૭. અણગારે .............. પ્રકારના અસંયમથી દૂર રહેવું જોઇએ. (પાંચ, આઠ, સત્તર)

૬૮. અણગારે ...............અવ્રતોનો સદંતર ત્યાગ કરવો જોઇએ. (પાંચ, આઠ, સત્તર)

૬૯. અણગારે .................... શીલાંગો પાળવાના હોય છે.
(૯૦૦૦, ૧૮૦૦૦, ૨૭,૦૦૦)

૭૦. બધી ક્રિયાઓ ગુરુભગવંતની ગેરહાજરીમાં તેમની ..........કરીને પણ કરવી જોઇએ. (સ્તવના, વંદના, સ્થાપના)

૭૧. અણગાર-વંદનાના પ્રભાવે .................... રાજાની ચાર નરક ઓછી થઇ ગઇ. (શ્રેણિક, શ્રીકૃષ્ણ, ઉદાયી)

૭૨. અણગાર પાસે વ્યાખ્યાન સાંભળતા વંદના કરીને ............. આદેશો માંગવાના હોય છે. (સામાયિકના, બેસવાના, વાચનાના)

૭૩. અણગાર-વંદનાથી વિશિષ્ટ પ્રકારના .................... લાભો થાય છે, તેમ શાસ્ત્રોમાં જણાવેલ છે. (૩, ૫, ૬)

૭૪. અણગાર આખો દિવસ .................... કરે.
(નિંદા, નોકરી, સ્વાધ્યાય)

૭૫. ૫૦ વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધ્વીજીએ પણ આજના દીક્ષિત અણગારને વંદના ..............જોઇએ. (કરવી, ન કરવી)

૭૬. અણગાર દંડાસનથી જયણાપૂર્વક .............. કાઢે છે.
(કચરો, કાજો, મેલ)

૭૭. દીક્ષિત પિતાએ પોતાનાથી પહેલા દીક્ષિત બનેલા પુત્ર અણગારને વંદના કરવાની હોય .................... (છે, નહિ)

૭૮. રાત્રે અણગારને .................... કહેવાય.
(ઇચ્છકાર, ત્રિકાળવંદના, મત્થએણ વંદામિ)

૭૯. અણગારે બ્રહ્મચર્યની .................... વાડો પાળવી જોઇએ.
(દસ, નવ, પાંચ)

૮૦. રજા લીધા સિવાય વિજાતીય વ્યકિતએ અણગારથી .................... હાથ દૂર રહેવું જોઇએ. (૩II, ૧૩, ૧)

૮૧. રજા લીધા સિવાય સજાતીય વ્યક્તિએ અણગારથી .................... હાથ દૂર રહેવું જોઇએ. (૩II, ૧૩, ૧)

૮૨. અણગારના જીવનનો રસાસ્વાદ માણવા રોજ ................ કરવું જોઇએ. (પ્રભુપૂજન, ગુરુવંદન, સામાયિક)

નીચેના વાક્યો વાંચીને તેની સામે 'ઉચિત' કે 'અનુચિત' જે યોગ્ય હોય તે લખો.

૮૩. "ગુરુમહારાજે પક્ષપાત કર્યો છે." તેવો વિરલે વિચાર કર્યો.

૮૪. અણગારે પ્રશ્ન પૂછતાં અભયે પોતાની જગ્યાએ દૂર બેઠા રહીને જ જવાબ આપ્યો.

૮૫. અંજનાબહેને સાધ્વીજી મહારાજાથી ઊંચા આસને ન બેસી જવાય તેની કાળજી લીધી.

૮૬. વરઘોડામાં મયંકભાઇ અણગારની આગળ ચાલતા હતા.

૮૭. શિષ્યોને ભણાવતા અણગારથી નજીકમાં જઇને શ્રેયસે જોરથી "સ્વામી શાતા છે જી ?" પૂછ્યું ....................

૮૮. ગોચરી વાપરવા જઇ રહેલા અણગારને વંદન કરવા ઊભા રાખવાના બદલે 'મત્થએણ વંદામિ' કહીને ધર્મેશે સંતોષ માન્યો.

૮૯. તેજસ, વિભવ, રીપુલ, મેહુલ વગેરે બાળકો રજા લીધા વિના અણગારની આજુ બાજુ બેસી ગયા.

૯૦. ભાવિને ઊછળતા ઉલ્લાસપૂર્વક બધા અણગારોને વંદન કર્યું.

૯૧. હાર્દિકે વાંદણા દેતી વખતે મુહપત્તિ સાથળ ઉપર મૂકી.

૯૨. બપોરે આરામ કરી રહેલાં અણગારને રમણે થોભવંદન કર્યું.

૯૩. ઋષભે વાંદણા દેતી વખતે ૨૫ આવશ્યકો સાચવવાની કાળજી લીધી.

૯૪. શાતા પૂછનારાને અણગારે "દેવ-ગુરુ પસાય" જવાબ આપ્યો.

૯૫. "મને વંદન કરતા કેટલું બધું સરસ આવડે છે" તેની લોકોને જાણ થાય તે માટે મહેશે વિધિપૂર્વક અણગારને વંદના કરી.

૯૬. મિત્રોની સાથે વાતો કરતાં કરતાં કિંચિતે વંદના કરી.

૯૭. રાત્રે ૧૦ વાગે ઉપાશ્રયમાં ગયેલા મેઘે અણગારને વિધિપૂર્વક થોભવંદન કર્યું.

૯૮. રમણભાઈએ એક જ જગ્યાએ બેસીને ત્રણ અણગારોને ભેગું એક જ વંદન કર્યું.

૯૯. ઊભા ઊભા ગુરુવંદન કરતાં દીપેને વંદન કરતી વખતે દરેક ખમાસમણ દેતાં પાંચેય અંગો જમીનને અડે તેની કાળજી લીધી.

૧૦૦. ઋષભે ઉપાશ્રયમાં રહેલાં તમામ ગુરુભગવંતને તેમની ઉંમરના ક્રમે વંદન કર્યા.


પૂ. પં. શ્રી મેઘદર્શનવિજયજી મ. સાહેબની

અત્યંત સરળ શૈલિથી તૈયાર કરાયેલ

સાહિત્યનો રસથાળ

સૂત્રોના રહસ્યો : ભાગ - ૧,૨,૩

કર્મનું કમ્પ્યુટર ભાગ - ૧, ૨, ૩

શ્રાવક જન તો તેને રે કહીએ ભાગ - ૧, ૨

તારક તત્ત્વજ્ઞાન

આદીશ્વર અલબેલો રે

વ્રત ધરીયે ગુરુ સાખ ભાગ ૧-૨

જ્ઞાનદીપક ભાગ ૧-૨-૩

જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ ૧ થી ૪

તત્ત્વઝરણું

ચાલો ચાલો સિદ્ધગિરિ જઈએ રે

પ્રસન્ન રહેતા શીખો

કલ્યાણમિત્ર

બાર વ્રત અને શત્રુંજય આરાધના

જેની હજારો નકલો ખલાસ થઈ ગઈ છે, તેવા ઉપરના પુસ્તકોની નવી આવૃત્તિ બહાર પડી ગઈ છે આજે જ મેળવીને વાંચો અને જીવનની નવી ઊંચાઈને પામો

## પેપર-૯ "તપ કરીએ સમતા રાખી ઘટમાં"

૧. તપ એ મોક્ષે જવાનો ......... કટ છે. (સરળ, શોર્ટ, શ્રેષ્ઠ)
૨. તપથી કર્મોની ......... થાય છે. (ભરતી, સ્થિતિ, નિર્જરા)
૩. તપના મુખ્ય ..........પ્રકાર જણાવાયા છે. (પાંચ, ત્રણ, બે)
૪. ..............પ્રકારના તપ પ્રચલિત છે. (દસ, બાર, સત્તર)
૫. બાહ્ય તપના .................... ભેદો છે. (પાંચ, ત્રણ, છ)
૬. અભ્યંતર તપના ................. ભેદો છે. (પાંચ ત્રણ, છ)
૭. તપપદના વધુમાં વધુ .......ભેદો પ્રસિદ્ધ છે. (૫૦, ૭૦, ૧૦૮)
૮. તપનો સમાવેશ ............માં થાય છે.
(નવકાર, સિદ્ધચક્ર, તીર્થાધિરાજ)
૯. તપનો સમાવેશ .............માં થાય છે.
(પ્રવચનમાતા, યતિધર્મ, મહાવ્રત)
૧૦. નવકારશીનું પચ્ચક્ખાણ કરવાથી .................... વર્ષના નરકના દુઃખો દૂર થાય છે. (૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦)
૧૧. નવકારશીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પછી .................... પસાર થયા બાદ પરાય. (બે પ્રહર, ૧ પ્રહર, ૪૮ મિનિટ)
૧૨. પોરિસીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પછી .................... પસાર થયા બાદ પરાય. (બે પ્રહર, ૧ પ્રહર, ૪૮ મિનિટ)
૧૩. પુરિમુઢ્ઢનું પચ્ચક્ખાણ સૂર્યોદય પછી .................... પસાર થયા બાદ પરાય. (બે પ્રહર, ૧ પ્રહર, ૪૮ મિનિટ)
૧૪. સાઢપોરિસીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પછી .................... પસાર થયા બાદ પરાય. (૩ પ્રહર, ૨ા પ્રહર, ૧ાા પ્રહર)
૧૫. અવડ્ઢનું પચ્ચક્ખાણ સૂર્યોદય પછી.................... પસાર થાય બાદ પરાય. (૩ પ્રહર, ૨ાા પ્રહર, ૧ાા પ્રહર)
૧૬. .................... માં જમણો હાથ અને મુખ સિવાય બીજા કોઇ અંગો ન હલાવાય. (એકાસણા, આયંબીલ, એકલઠાણા)

૧૭. છ વિગઇ વિનાનો આહાર .................... માં વાપરવાનો હોય છે. (એકાસણા, આયંબીલ, એકલઠાણા)

૧૮. પોરિસી કરવાથી .................... વર્ષના નરકના દુ:ખો દૂર થાય છે. (૧૦૦૦, ૧૦૦૦૦, ૧ લાખ)

૧૯. પુરિમુડ્ઢનું પચ્ચક્ખાણ કરવાથી .................... વર્ષના નરકના દુ:ખો નાશ પામે છે. (૧ કરોડ, ૧ અબજ, ૧ લાખ)

૨૦. તપ ..........શલ્ય વિનાનો કરવો જોઇએ. (ત્રણ, ચાર, પાંચ)

૨૧. ...............શલ્યવાળો તપ કરવાથી લક્ષ્મણાને શુદ્ધિ ન મળી. (નિયાણ, માયા, મિથ્યાત્વ)

૨૨. .................... શલ્યવાળો તપ તામલી તાપસને મોક્ષ ન અપાવી શક્યો. (નિયાણ, માયા, મિથ્યાત્વ)

૨૩. ..........શલ્યવાળો તપ હોવાથી પ્રભુ મહાવીરે અઢારમાં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ બનવું પડયું. (નિયાણ, માયા, મિથ્યાત્વ)

૨૪. સાઢપોરિસીના પચ્ચક્ખાણથી .................... વર્ષના નરકના દુ:ખો નાશ પામે છે. (૧૦૦૦, ૧૦૦૦૦, ૧૦૦૦૦૦)

૨૫. એકી સાથે બે ઉપવાસ કરીએ તો .................... કહેવાય. (અઠ્ઠમ, છઠ્ઠ, અઠ્ઠાઇ)

૨૬. એકી સાથે આઠ ઉપવાસ કરીએ તો ............કહેવાય. (અઠ્ઠમ, છઠ્ઠ, અઠ્ઠાઇ)

૨૭. એકી સાથે ત્રણ ઉપવાસ કરીએ તો .................... કહેવાય. (અઠ્ઠમ, છઠ્ઠ, અઠ્ઠાઇ)

૨૮. તપથી ............ નું શમન થાય છે. (વાસના, વૉમીટ, રોગ)

૨૯. .................... ને દૂર કરવા તપ કરવાનો છે. (દેહ, દોષો, દુ:ખો)

૩૦. .................... ને દૂર કરવા તપ કરવાનો છે. (આહાર, આહારસંજ્ઞા, આહારદાન)

૩૧. જેમાં બે વાર ખાઈ શકાય તે .................... તપ કહેવાય.
(એકાસણું, બીયાસણું, આયંબીલ)

૩૨. જેમાં એક વારથી વધારે વાર ખાઇ શકાય તે ..................
તપ કહેવાય. (એકાસણું, બીયાસણું આયંબીલ)

૩૩. એકલઠાણાનું પચ્ચક્ખાણ કરવાથી .................. વર્ષના નરકના દુ:ખો નાશ પામે છે. (૧ કરોડ, દસ કરોડ, હજાર કરોડ)

૩૪. આયંબીલનું પચ્ચક્ખાણ કરવાથી ........... વર્ષના નરકના દુ:ખો નાશ પામે છે. (૧ કરોડ, દસ કરોડ, હજાર કરોડ)

૩૫. એકી સાથે અઠ્ઠમનું પચ્ચક્ખાણ કરવાથી ....................
ઉપવાસ કર્યાનો લાભ મળે છે. (૩, ૧૦, ૧૦૦)

૩૬. એકી સાથે અઠ્ઠાઇનું પચ્ચક્ખાણ કરવાથી ....................
ઉપવાસનો લાભ મળે છે. (આઠ, ૧ કરોડ, દસ કરોડ)

૩૭. અઠ્ઠમના પચ્ચક્ખાણથી .............વર્ષના નરકના દુ:ખો નાશ પામે છે. (હજાર કરોડ, લાખ કરોડ, દસ લાખ કરોડ)

૩૮. .................... મહાવિગઇ અભક્ષ્ય છે. (૪, ૬, ૧૦)

૩૯. ભક્ષ્ય વિગઇ .................... છે. (૪, ૬, ૧૦)

૪૦. જેનાથી શરીર ઉપર અસર પહોંચે તે ....................
તપ કહેવાય. (બાહ્ય, અભ્યંતર, મિશ્ર)

૪૧. જેની અસર સીધી આત્મા ઉપર થાય તે ..................
તપ કહેવાય. (બાહ્ય, અભ્યંતર, મિશ્ર)

૪૨. ઉપવાસ વગેરે ................નામનો બાહ્યતપ ગણાય છે.
(રસત્યાગ, કાયક્લેશ, અનશન)

૪૩. ભુખ કરતાં થોડું ઓછું ખાવું તે .................... તપ કહેવાય. (વૃત્તિસંક્ષેપ, દ્રવ્યસંક્ષેપ, ઉણોદરી)

૪૪. ઓછી વસ્તુઓ ખાવી તે .................... તપ કહેવાય.
(વૃત્તિસંક્ષેપ, દ્રવ્ય સંક્ષેપ, ઉણોદરી)

૪૫. વિગઇનો ત્યાગ કરવો તે .................... તપ કહેવાય.
(બાહ્ય, અભ્યંતર, મિશ્ર)

૪૬. તપ એટલે ઇચ્છાઓને સમજણપૂર્વક .................... કરવી.
(ઉત્તેજિત, શાંત, ઉલ્લસિત)

૪૭. થઇ ગયેલા પાપોનો એકરાર કરવો તે ............તપ છે.
(બાહ્ય, અભ્યંતર, મિશ્ર)

૪૮. .................... ને અપ્રતિપાતી ગુણ કહેવામાં આવ્યો છે.
(સ્વાધ્યાય, ધ્યાન, વૈયાવચ્ચ)

૪૯. .................... જેવો બીજો કોઇ તપ નથી.
(સ્વાધ્યાય, ધ્યાન, વૈયાવચ્ચ)

૫૦. એકલઠાણું કરીને ઊભા થયા બાદ .................... પી શકાય. (કાચું પાણી, ઉકાળેલું પાણી, સરબત)

૫૧. મહાવીર સ્વામી ભગવાનના શાસનમાં વધુમાં વધુ .............. મહિનાના ઉપવાસનો તપ કરાય છે. (છ, આઠ, બાર)

૫૨. ઋષભદેવ ભગવાનના શાસનમાં વધુમાં વધુ .................... મહિનાના ઉપવાસનો તપ કરાતો હતો. (છ, આઠ, બાર)

૫૩. મધ્યના ૨૨ ભગવાનના શાસનમાં વધુમાં વધુ .............. મહિનાના ઉપવાસનો તપ કરાતો હતો. (છ, આઠ, બાર)

૫૪. હાલમાં એકી સાથે વધુમાં વધુ .................... ઉપવાસનું પચ્ચક્ખાણ અપાય છે. (૮, ૧૬, ૨૦)

૫૫. એકાસણું કરવા પૂર્વક રોજ બાકીનો સમય મુઠ્ઠીસહિયંનું પચ્ચક્ખાણ કરનારને એક મહિનામાં .................... ઉપવાસનો લાભ મળે છે. (૨૮, ૨૭, ૨૯)

૫૬. બીયાસણા સાથે બાકીનો સમય મુઠ્ઠીસહિયંનું પચ્ચક્ખાણ રોજ કરનાર મહિનામાં ..............ઉપવાસનો લાભ મેળવે છે.
(૨૮, ૨૭, ૨૯)

૫૭. ગંઠશીનું પચ્ચક્ખાણ કરનાર સાળવી મરીને .............. યક્ષ બન્યો. (મણિભદ્ર, કપર્દી, વિમલેશ્વર)

૫૮. તપ કરતી વખતે જે પહેલેથી છૂટો રખાય છે, તેને ........... કહેવાય છે. (જયણા, છૂટછાટ, આગાર)

૫૯. કરેલું પચ્ચક્ખાણ યાદ ન હોવાથી ભૂલમાં કાંઇ મોઢામાં નંખાઇ જાય તો ................... થી પચ્ચક્ખાણ ભાંગતું નથી.

(સહસાગારેણં, અણાભોગેણં, મહત્તરાગારેણં)

૬૦. કરેલું પચ્ચક્ખાણ યાદ હોવા છતાં ય અચાનક મુખમાં કાંઇ પડી જાય તો ................... થી પચ્ચક્ખાણ ભાંગતું નથી. (સહસાગારેણં, અણાભોગેણં, મહત્તરાગારેણં)

૬૧. જૂદા જૂદા પચ્ચક્ખાણો સંબંધી કુલ ................... આગારો જણાવેલા છે. (૮, ૨૨, ૩૦)

૬૨. સંઘની અન્યવ્યક્તિની સમાધિ માટે કે સંઘના કોઇ મહત્વના કાર્ય માટે પોતાની અશક્તિ-અસ્વસ્થતા વગેરે દૂર કરવા, લીધેલા પચ્ચક્ખાણમાં નાછૂટકે ......... થી છૂટ લેવાય છે.

(સવ્વસમાહિવત્તિયાગાર, મહત્તરાગાર, સહસાગાર)

૬૩. જે જીવને બળાત્કારે દુર્ગતિમાં લઇ જાય તે ................... કહેવાય. (આહાર, વિગઇ, પાણી)

૬૪. અજૈનોના ધ્યાન કરતાં જૈન શાસનનો ................... ખૂબ ચડિયાતો છે. (તપ, ત્યાગ, કાયોત્સર્ગ)

૬૫. ................આગાર માત્ર સાધુઓ માટે હોવા છતાં પાઠ અખંડ રાખવા ગૃહસ્થોને પચ્ચક્ખાણ આપતાં પણ બોલાય છે.

(મહત્તર, પારિટ્ઠાવણિયા, આઉંટણપસારણ)

૬૬. એકાસણામાં રખાતો ................... આગાર એકલઠાણામાં રાખી શકાતો નથી. (મહત્તર, પારિટ્ઠાવણિયા, આઉંટણપસારણ)

૬૭. પચ્ચક્ખાણના ................... પદથી, વિશિષ્ટ ગુરુ આવ્યા હોય તો એકાસણું કરતાં કરતાં પણ ઊભા થવાની છૂટ છે. (સાગારીયાગારેણં, ગુરુ-અબ્ભુટ્ઠાણેણં, લેવાલેવેણં)

૬૮. ધ્યાનમાં માત્ર મન વશ કરવાનું હોય છે, જ્યારે કાયોત્સર્ગમાં ................... યોગો વશ કરાય છે. (ત્રણે, બે, ચાર)

૬૯. અશક્તિના કારણે ખાઇ શકાય પણ ....................થી તો ન જ ખાવું જોઇએ.

(અનાસક્તિ, આસક્તિ, ત્યાગભાવના)

૭૦. ચાર પ્રકારના ધર્મોમાં .................... નંબર તપનો છે.

(પહેલો, બીજો, ત્રીજો)

૭૧. અહિંસા, સંયમ અને તપને ઉત્કૃષ્ટ .................... કહેવાય. (આરાધના, મંગલ, યોગ)

૭૨. તપ કરતી વખતે .................... રાખવી જરૂરી છે.

(મમતા, જયણા, સમતા)

૭૩. કૃષ્ણર્ષિ વર્ષમાં માત્ર .................... પારણાં સિવાય રોજ ચોવિહાર ઉપવાસ કરતા હતા. (૫૦, ૩૪, ૭૫)

૭૪. ખેમર્ષિ વિશિષ્ટ .................... સહિતનો તપ કરતા હતા.

(ભાવનાઓ, ઉલ્લાસ, અભિગ્રહો)

૭૫. નિત્ય ચઢતાં પરિણામ સહિત તપ કરવાથી .................... નું નામ ભગવાનના મુખે ચડયું હતું.

(ઢંઢણમુનિ, ધન્ના અણગાર, સનતકુમાર)

૭૬. પૂર્વભવમાં વર્ધમાન તપ કરવાથી .................... વિશિષ્ટ રૂપ પામ્યા હતા. (ઢંઢણમુનિ, ધન્ના અણગાર, સનતકુમાર)

૭૭. "પોતાની લબ્ધિથી ભિક્ષા મળે તો જ વાપરવું." એવા અભિગ્રહ –ધારી .................... હતા.

(ઢંઢણમુનિ, ધન્ના અણગાર, સનતકુમાર)

૭૮. આહારની આસક્તિના કારણે .................... મુનિ દીક્ષા છોડીને છેલ્લે સાતમી નરકે ચાલ્યા ગયા.

(પુંડરિક, કંડરિક, કૌશિક)

૭૯. ખાવાની આસક્તિના કારણે .................... આચાર્ય મરીને ખાળમાં ભૂત થયા. (નયશીલ, સુવ્રત, મંગુ)

૮૦. ખાવાની આસક્તિના કારણે .................... મુનિ રાત્રે પણ સિંહકેસરીયા લાડુ વહોરવા નીકળી પડ્યા.

(નયશીલ, સુવ્રત, મંગુ)

૮૧. શત્રુંજયના આદેશ્વરદાદાની પ્રતિમા નિર્વિઘ્ને ઘડાય તે માટે બે મુનિઓએ .................... મહિનાના ઉપવાસ કર્યા હતા.

(એકેક, છ–છ, બાર–બાર)

૮૨. પ્રભુ મહાવીર દેવે .................... છઠ્ઠ કર્યા હતા.

(૨૨૫, ૨૨૯, ૨૩૦)

૮૩. પ્રભુ મહાવીરે સાડા બાર વર્ષના સાધનાકાળમાં ....... દિવસ સિવાય રોજ ચોવિહારા ઉપવાસ કર્યા હતા. (૩૬૦, ૩૪૯, ૨૪૯)

૮૪. .................... ના પ્રભાવે ગોશાળો સમ્યગ્દર્શન પામીને બારમા દેવલોકે પહોંચ્યો. (ઉપવાસ, પશ્ચાત્તાપ, અનશન)

૮૫. ગમે તેટલું દૂધ–ઘી ખાવા છતાં સ્વાધ્યાયના કારણે .............. મુનિ સદા દૂબળા રહેતા હતા (પુષ્યમિત્ર, શોભન, મેઘ)

૮૬. સ્વાધ્યાયમાં લીન .................... મુનિ ગોચરીમાં પથરો વહોરીને આવ્યા (પુષ્યમિત્ર શોભન, મેઘ)

૮૭. સકલચંદ્રજી મહારાજે કાયોત્સર્ગમાં .................... પૂજાની રચના કરી હતી. (પંચકલ્યાણકની, સત્તરભેદી, અષ્ટાપદજીની)

**નીચેના વાક્યની સામે 'ઉચિત' કે 'અનુચિત' જે યોગ્યહોય તે લખો.**

૮૮. હાર્દિક નવકારશીથી ઓછું પચ્ચક્ખાણ ક્યારે ય કરતો નથી.

૮૯. સમકિત સૂર્યાસ્ત થતાં પહેલા રોજ ચોવિહારનું પચ્ચક્ખાણ લે છે.

૯૦. વસંતકાકા રોજ સવારે પ્રતિક્રમણમાં, પછી દેરાસરમાં અને ત્યારબાદ ઉપાશ્રયમાં ગુરૂમહારાજ પાસે પચ્ચક્ખાણ લે છે.

૯૧. અમીત નવકારશીનું પચ્ચક્ખાણ લીધા વિના નવ વાગે ઊઠીને બ્રશ કરે છે.

૯૨. જિજ્ઞેશ પોતાની એક પણ આરાધના ડહોળાય નહિ તે રીતે તપ કરે છે.

૯૩. ભદ્રાબેન પોતાને ગુસ્સો ન આવે તેટલો જ તપ કરવાની કાળજી લે છે.

૫૬. પયન્નાસૂત્રો .................... છે. (૧૦, ૧૧, ૧૨)

૫૭. ચૂલિકાસૂત્રો .................... છે. (૬, ૪, ૨)

૫૮. છેદસૂત્રો .................... છે. (૬, ૪, ૨)

૫૯. મૂળ આગમો ........... .. ..... ભાષામાં છે.
(સંસ્કૃત, ગુજરાતી, અર્ધમાગધી)

૬૦. જ્ઞાનપૂજન કરતી વખતે .................. ઉપર વાસક્ષેપ કરવો જોઇએ. (પૈસા, જ્ઞાન, બંને)

૬૧. આપણે, આગમના સૂત્ર વગેરે .................. અંગો માનીએ છીએ. (એક, ચાર, પાંચ)

૬૨. સૂત્ર પર રચાયેલ આગમ સાહિત્યને .................. કહેવાય છે. (નિર્યુક્તિ, ભાષાંતર, વિવેચન)

૬૩. દશવૈકાલિકસૂત્રની રચના .................. સૂરિજીએ કરી.
(હરિભદ્ર, હેમચંદ્ર, શય્યંભવ)

૬૪. દશવૈકાલિકસૂત્રની રચના .................. મુનિ માટે કરવામાં આવી હતી. (જનક, મનક, કનક)

૬૫. દશવૈકાલિકસૂત્રનું .................. અધ્યયન અર્થસહિત ભણ્યા વિના સાધુ-સાધ્વીને બોલવાનો અધિકાર મળતો નથી.
(ચોથું, પાંચમું, સાતમું)

૬૬. નિર્યુક્તિ પર રચાયેલા આગમ સાહિત્યને .................. કહેવાય છે. (સૂત્ર, ભાષ્ય, વાર્તિક)

૬૭. દશવૈકાલિકસૂત્રનું .................. અધ્યયન અર્થસહિત ભણ્યા વિના સાધુ-સાધ્વીની વડીદીક્ષા ન થઇ શકે.
(ચોથું. પાંચમું, સાતમું)

૬૮. દશવૈકાલિકસૂત્રનું .................. અધ્યયન અર્થસહિત ભણ્યા વિના ગોચરી-પાણી વહોરવા ન જઇ શકાય.
(ચોથું, પાંચમુ સાતમું)

૬૯. ભાષ્ય પર રચાયેલ પ્રાકૃત સાહિત્યને .................. કહેવાય છે. (ચૂર્ણી, ટીકા, સૂત્ર)

૭૦. ભાષ્ય પર રચાયેલા સંસ્કૃત સાહિત્યને .................. કહેવાય. (ચૂર્ણી, ટીકા, સૂત્ર)

૭૧. દુપ્પસહસૂરિજી ......... આગમો ધારણ કરશે. (૪૫, ૨૫, ૪)
૭૨. ભગવતીસૂત્રનું મૂળનામ .................. સૂત્ર છે.
(કલ્પ, ઔપપાતિક, વિવાહપ્રજ્ઞપ્તિ)
૭૩. ભગવતીસૂત્ર ........ નંબરનું અંગ છે. (પ્રથમ, પાંચમા, નવમા)
૭૪. ભગવતીસૂત્રનું ૩૬,૦૦૦ સોનામહોરોથી પૂજન ................
કર્યું હતું. (દેદાશાહે, પેથડશાહે, કુમારપાળે)
૭૫. જૈન શાસ્ત્રો જ્યાં રાખવામાં આવે છે તે ....................
કહેવાય છે. (લાયબ્રેરી, પુસ્તકાલય, જ્ઞાનભંડાર)
૭૬. એકી સાથે એક વ્યક્તિને વધુમાં વધુ ....................
જ્ઞાન હોઇ શકે છે. (૩, ૪, ૫)
૭૭. એક વ્યક્તિને ઓછામાં ઓછા ........ જ્ઞાન હોય.(૧, ૨, ૩)
૭૮. તીર્થંકર ભગવંતો ગર્ભથી .................. જ્ઞાનના સ્વામી
હોય છે. (૪, ૨, ૩)
૭૯. અવધિજ્ઞાનના .................. ભેદો છે. (૨૮, ૬, ૨)
૮૦. મન:પર્યવ જ્ઞાનના .................. ભેદો છે. (૨૮, ૬, ૨)
૮૧. મતિજ્ઞાનના .................. ભેદો છે. (૨૮, ૬, ૨)
૮૨. જ્ઞાન કે જ્ઞાનની ....... ન કરાય. (ભક્તિ, આશાતના, પૂજા)

**નીચેના વાક્યો સામે "ઉચિત" કે " અનુચિત" જે યોગ્ય હોય તે લખો.**

૮૩. મહેશ અક્ષરવાળા કપડા પહેરી સંડાશ ગયો.
૮૪. રમણે પરીક્ષા પછી નોટો વગેરે પસ્તીમાં વેચી.
૮૫. અંજનાબહેને નાના છોકરાનું સંડાશ છાપાથી સાફ કર્યું.
૮૬. મયંકે શર્ટના કોલરમાં રહેલું દરજીનું લેબલ દૂર કરી દીધું.
૮૭. પાયલે એમ.સી.માં પાઠશાળાની ચોપડી ન વાંચી પણ સ્કૂલનું લેશન કર્યું.
૮૮. સમકિતે કવર તથા ટીકીટ ચોંટાડવા થુંકના બદલે ગુંદરનો ઉપયોગ કર્યો.

૮૯. નટુભાઇએ થુંકવાળી આંગળી કરી રૂપિયાની નોટો ગણી.
૯૦. વિજય બગલમાં ચોપડીઓ રાખીને કોલેજ ગયો.
૯૧. રંજનબેને જમીન પર છાપું રાખીને વાંચ્યું.
૯૨. અશોકે બાથરૂમમાં જતાં પહેલા ગજવામાંથી કાગળો તથા પૈસા બહાર મૂક્યા.
૯૩. મયણાબહેને પોતાના બાળકો માટે અક્ષર વિનાના કપડાં ખરીદ્યા
૯૪. પરેશે છાપામાં જલેબી – ગાંઠીયા ખાધા.
૯૫. કનક પોતાના જ્ઞાનદાતા ગુરુ પ્રત્યે બહુમાનભાવ રાખે છે.
૯૬. અનિલા બધા પુસ્તકો પૂંઠા ચઢાવીને વ્યવસ્થિત રાખે છે.
૯૭. નયના સ્કૂલના શિક્ષકોની મશ્કરી કરે છે.
૯૮. શૈલેષ પશુઓના ચિત્રોવાળી પેન્સીલ વાપરે છે.
૯૯. મયણાબેને 'સુસ્વાગતમ્' લખેલું પગલૂછણીયું ન ખરીદ્યું.
૧૦૦. રાજુભાઈએ પાઠશાળાના શિક્ષકોનું વિશિષ્ટ બહુમાન કર્યું.

## જ્ઞાનભક્તિ

- બપ્પભટ્ટ સૂરિજી મ. સા. રોજ ૧૦૦૦ ગાથા ગોખતા હતા.
- દુર્બલિકા પુષ્યમિત્ર રોજ ૭૦૦ ગાથા ગોખતા હતા.
- ધર્મઘોષસૂરિજી માત્ર છ ઘડીમાં ૫૦૦ શ્લોક મુખપાઠ કરતા હતા.
- ઉપા. યશોવિજયજીએ એક જ રાતમાં ૪૦૦૦ શ્લોક તથા ઉપા. વિનયવિજયજીએ એક જ રાતમાં ૩૦૦૦ શ્લોક કંઠસ્થ કર્યા હતા.
- સેનસૂરિજી મ. સાહેબે દેવસૂરિજીને છ લાખ છત્રીસ હજાર શ્લોક પ્રમાણ આગમવાચનાનું પુનરાવર્તન કરાવ્યું હતું.
- પેથડમંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચીને ત્રણ જ્ઞાનભંડાર બનાવ્યા હતા.
- જાવડ શાહે ૩૬ હજાર સોનામહોરો ખર્ચીને સોનેરી શાહીથી શાસ્ત્રો લખાવ્યા હતા.

# પેપર-૧૫ ભોજન કરીએ વિવેક ધરી

૧. જીવન જીવવા માટે .................. ની જરૂર પડે છે.
(ગાડી, ટી.વી. ભોજન)

૨. ......... માટે ખાવાનું છે. (સ્વાદ, સ્ટેટસ, શરીર ટકાવવા)

૩. જેઓ આહાર તેવો............ (સ્વાદ, ઓડકાર, ઉચ્ચાર)

૪. ખાવા માટે જ જીવવું તે ........ (યોગ્ય છે, યોગ્ય નથી)

૫. ભોજન .................. માટે કરવાનું છે.
(રસપોષણ, શરીરના લાલનપાલન, શરીરના પોષણ)

૬. .................. ત્યારે જ ભોજન કરવું જોઇએ.
(સમય થાય, ઇચ્છા થાય, ભુખ લાગે)

૭. દર .................. દિવસે એક ઉપવાસ અવશ્ય કરવો જોઇએ. (૭, ૧૫, ૩૦)

૮. .................. ને અનુકૂળ હોય તેવું ભોજન કરાય,
(જીભ, શરીર, સ્વાદ)

૯. .................. માં ભોજનનો ત્યાગ કરવો જરૂરી છે.
(ભોજનશાળા, અજીર્ણ, તંદુરસ્તી)

૧૦. માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં ભોજન સંબંધી .................. ગુણો બતાવાયા છે. (૫, ૨, ૭)

૧૧. ............... ભોજન ન કરાય. (દિવસે, અજવાળામાં, રાત્રે)

૧૨. ખા ખા કરવાની વૃત્તિને .................. કહેવાય છે.
(આહારીપણું, આહારસંજ્ઞા, આહારક)

૧૩. ભોજનની ..................નું પણ ધ્યાન રાખવું જોઇએ.
(યાત્રા, માત્રા, તંદ્રા)

૧૪. ............... નું ભોજન બુદ્ધિને ભ્રષ્ટ કર્યા વિના ન રહે.
(સજ્જન, દુષ્ટ, ગરીબ)

૧૫. ભૂખ હોય તેના કરતાં .................. ભોજન કરવું જોઇએ.
(ઘણું વધારે, વધારે, ઓછું)

૧૬. દિવસે પણ .................. માં ભોજન ન કરાય.
(રસોડા, ભોજનશાળા, અંધારા)

૧૭. .................. ની વસ્તુ ન ખવાય.
(ભોજનશાળા, આયંબીલશાળા, હોટલ)

૧૮. .................. ના હાથે પીરસાયેલું ભોજન વાપરવાની આર્ય સંસ્કૃતિની પરંપરા છે. (રામા, પત્ની, માતા)

૧૯. ભોજન .................. થી કરવું જોઇએ.
(આસક્તિ, અનાસક્તિ,,લાલસા)

૨૦. વિકારો પેદા ન થવા દેવા હોય તો .................. નું ભોજન ત્યાગવું જોઇએ. (આયંબીલ, વિગઇ, નીવી)

૨૧. .......... અભક્ષ્યો વિનાનું ભોજન કરવું જોઇએ.
(૩૨, ૨૨, ૪૨)

૨૨. .......... અનંતકાય વિનાનું ભોજન કરવું જોઇએ.
(૩૨, ૨૨, ૪૨)

૨૩. કાચા દૂધ કે દહીં સાથે કઠોળ ખાવું તે .................. કહેવાય; તે ન ખવાય. (ચલિતરસ, વિદળ, વિગઇ)

૨૪. જૈન દર્શનનું હાર્દ .................. પદને પામવાનું છે.
(ચક્રવર્તી, અણાહારી, તપસ્વી)

૨૫. આહારના .................. પ્રકારો છે. (બે, ત્રણ, ચાર)

૨૬. આજે દળાવેલો ચણાનો લોટ ચોમાસામાં .................. દિવસ પછી અભક્ષ્ય બને છે. (૧૫, ૨૦, ૩૦)

૨૭. જે વિગઇનું સેવન કરી શકાય તેને .................. વિગઇ કહેવાય. (અભક્ષ્ય, અકલ્પ્ય, ભક્ષ્ય)

૨૮. ચોવિહાર ઉપવાસ કરનારાને .................. આહારનો ત્યાગ હોય છે. (૩, ૪, ૫)

૨૯. જે વિગઇનું સેવન કદી ન કરાય તે .................. વિગઇ કહેવાય. (અભક્ષ્ય, અકલ્પ્ય, ભક્ષ્ય)

૩૦. મધ ........... વિગઇ છે. (અભક્ષ્ય, અકલ્પ્ય, ભક્ષ્ય)

૩૧. ........ પ્રકારના ઉંબર ફળો અભક્ષ્ય છે. (ત્રણ, પાંચ, સાત)

૩૨. મદિરા .................. છે. (વિગઇ, મહાવિગઇ, નિવીયાતું)

૩૩. દવાની સાથે પણ....ન લેવાય. (પાકી ચાસણી,ઘી–સાકર, મધ)

૩૪. આપણે .......... છીએ. (શાકાહારી, માંસાહારી, અન્નાહારી)

૩૫. છાશથી છૂટું પડેલું માખણ .......... છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૩૬. જેનું સેવન કરવાથી વિકારો પેદા થાય તે .................. કહેવાય. (દારૂ, ઘી, વિગઇ)

૩૭. કાચા પાણીના એક ટીપામાં પાણીના પોતાના ......... જીવો હોય છે. (લાખો, અનંતા, અસંખ્યાતા)

૩૮. સોયની ટોચ ઉપર રહેલાં બટાકાના અંશમાં .................. જીવો હોય છે. (લાખો, અનંતા, અસંખ્યાતા)

૩૯. જેનું સેવન પરાણે ઘસડીને પણ જીવને દુર્ગતિમાં લઇ જાય તે .................. કહેવાય. (અભક્ષ્ય, વિગઇ, વિદળ)

૪૦. કાચા પાણીના એક ટીપામાં .................. હાલતા–ચાલતા બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો જોવાયા છે. (૨૫૨૩૦, ૩૬૪૫૦, ૩૮૩૩૦)

૪૧. બરફ ખાવાથી શરીરમાં રહેલું .................. પણ થીજે છે. (પાણી, લોહી, હાડકું)

૪૨. પાણી ઉકાળીને .................. ઠારી શકાય. (પંખા નીચે, ફ્રીજમાં, કુદરતી પવનમાં)

૪૩. અભક્ષ્ય વિગઇ .................. છે. (૬, ૪, ૧૦)

૪૪. ભક્ષ્ય વિગઇ .................. છે. (૬, ૪, ૧૦)

૪૫. આઇસ્ક્રીમ ........... ...... છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૪૬. મહાવિગઇ .................. છે. (૬, ૪, ૧૦)

૪૭. શિયાળામાં ઉકાળેલું પાણી .................. ચાલે
(બાર કલાક, ૧૫ કલાક, ચાર પ્રહર)

૪૮. કોઇપણ ઠંડા પીણાં .................. છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૪૯. શિયાળામાં સવારે છ વાગે ઉકાળેલું પાણી સૂર્યાસ્તની ૧૦ મિનિટ પહેલાં .................. ગણાય. (કાચું, ઉકાળેલું)

૫૦. ઘરમાં ફ્રીજમાં બનાવેલ આઇસ્ક્રીમ .................. છે.
(ભક્ષ્ય, અભક્ષ્ય)

૫૧. ચોમાસામાં ......... ન વાપરી શકાય. (મીઠાઇ, કાજુ, બદામ)

૫૨. બાર મહિનામાં .................. ક્યારેય ન વાપરી શકાય.
(કાજુ કીસમીસ, અંજીર)

૫૩. ચોમાસામાં મીઠાઇનો કાળ .................. દિવસનો છે.
(૩૦, ૨૦, ૧૫)

૫૪. કોથમીર-મેથી-પત્તરવેલીયા વગેરે .................. અભક્ષ્ય છે. (ચોમાસામાં, પર્યુષણ સુધી, આઠ મહિના)

૫૫. આજનો .................. પાપડ આવતી કાલે ન ખાઇ શકાય.
(બનાવેલો, તળેલો, શેકેલો)

૫૬. જૈન પાઉંભાજી .................. છે. (ભક્ષ્ય - અભક્ષ્ય)

૫૭. બજારના દહીંવડા .................. છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૫૮. બટાકાની વેફર .................. છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૫૯. જૈન સેન્ડવીચ .................. છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૬૦. ચોમાસામાં ............ ને તે જ દિવસે ફોડેલ ન હોય તો ન ખવાય. (અખરોટ, જરદાળુ, બદામ)

૬૧. બજારના જૈન ઇડલી-ઢોંસા ........... છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)

૬૨. શિયાળામાં બનાવેલા ખાખરા .................. દિવસ પછી અભક્ષ્ય બને. (૧૫, ૨૦, ૩૦)

૬૩. આજની બનાવેલી રોટલી આવતી કાલે ખાઇ ..................
(શકાય, ન શકાય)

૬૪. .......... પણ લીલોતરી જ ગણાય. (મેવો, મીઠાઇ, ફ્રૂટ)
૬૫. ........... રાત્રી ઉલ્લંઘાયેલું દહીં અભક્ષ્ય છે. (૦. ૧, ૨)
૬૬. મૂળાના ......... અંગો અભક્ષ્ય છે. (એક, ત્રણે, પાંચે)
૬૭. જેમાં ખાવાનું ઓછું ને ફેંકી દેવાનું વધારે હોય. તે ................ કહેવાય. (બહુબીજ, તુચ્છફળ, અસારફળ)
૬૮. જેનામાં વચ્ચે પડ વિના ઘણા બીજો ચોંટીને રહ્યા હોય તે ................ કહેવાય. (બહુબીજ, તુચ્છફળ, અસારફળ)
૬૯. છાલ-બીજ વગેરે દૂર કર્યા પછી .................. મિનિટ બાદ ફળ અચિત્ત બને છે. (૯૬, ૪૮, ૨૪)
૭૦. નરમ સક્કરપારા ......... દિવસ પછી ન ચાલે (૧૫, ૨૦, ૧)
૭૧. પેંદ વગેરેમાં નખાતી ખસખસ ........ છે. (ભક્ષ્ય, અભક્ષ્ય)
૭૨. અભક્ષ્ય ચીજો ....... એ ન ખવાય. (સાધુઓ, શ્રાવકો, કોઈ)
૭૩. રાત્રે બનાવેલી વસ્તુ દિવસે ખાઇએ તો રાત્રીભોજનનો અતિચાર.................. (લાગે, ન લાગે)
૭૪. ઘીમાં શેકેલો માવો ચોમાસામાં .................. દિવસ વાપરી શકાય. (૧,૧૫,૨૦)
૭૫. શિખંડ-પૂરીના ભોજન સાથે .................. અભક્ષ્ય છે. (ચોખાના ઢોકળા, કેળાની વેફર, પાપડ)
૭૬. ઘર ઘરમાં રહેલું અભક્ષ્યનું કારખાનું ................છે. (ટી.વી., રસોડું, ફ્રીજ)
૭૭. ઘીમાં નહિ શેકેલો દૂધનો માવો .................. દિવસ પછી અભક્ષ્ય થાય. (તે, બીજા, ૧૫)
૭૮. શેકેલા ધાણી, ચણા, મમરા વગેરે પણ ઉનાળામાં ............. દિવસ પછી અભક્ષ્ય બને. (૧૫, ૨૦, ૩૦)
૭૯. જેમાંથી ...................નીકળે તે કઠોળ કાચા દહીં સાથે ખાવા છતાં વિદળ ન ગણાય. (ઘી, તેલ, દૂધ )

૮૦. જે ઝાડના .................. રૂપ કઠોળ હોય તે કાચા ગોરસ સાથે ખાવા છતાં વિદળ ન થાય. (મૂળ, પાંદડા, ફળ)

૮૧. તવી ઉપર શેકીને અચિત્ત કરેલાં મીઠા (બલવણ)નો કાળ ચોમાસામાં ............ દિવસ છે. (૭, ૧૫, ૩૦)

૮૨. .................. સિંધવ અચિત છે. (લાલ, સફેદ, પીળું)

**નીચેના વાક્યો સામે ઉચિત કે અનુચિત; જે યોગ્ય હોય તે લખો.**

૮૩. રમણભાઇએ શિખંડ, પૂરી, સાંગરીનું શાક અને કેળાની વેફરનું જમણ ગોઠવ્યું.

૮૪. અંજનાબહેને કઢી બનાવવા છાશ તથા ચણાના આટાનો ઉપયોગ કર્યો.

૮૫. દહીંવડા બનાવવા મગનભાઇએ દહીંને સામાન્ય ગરમ કર્યું.

૮૬. ચંપાબહેને મેથીના થેપલા, દહીં વડે સાંજનું વાળું પતાવ્યું.

૮૭. કોલેરાથી પીડિત મનોજે સવારે ખાખરો – દહીં તથા મેથીનો મસાલો ખાધો.

૮૮. વિદળ ન થાય તે માટે સિદ્ધાર્થભાઇએ દહીંને બાજરીનો આટો નાંખીને આંગળી દાઝે તેવું અતિશય ગરમ કર્યું.

૮૯. રંજનબહેને શિખંડની સાથે મગની દાળ, ચોળીનું શાક અને ખમણ કરવાના બદલે ટીંડોળાનું શાક, કેળાની વેફર તથા ચોખાના ઢોકળાં બનાવ્યા.

૯૦. છાશ ગરમ કરવી ન ફાવવાથી અંજનાબહેને કઢી બનાવવા ચણાના બદલે ચોખાના આટાનો ઉપયોગ કર્યો.

૯૧. વરસીતપના પારણા પ્રસંગના ભોજન સમારંભમાં હસમુખભાઇએ ફરસાણ તરીકે પત્તરવેલીયા બનાવ્યા.

૯૨. બેસતા વર્ષે સાલમુબારક કરવા આવનારાને ભારતીબહેને કાજુકતરી આપી.

૯૩. ''ઉપાશ્રયમાં પહોંચતા સુધીમાં ૪૮ મિનિટ થઇ જશે." એમ કહીને મયણાબહેને સાધ્વીજી મહારાજને કેરીનો રસ વહોરાવ્યો.

૯૪. ઘરે માવો બનાવીને તેમાં ખાંડ ભેળવીને બનાવેલા પેંડા આશાબહેને બીજા દિવસે પુત્ર રાહુલને પીરસ્યા.

૯૫. આજે દૂધ ઉપરથી કાઢેલી મલાઇ જયણાબહેને બીજા દિવસે પતિને ખાવા આપી.

૯૬. દશેરાના દિવસે સવારે ૮ વાગે શાહપરિવારે જલેબી - ફાફડા વાપર્યા.

૯૭. અતુલભાઈએ સ્વામીવાત્સલ્યમાં તળેલાં મૂઠીયાના ભૂકાને શેકીને પછી લાડુ બનાવવાનું સૂચન કર્યું.

૯૮. સુધાબહેને ગઈકાલે સેકેલો પાપડ આજે ખાધો.

૯૯. હર્ષદભાઈએ જમણમાં જલેબીના બદલે અમૃતી બનાવવાનું સૂચન કર્યું.

૧૦૦. બુફેના બદલે બધાને બેસીને જમાડવાની જવાબદારી જૈન સેવાદળે સ્વીકારી.

સાત ગામ બાળવાથી જે પાપ થાય, તે પાપ એક ઘડો પાણી ન ગાળવાથી લાગે.

ખારા પાણીમાં ઉત્પન્ન થયેલા પોરાઓ (જીવો) મીઠા પાણીમાં મિશ્ર થાય તો મરી જાય. માટે જુદાજુદા પાણી મિક્સ ન કરવા.

એક મહિના સુધી રાત્રે ન ખાવાથી ૧૫ ઉપવાસનું ફળ મળે.

## ત્યાગ કરવા યોગ્ય ૨૨ અભક્ષ્યો

(૧) મધ (૨) માંસ (૩) માખણ (૪) દારૂ એ ચાર મહાવિગઈ, (૫) વડના ટેટા (૬) પીંપળાના ટેટા (૭) પ્લક્ષ પીંપરના ટેટા (૮) કાળા ઉમરાના ટેટા (૯) ઉમરાના ટેટા (૧૦) બરફ (૧૧) કરા (૧૨) માટી (૧૩) ઝેર (૧૪) રાત્રી ભોજન (૧૫) ૩૨ અનંતકાય (૧૬) બોળ અથાણું (૧૭) વિદળ (૧૮) ચલિતરસ (૧૯) બહુબીજ (૨૦) રીંગણ (૨૧) તુચ્છફળ (૨૨) અજાણ્યા ફળ

## પેપર-૧૬ "કર્મો લાગ્યા છે મારે કેડલે"

૧. આ દુનિયા ભગવાને .................. છે.
(બનાવી, બતાવી, નાશ કરવાની)

૨. આ દુનિયાનું સંચાલન .................. કરે છે.
(ભગવાન, બ્રહ્માજી, કર્મસત્તા)

૩. કર્મ .................. છે. (જડ, ચેતન, મિશ્ર)

૪. કર્મો આત્મા ઉપર ચોંટયા ન હોય ત્યારે .................. કહેવાય છે. (કાર્મણ શરીર, કાર્મણ વર્ગણા, કાર્મણયોગ)

૫. આત્મા ઉપર ચોંટે ત્યારે તે કાર્મણ વર્ગણા .................. કહેવાય છે. (શર્મ, ધર્મ, કર્મ)

૬. કર્મોના મુખ્યત્વે.................. પ્રકારો છે. (૧, ૧૦૮, ૮)

૭. કર્મોના કુલ ......... પેટાભેદો પ્રસિદ્ધ છે.(૧૦૦૮, ૧૫૮, ૧૦૮)

૮. .................. કર્મો તો ભોગવવા જ પડે.
(અનિકાચિત, નિકાચિત, બાંધેલા)

૯. કોઇને મૂર્ખ બનાવવાનું કામ .................. કર્મનું છે.
(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય)

૧૦. બહેરા આંધળા કે કાણા બનાવવાનું કામ .................. કર્મનું છે. (જ્ઞાનાવરણીય, દર્શનવરણીય, વેદનીય)

૧૧. કોઇને સુખી તો કોઇને દુ:ખી .................. કર્મ બનાવે છે. (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય)

૧૨. .................. કર્મ ભગવાનના વચનોમાં શંકા કરાવે છે. (અંતરાય, દર્શનાવરણીય, મોહનીય)

૧૩. .................. કર્મ દીક્ષા લેવાના ભાવ થવા દેતું નથી.
(વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૧૪. કર્મ પોતાનો પરચો બતાડે તેને .................. કહેવાયે.
(બંધ, ઉદય, સત્તા)

૧૫. .................... કર્મ ઘડીકમાં હસાવે છે તો ઘડીકમાં રડાવે છે. (અંતરાય, દર્શનાવરણીય, મોહનીય)

૧૬. .................... કર્મ ઇચ્છા હોવા છતાં ય તપ કરવા દેતું નથી. (અંતરાય, દર્શનાવરણીય, મોહનીય)

૧૭. .................... કર્મ વ્યાખ્યાનમાં પણ ઝોકાં ખવડાવે છે. (અંતરાય, દર્શનાવરણીય, મોહનીય)

૧૮. .................... કર્મ આપઘાતનો પ્રયત્ન કરવા છતાં ય મોત આવવા દેતું નથી. (નામ, ગોત્ર, આયુષ્ય)

૧૯. .................... કર્મ કોઇને માણસનું શરીર તો કોઇને કૂતરાનું શરીર આપે છે. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૦. પ્રભુ મહાવીર દેવને .................... કર્મે ૮૨ દિવસ સુધી સજા ફટકારી દીધી હતી. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૧. .................... કર્મના કારણે કર્ણને ઠેર ઠેર અપમાનિત થવું પડતું હતું. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૨. ........... કર્મના પ્રભાવે તીર્થંકર ભગવાન બની શકાય. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૩. ....... કર્મથી મજબૂત શરીર પ્રાપ્ત થાય. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૪. ........... કર્મ કુંભારના ઘડા જેવું છે. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૫. .........કર્મ પગમાં નાંખેલી બેડી જેવું છે. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૬. .............. કર્મ પેઇન્ટર જેવું છે. (નામ, ગોત્ર, આયુષ્ય)

૨૭. .................... દર્શનાવરણીય કર્મથી દિવસે વિચારેલું કામ રાત્રે ઉંઘમાં કરી દેવાનું બને છે. (નિદ્રા, પ્રચલા, થિણદ્ધિ)

૨૮. .................... દર્શનાવરણીય કર્મ બેઠાં બેઠાં ઉંઘાડે છે. (નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા)

૨૯. .................... દર્શનાવરણીય કર્મ ચાલતાં ચાલતાં પણ ઉંઘાડે છે. (નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા)

૩૦. ................... કર્મ આંખોમાં વિકારો પેદા કરાવે છે.
(વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૧. આત્માના અવ્યાબાધ સુખને ઢાંકવાનું કાર્ય ................... કર્મનું છે. (વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૨. ધર્મીને પાપી બનાવવાનું કાર્ય ................... કર્મનું છે.
(વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૩. બધા કર્મોમાં સૌથી ભયંકર ................... કર્મ છે.
(વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૪. ................... કર્મનો ઉદય તો હાલ સીમંધર સ્વામી ભગવાનને પણ છે. (વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૫. ................... કર્મનો નાશ કર્યા વિના વીતરાગ ન બની શકાય. (વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૬. ................... કર્મનો નાશ થાય ત્યારે સર્વદર્શી સર્વજ્ઞ બનાય. (વેદનીય, દર્શનાવરણીય, મોહનીય)

૩૭. આપણે બધી આરાધના-સાધના ................... કર્મનો નાશ કરવા કરવાની છે. (વેદનીય, જ્ઞાનાવરણીય, મોહનીય)

૩૮. સમ્યગ્દર્શનને અટકાવવાનું કામ ................... કર્મ કરે છે. (દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય, મોહનીય)

૩૯. જ્ઞાનને અટકાવવાનું કામ ................... કર્મ કરે છે.
(દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય, મોહનીય)

૪૦. આંખે બાંધેલા પાટા જેવું ................... કર્મ છે.
(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય)

૪૧. દ્વારપાળ જેવું ................... કર્મ છે.
(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય)

૪૨. દારૂ જેવું ................... કર્મ છે.
(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય)

૪૩. આનંદ કે કંટાળાની અનુભૂતિ .................. કર્મ કરાવે છે. (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય)

૪૪. જન્મ-જીવન-મરણની ઘટમાળ .................. કર્મ ચલાવે છે. (વેદનીય અંતરાય આયુષ્ય)

૪૫. .................. કર્મ પૈસા કમાવામાં મુશ્કેલીઓ પેદા કરે છે. (વેદનીય, અંતરાય, આયુષ્ય)

૪૬. ભુલકણો સ્વભાવ .................. કર્મથી થાય છે. (મોહનીય, નામ, જ્ઞાનાવરણીય)

૪૭. કાળી ચામડી .................. કર્મથી મળે છે. (મોહનીય, નામ, જ્ઞાનાવરણીય)

૪૮. ........ કર્મ ડરપોક બનાવે છે. (મોહનીય, નામ, જ્ઞાનાવરણીય)

૪૯. હાથમાં છ આંગળી .................. નામ કર્મ બનાવે છે. (પરાઘાત, ઉપઘાત, હાસ્યાદિષટ્ક)

૫૦. .................. નામકર્મ બીજાને આપણા પ્રભાવમાં લાવી દે છે (પરાઘાત, ઉપઘાત, સંઘયણ)

૫૧. .................. નામકર્મના પ્રભાવે ચારે બાજુ કીર્તિ પ્રસરે છે. (આદેય, સૌભાગ્ય, યશ)

૫૨. .................. નામકર્મના ઉદયે ઉપકાર ન કરવા છતાંય બીજાને પ્રિય બનાય છે. (આદેય, સૌભાગ્ય, યશ)

૫૩. .......... નામકર્મના પ્રભાવે નિ:સ્વાર્થ ભાવે આપેલી સલાહ પણ સામવાળાને અવળી પડે છે (અનાદેય, દુર્ભાગ્ય, અપયશ)

૫૪. જાતે ઘસાઇને પણ સંઘ-સમાજ-કુટુંબનું કામ કરવા છતાં ય .................. કર્મના ઉદયે ગાળો મળે છે. (અનાદેય, દુર્ભાગ્ય, અપયશ)

૫૫. .................. કર્મના ઉદયથી પોતાનું ગેરવ્યાજબી વચન પણ સર્વ લોકો માન્ય કરે. (આદેય સૌભાગ્ય, યશ)

૫૬. પુરુષાર્થ વડે ................... કર્મોમાં ફેરફાર કરી શકાય છે. (નિકાચિત, અનિકાચિત, અબદ્ધ)

૫૭. જેના દ્વારા અનુકૂળતા મળે તે ................... કર્મ. (પુણ્ય, પાપ, પ્રારબ્ધ)

૫૮. જેના દ્વારા પ્રતિકૂળતા મળે તે ................... કર્મ (પુણ્ય, પાપ, પ્રારબ્ધ)

૫૯. ................... કર્મનો નાશ થયા વિના મોક્ષ ન મળે. (પુણ્ય, પાપ, બંને પ્રકારના)

૬૦. પાપ કર્યા પછી તેની પ્રશંસા કરીએ તો તે પાપ ................... થાય. (નાશ, મજબૂત)

૬૧. પુણ્ય બાંધ્યા પછી તેનો પસ્તાવો કરીએ તો તે ................... થાય. (નાશ, મજબૂત)

૬૨. કર્મો બંધાય ત્યારે તેની ................... પણ નક્કી થાય છે. (આકૃતિ, સ્થિતિ, પ્રતિકૃતિ)

૬૩. અશુભ વિચારો, ઉચ્ચારો અને આચારોથી ................... કર્મ બંધાય. (પુણ્ય, પાપ, બંને પ્રકારના)

૬૪. પાપ થઇ ગયા પછી ................... કરાય. (પ્રશંસા, અનુમોદના, પસ્તાવો)

૬૫. જ્યાં સુધી કર્મ પોતાનો પરચો ન બતાવે ત્યાં સુધી કર્મોનો ................... કાળ કહેવાય. (વિપાક, અબાધા, પરચા)

૬૬. મોડા પરચો બતાવનારા કર્મને વહેલો પરચો બતાવવા તૈયાર કરવું તે કર્મની ....... કહેવાય. (સત્તા, ઉદીરણા, ખાસિયત)

૬૭. કર્મો બાંધતા વેઠ ઉતારીએ તો તેમાં ................... રસ પડે. (મંદ, તીવ્ર)

૬૮. આયુષ્ય કર્મ આત્માના ................... ગુણને પ્રગટ થવા દેતું નથી. (અનંતવીર્ય, અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ)

૬૯. દુઃખ આપવાનું કામ .................. કર્મ કરે છે.
(શાતાવેદનીય, વેદ મોહનીય, અશાતાવેદનીય)

૭૦. પૈસા પ્રત્યેનું કારમુ આકર્ષણ .................. કર્મ કરાવે છે. (વેદનીય, મોહનીય, નામ)

૭૧. કર્મ બંધાય ત્યારે તેની .................. વસ્તુ નક્કી થાય છે. (૧, ૪, ૭)

૭૨. જૈન શાસનનો કર્મવાદ છેવટે તો .................. વાદ છે. (પલાયન, પુરુષાર્થ, પ્રારબ્ધ)

૭૩. દર્શનાવરણીય કર્મના ............ પેટાભેદો છે. (૫,૯,૨૮)

૭૪. મોહનીય કર્મના ............ પેટાભેદો છે. (૫, ૯, ૨૮)

૭૫. ત્રણ કર્મોના દરેકના ............ પેટાભેદો છે. (૫, ૯, ૨૮)

૭૬. સૌથી વધારે પેટાભેદો .................. કર્મના છે.
(મોહનીય, નામ, ગોત્ર)

૭૭. સૌથી ઓછા પેટાભેદો .................. કર્મના છે.
(મોહનીય, નામ, ગોત્ર)

૭૮. દેવોને ..................સંસ્થાન નામકર્મનો ઉદય હોય છે.
(હુંડક, ન્યગ્રોધ પરિમંડળ, સમચતુરસ્ત્ર)

૭૯. તીર્થંકરોને .................. સંઘયણ નામકર્મનો ઉદય હોય છે. (કિલીકા, ઋષભનારાચ, વજ્રઋષભનારાચ)

૮૦. બીજાને પ્રિય લાગે તેવી સુલક્ષણા ચાલ શુભ .......... નામકર્મના ઉદયે મળે. (વિહાયોગતિ, આનુપૂર્વી, ગતિ)

૮૧. ................ નામકર્મના પ્રભાવે સૂર્યનો પ્રકાશ ગરમ છે.
(ઉદ્યોત, આતપ, ઉષ્ણ)

૮૨. ................ નામ કર્મના પ્રભાવે ચંદ્રનો પ્રકાશ ઠંડો છે.
(ઉદ્યોત, આતપ શીત)

૮૩. સાંભળનારને ન ગમે તેવો અવાજ .................. નામ કર્મને આભારી છે. (શબ્દ, દુર્ધ્વનિ, દુઃસ્વર)

૮૪. મધ લીપેલી તલવારની ધાર જેવું .................. કર્મ

છે. (અંતરાય, વેદનીય, મોહનીય)

૮૫. કેવલી, શાસ્ત્રો, સંઘ વગેરેની આશાતના કરવાથી મુખ્યત્વે ............ કર્મ બંધાય. (જ્ઞાનાવરણીય, મોહનીય, અંતરાય)

૮૬. માયા કરવાથી .................. આયુષ્યકર્મ બંધાય. (નરક, તિર્યંચ, મનુષ્ય)

૮૭. દરેક સમયે જીવ .................. પ્રકારના કર્મો અવશ્ય બાંધે છે. (૩, ૫, ૭)

૮૮. અરિહંત ભગવંતોને ....... કર્મોનો ઉદય હોય છે. (૦, ૪, ૮)

૮૯. સિદ્ધ ભગવંતોને ......... કર્મોનો ઉદય હોય છે. (૦, ૪, ૮)

૯૦. ................ કર્મોને ઘાતી કર્મો કહેવાય છે. (૨, ૪, ૮)

૯૧. .............. કર્મોને અઘાતી કર્મો કહેવાય છે. (૨, ૪, ૮)

૯૨. .................. કર્મોનો નાશ કેવલી ભગવંતે કર્યો હોય છે. (૨, ૪, ૮)

૯૩. કેવળજ્ઞાનીઓને .................. કર્મોનો ઉદય ન હોય (ઘાતી, અઘાતી, નિકાચિત)

૯૪. ઉદયમાં આવેલા કર્મોને શાંતિથી .................. જોઇએ. (ટાળવા, સહવા, દબાવવા)

૯૫. ઉદયમાં નહિ આવેલા કર્મોને શૌર્યથી .................. કરવા જોઇએ. (સહન, પ્રગટ, નષ્ટ)

૯૬. આત્માને કર્મો.................. કાળથી વળગેલાં છે. (જીવન, અનાદિ, થોડા)

૯૭. આત્માથી કર્મો કાયમ માટે છૂટા પડે તેનું નામ............... (સંસાર, સ્વર્ગ, મોક્ષ)

૯૮. દરેક વ્યકિતના ચહેરામાં ફરક .......... નામકર્મના કારણે છે. (સંઘયણ, સંસ્થાન, આકૃતિ)

૯૯. સુંદર મજાનું રૂપ ......... નામકર્મના પ્રભાવે મળે છે. (રૂપ, વર્ણ, સ્પર્શ)

૧૦૦. કર્મના .......... થી તીર્થંકર ભગવાન બની તીર્થની સ્થાપના કરાય છે. (નાશ, બંધ, ઉદય)

# પેપર–૧૭ જ્ઞાનદીપક પ્રગટાવો. ભાગ–૧

**પ્ર.૧ નીચેની ખાલી જગ્યા માટેનો સૌથી વધુ યોગ્ય શબ્દ લખો.(૧૦)**

૧. શત્રુંજય તીર્થ પર ચોવિહારો છઠ્ઠ કરીને ................ યાત્રા કરનારો ત્રીજા ભવે મોક્ષે જાય છે.

૨. શ્રાવકે રોજ ................ નિયમો પાળવા જોઈએ.

૩. કલ્પસૂત્રના મૂળમાં નોકર–ચાકર માટે ................ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

૪. ................ તપના પ્રભાવે દ્વારિકાનો દાહ અટકતો હતો.

૫. નવકારમંત્ર પ્રત્યે આપણામાં ................ ભાવ જોઈએ.

૬. કુળદેવીને ................ ખમાસમણ દેવા જોઈએ.

૭. અરિહંત પદ ................ સ્થાનકની આરાધના કરવાથી બંધાય છે.

૮. ................ બળતી હોય તેમાં મારું કાંઈ બળતું નથી.

૯. જ્યારે ................ શ્રોતા હોય ત્યારે વક્તાની કળા ખ્યાલમાં આવે છે.

૧૦. જેની આંખમાં કદી આંસુ નથી તે ................ જીવનમાં ભિખારી છે.

**પ્ર. ૨ નીચેની ખાલી જગ્યાઓ માટેના સૌથી વધુ યોગ્ય શબ્દો લખો.(૫)**

૧૧. પ્રભુ મહાવીર દેવના ................ ગણો હતા, જ્યારે પ્રભુ આદિનાથના ................ ગણો હતા.

૧૨. પાર્શ્વપ્રભુનું આયુષ્ય ................ હતું, જ્યારે આદિનાથ ભગવાનનું આયુષ્ય ................ હતું.

૧૩. પ્રભુ મહાવીર દેવના મુખે ................ શ્રાવક અને ................ સાધુ ચડી ગયા.

૧૪. પૃથ્વીચંદ્ર ................ ઉપર તો ગુણસાગર ................ ક્રિયા કરતાં કેવળજ્ઞાન પામ્યા.

૧૫. જિનમંદિરમાં ................ અને ગુરુની ................ આશાતનાઓ ત્યાગવી જોઈએ.

**પ્ર. ૩ હું કોણ છું ? મને ઓળખીને, મારું નામ લખો. (૧૦)**

૧૬. શિષ્યની આસક્તિથી મેં સમકિત ગુમાવ્યું.

૧૭. મારી સરખામણી સાબુ સાથે કરવામાં આવી છે.

૧૮. દેવગિરિ ઉપર મેં જિનાલય બનાવ્યું હતું.

૧૯. શ્રાવકે સવારે ઊઠીને તરત મારા દર્શન કરવા જોઈએ.

૨૦. મારી એકવાર પણ સ્પર્શના કરનાર જીવ ભવ્ય હોય છે.

૨૧. ભગવાન માટે ઔષધી લાવવાનો લાભ મને મળ્યો હતો.

૨૨. તમે મારું સેવન કરો, હું તો બે ય ઘરે અજવાળું જ કરીશ.

૨૩. હું મોક્ષ માટે ઝુરું છું ને મોહ સામે ઝઝુમું છું.

૨૪. મારા વડે મુખ્યત્વે અહંકારદોષ ઉપર હલ્લો કરાય છે.

૨૫. આઠ પ્રવચન માતા યુક્ત મુનિવર પણ મને ચાહે છે.

**પ્ર. ૪ ઘાટા અક્ષરે લખેલ શબ્દ (ખોટો હોય તો સુધારીને) લખો.(૧૦)**

૨૬. સાસુએ **સીતાને** શીલ સંબંધી શંકાના કારણે કાઢી મૂકી હતી.

૨૭. ઘર ઘરમાં તત્ત્વજ્ઞાનનો સરળભાષામાં પ્રચાર કરતું માસિક **મુક્તિદૂત** છે.

૨૮. પ્રભુ મહાવીરની દીકરીની મમ્મીના પપ્પાનું નામ **સિદ્ધાર્થ** હતું.

૨૯. ખમાસમણ દેતી વખતે **બધા** અંગો જમીનને અડાડવા જોઈએ.

૩૦. વિશ્વના જીવ માત્રના **ભક્ત** બનવું જોઈએ.

૩૧. "પાર્શ્વનાથ ભગવાનને ................ ગણધરો હતા." એ સવાલ **ત્રણ** પેપરમાં છે.

૩૨. **કટાસણા** વિના તો સામાયિક ન જ થાય.

૩૩. સામે શ્રાવક મળે તો **જયજિનેન્દ્ર** કહેવું જોઈએ.

૩૪. આત્મવિકાસનું અંતિમ લક્ષ્ય **વડાપ્રધાન** પદ છે.

૩૫. **પૈસા** જ મનુષ્યની કિંમત કરાવનાર છે.

**પ્ર.૫ નીચેના પ્રશ્નોના જવાબ આંકડામાં લખો. (૧૦)**

૩૬. માનવભવ કેટલા દૃષ્ટાંતે દુર્લભ છે ?
૩૭. મહાવીર સ્વામીની ઊંચાઈ પાર્શ્વનાથ ભગવાનની ઊંચાઈ કરતાં કેટલા હાથ ઓછી હતી ?
૩૮. આદિનાથ ભગવાન કરતાં પાર્શ્વનાથ ભગવાને કેટલી મુઠ્ઠી વધારે લોચ કર્યો હતો ?
૩૯. ગુરુદર્શન અને ઉપદેશશ્રવણ કરવાનો ભંગ કેટલા કાઠીયાઓ કરે છે ?
૪૦. ત્રણ લોકમાં કેટલાં જિનમંદિરો આવેલાં છે ?
૪૧. કેટલા રૂપિયા ભરીને તમે તમારા ઘરના તમામ સભ્યોનું જીવન પરિવર્તન કરવા ઘેર બેઠાં તત્ત્વજ્ઞાનના ત્રિવાર્ષિક ગ્રાહક બનશો ?
૪૨ ઝઘડો થતાં ભગવાન પાસે સલાહ લેવા કેટલા જણ ગયા ?
૪૩. ચીલાતીપુત્રે કેટલા શબ્દો સાંભળીને કલ્યાણ સાધ્યું ?
૪૪. ૧૦૮ મણકાની કેટલી માળા ગણવાથી ૫૪૦૦૦ સાગરોપમ નરકની અશાતાના પાપ ધોવાય ?
૪૫. શ્રીપાળે ધવલ શેઠના કેટલાં વહાણો તરાવ્યાં ?

**પ્ર. ૬ એક શબ્દમાં જવાબ આપો. (૧૦)**

૪૬. જ્યાં સુધી પોતાના પાપનું સ્મરણ થાય ત્યાં સુધી આહાર-પાણીનો ત્યાગ કરનાર કોણ ?
૪૭. શું પ્રાપ્ત કર્યા વિના જીવનને કર્મોનો છેદ થતો નથી ?
૪૮. શું ન થવા દેવા શ્રીખંડની સાથે મગની દાળ વગેરે કઠોળની કોઈ પણ વસ્તુ ન ખવાય ?
૪૯. ઘોડિયામાં દીક્ષા લેવાની હઠ કોને લાગી હતી ?
૫૦. શ્રાવકના દૈનિક કર્તવ્યોનું વર્ણન શેમાં આવે છે ?
૫૧. પ્રભુ મહાવીરના પોતે જે સગા થાય છે, તેમાં એક અક્ષરનો ફેરફાર કરવાથી જેનું પોતાનું નામ બને છે, તે કોણ ?
૫૨. ચેડારાજાની બહેનનું નામ શું હતું ?

૫૩. શેષવતીના પિતાના સસરાનું નામ શું હતું ?

૫૪. ફા. વદ-૮ મના જેમનો જન્મ થયો હતો, તેઓ કયા નક્ષત્રમાં મોક્ષે ગયા ?

૫૫. નિર્વાણ સમયે જેમને માસક્ષમણનો તપ હતો. તેમનું લંછન શું હતું ?

**પ્ર.૭ નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૫)**

૫૬. નેમીનાથ ભગવાનના નિર્વાણ પછી કેટલા વર્ષે મહાવીરસ્વામી મોક્ષે ગયા ?

૫૭. વાત્સલ્ય ગુણને જણાવવા કોનું લોહી સફેદ વર્ણનું હોય છે ?

૫૮. શત્રુંજયમાં સાત દ્રમનું દાન કરનાર કોણ હતો ?

૫૯. જ્યારે અભિગ્રહ કર્યો ત્યારે પ્રભુવીર કોના પેટમાં હતા ?

૬૦. સૌથી ઓછા સમયનું શાસન જે ભગવાનનું હતું, તે ભગવાને કેટલા જણની સાથે દીક્ષા લીધી હતી ?

**પ્ર.૮ બાકીના ત્રણ શબ્દો સાથે સંબંધ ન ધરાવતો શબ્દ લખો. (૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| ૬૧. | દયા | ઔચિત્ય | અનુકંપા | વાત્સલ્ય |
| ૬૨. | તિલક | ખેશ | ચરવળો | ઓઘો |
| ૬૩. | પ્રણામ | જયજિનેન્દ્ર | હેલો | મત્થએણ વંદામિ |
| ૬૪. | ૩ | ૬૫ | ૧૧ | ૩૭ |
| ૬૫. | ૩૨ | ૨ | ૧૦ | ૨૪ |
| ૬૬. | ચૈત્ય પરિપાટી | દેવદ્રવ્યવૃદ્ધિ | ઉપસર્ગ | પૌષધ |
| ૬૭. | ગુણસાગર | દ્રાવિડ | અષાઢાભૂતિ | મરુદેવા |
| ૬૮. | અમરકુમાર | સુદર્શન શેઠ | શીવકુમાર | જિનચંદ્રસૂરિ |
| ૬૯. | મૃગાવતીજી | ઋષભદેવ | મરુદેવા | ચંદનબાળા |
| ૭૦. | ચિત્રા | સ્વાતિ | વિશાખા | અભિજિત |

**પ્ર.૯ નીચેના પ્રશ્નોનો ખોટો જવાબ શોધો. (૧૦)**

૭૧. કઈ આંગળીથી ભગવાનની પૂજા ન કરાય. ?

(૧) તર્જની (૨) મધ્યમા (૩) અનામિકા (૪) કનિષ્ઠા.

૭૨. શત્રુંજય ગિરિરાજની પંચતિર્થીમાં કયું તીર્થ ગણાય છે ?
(૧) તળાજા (૨) જેસર (૩) દાઠા (૪) મહુવા
૭૩. ભગવાનની માતાનું નામ શું હતું ?
(૧) મરૂદેવા (૨) ત્રિશલા (૩) વામા (૪) દેવકી
૭૪. જ્ઞાનદીપક પ્રગટાવો–૧માં કયા ભગવાનનું નામ છપાયેલું છે ?
(૧) નેમીનાથ (૨) પાર્શ્વનાથ (૩) મહાવીરસ્વામી (૪) અનંતનાથ
૭૫. સમક્તિ પામતી વખતે ભગવાન ક્યા ભવમાં હતા ?
(૧) નયસારના (૨) ધના સાર્થવાહના (૩) મેઘરથના
(૪) મરૂભૂતિના
૭૬. મહાવીરસ્વામી ભગવાનના સંબંધીઓના નામ કયા કયા છે ?
(૧) સુદર્શના (૨) પ્રિયદર્શના (૩) યશોદા (૪) પ્રભાવતી
૭૭. સમવસરણમાં પ્રભુને વિશ્રામ લેવા શું હોતું નથી ?
(૧) વિશ્રામગૃહ (૨) દેવચ્છંદ (૩) અતિથિગૃહ(૪) ઉપાશ્રય
૭૮. નીચેનું કયું નામ છઠ્ઠા ભગવાનને જણાવતું નથી ?
(૧) પદ્મપ્રભુ (૨) ચન્દ્રપ્રભુ (૩) પદ્મપ્રભ (૪) ચન્દ્રપ્રભ
૭૯. પરમાત્માની પૂજા કરતી વખતે કયો મુખકોશ ન ચાલે ?
(૧) ચાર પડવાળો (૨) આઠ પડવાળો (૩) બે પડવાળો
(૪) છ પડવાળો
૮૦. કેવા હૃદયમાં પરમાત્મા આવતા નથી, આવે તો સદા ટકતા નથી ? (૧) તુચ્છ (૨) દરિદ્ર (૩) વિશાળ (૪) કૃપણ

**પ્ર. ૧૦ નીચે લખેલો શબ્દ પુસ્તિકામાં જે વાક્યમાં આવતો હોય, તે આખું વાક્ય લખો. (૧૦)**

(૮૧) સંમુર્ચ્છિમ (૮૨) પુનરાવર્તન (૮૩) પ્રતિભાવો (૮૪) મોટાઇ
(૮૫) મોનોપોલી (૮૬) સ્યાદ્વાદ (૮૭) કોમળ હાર્ટ
(૮૮) એટમબોંબ (૮૯) મોક્ષલક્ષી (૯૦) જૂના કપડાં

**પ્ર. ૧૧ નીચેનામાંથી કોઇ પણ બે વિષય પર બાર–બાર લીટીમાં નિબંધ લખો. (૮)**

(૧) નવકાર મહામંત્ર (૨) શત્રુંજય ગિરિરાજ (૩) શ્રાવક જીવન
(૪) આ પરીક્ષાથી તમને થયેલા લાભાલાભ.

## પેપર-૧૮ "જ્ઞાન દીપકપ્રગટાવો ભાગ-૨"

**ભારતભરમાં લેવાયેલી પરીક્ષાનું પ્રશ્નપત્ર,**

**જ્ઞાન દીપકપ્રગટાવો ભાગ-૨ ના આધારે જવાબો આપો.**

**પ્ર.૧ નીચેની ખાલી જગ્યાઓ માટેનો સૌથી વધુ યોગ્ય શબ્દ લખો. (૧૦)**

૧. ................ બનેલો માણસ મજા ભોગવતાં ભાવિની સજા ભૂલી જાય છે.

૨. નવકારનો જાપ કરતા પહેલા મનને ................ ભાવથી ભાવિત કરવું જોઈએ.

૩. મોક્ષ મેળવવા ................ જીવન દરેકે સ્વીકારવું જ જોઈએ.

૪. કુમારપાળ મહારાજાએ ................ સોનામહોરો ખર્ચીને જિનમંદિર બનાવ્યું હતું.

૫. ત્રણ શબ્દોથી પ્રતિબોધ પામીને ................ કેવળજ્ઞાન પામ્યા.

૬. ભક્તિથી હારેલા દશાર્ણભદ્રે ઇન્દ્રને ................ માં હરાવ્યો.

૭. નવકારમાં ................ ની પૂજા છે.

૮. દેરાસરમાં જવાની ઇચ્છા કરતા ................ ઉપવાસનું ફળ મળે છે.

૯. ઉકાળેલું પાણી પીવા દ્વારા ................ જીવોને અભયદાન અપાય છે.

૧૦. લીલોતરીમાં ................ નો પણ સમાવેશ થાય છે. માટે તે પર્વતિથિએ ખવાય નહિ.

**પ્ર. ૨ નીચેની ખાલીજગ્યાઓ માટેના સૌથી વધુ યોગ્ય શબ્દો લખો. (૧૦)**

૧૧. પર્યુષણમાં જન્મવાંચનદિને અને સાતમા દિવસે સાંજે પ્રતિક્રમણમાં ક્રમશઃ ................ અને ................ નું સ્તવન બોલાય છે.

૧૨. ભરહેસરમાં ................ મહાપુરુષો અને ................ મહાસતીઓની સ્તવના કરાઈ છે.

૧૩. ચંદનબાળાનું મૂળનામ ................ અને તેના પાલકપિતાનું નામ ................ હતું.

૧૪. બીજી બધી નવકારવાળી કરતાં ................ ની ................ નવકારવાળીથી ગણાતો નવકાર વધારે લાભદાયી છે.

૧૫. આ અવસર્પિણીમાં સૌથી પહેલા ................ અને સૌથી છેલ્લા ................ કેવળજ્ઞાન પામ્યાં.

૧૬. દરરોજ સૂતાં–જાગતાં અનુક્રમે ................ અને ................ નવકાર ગણવાના હોય છે.

૧૭. ત્રણ લોકમાં ................ જિનચૈત્યો અને ................ જિનપ્રતિમાઓ છે, જેને હું વંદના કરું છું.

૧૮. ................ અને ................ માં કળશ આવે છે.

૧૯. બાવીસ જિનના સાધુઓ ................ અને ................ હતા.

૨૦. ................ એ છ મહીનાના ઉપવાસ કર્યા તો ................ એ અકબર પાસે છ મહિનાનું અમારી પ્રવર્તન કરાવ્યું.

**પ્ર. 3 હું કોણ છું ? મને ઓળખીને મારું નામ જવાબપત્રમાં લખો. (૧૦)**

૨૧. હું નરકમાં જવાનો નેશનલ હાઈવે છું.

૨૨. હું પ્રાણને માટે પ્રેમની આહુતિ આપતો નથી.

૨૩. હું નિર્દય રીતે પાપ કરતો નથી.

૨૪. મારા સૌભાગ્યને બધા ઇચ્છે છે.

૨૫. મેં કેવળજ્ઞાન પામ્યા પછી પણ છ મહીના મારા માતા–પિતાની સેવા કરી હતી.

૨૬. હું જ મહા દુઃખ છું.

૨૭. મેં લક્ષ્મણાનો ૮૦ ચોવીસી સુધી સંસાર ઊભો કર્યો હતો.

૨૮. જીવરક્ષા માટે એક કરોડ પાંજરા બનાવવાથી જે પુણ્ય બંધાય તેટલું પુણ્ય મને આપનાર મેળવી શકે છે.

૨૯. મારી આશાતના તે પાપની બારી છે.

૩૦. જેના હૈયે હું હોઉં છું, તેને સંસાર કાંઈ કરી શકતો નથી.

**પ્ર. ૪ ઘાટા અક્ષરે લખેલ શબ્દ (ખોટો હોય તો સુધારીને) લખો.(૧૦)**

૩૧. કંદર્પને જીતનાર **બાહુબલીજી** દર્પને ન જીતી શક્યા.

૩૨. **અજૈનો** જૈન શાસનને વધુ નુકશાન કરશે.

૩૩. **સોક્રેટીસ** જૈન કુળમાં જન્મ લેવા ઇચ્છતા હતા.

૩૪. ક્રિયા કરવામાં **બેદરકાર** બનવું જોઈએ.

૩૫. **કુમારપાળના** રાજ્યમાં કોઈ 'મારી' શબ્દ બોલી નહોતું શકતું.

૩૬. હૃદયના **વૃદ્ધને** કેવળજ્ઞાન થાય.

૩૭. પર્યુષણના છેલ્લા દિવસે સવારે **સંવત્સરી** પ્રતિક્રમણ કરવાનું હોય છે.

૩૮. વ્યાખ્યાન સાંભળતા નવકારવાળી ગણી **શકાય** છે.

૩૯. **કટાસણા** વિના તો સામાયિક ન જ થાય.

૪૦. અન્ય દુ:ખ કરતાં **દુર્જન** સાથેનો સહવાસ ઘણો દુ:ખદાયી હોય છે.

**પ્ર. ૫ નીચેના પ્રશ્નોના જવાબો આંકડામાં આપો. (૫)**

૪૧. માનવભવ કેટલા દૃષ્ટાંતે દુર્લભ છે ?

૪૨. કેટલી કાયાના કુટામાંથી બચવા દીક્ષા લેવી જોઈએ ?

૪૩. પાપો કેટલા પ્રકારે થાય છે ?

૪૪. સનત્‌મુનિએ કેટલા વર્ષો સુધી ૧૬ મહારોગો સહન કર્યા ?

૪૫. દરેક જૈને વર્ષ દરમ્યાન કેટલા કર્તવ્યો કરવાના હોય છે ?

**પ્ર. ૬ એક શબ્દમાં જવાબ લખો. (૧૦)**

૪૬. શું કરવા માટે પગ ઉપાડતા અનંતા આત્માઓ કેવળજ્ઞાન પામ્યા ?

૪૭. મન્હજિણાણંમાં શ્રાવકના કયા કર્તવ્યોનું વર્ણન આવે છે ?

૪૮. કેવળજ્ઞાન મેળવવા આપણે શું બનવું પડે ?

૪૯. શ્રદ્ધા કરતાં પણ વધારે દુર્લભ શું છે ?

૫૦. સામાયિકમાં શેના વિના બોલાય નહિ ?

૫૧. ગુરૂના ગ્રંથ લેખનમાં રત્ન લાવીને કોણે વેગ વધાર્યો ?

૫૨. પ્રભુ મહાવીરને કયા કર્મનો ઉદય ૮૨ દિવસ સુધી રહ્યો ?

૫૩. આપણે કોણ છીએ ?

૫૪. દ્વારીકાનો દાહ કયા તપના પ્રભાવે અટક્યો હતો ?

૫૫. સિદ્ધચક્રની ભક્તિ કોની જેમ ઇચ્છાસિદ્ધિ આપનાર છે ?

**પ્ર. ૭ નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૫૬. ગુરૂના દર્શનના ઉત્સાહને કોણ ભાંગી નાંખે છે ?

૫૭. કુળદેવીને કેટલા ખમાસમણ દેવાય ?

૫૮. આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવા કોણ ગયું ?

૫૯. સંયમવેશ લીધા વિના કયું જ્ઞાન ન થઈ શકે ?

૬૦. રુદનની ક્રિયા કોના નિર્વાણથી શરૂ થઈ ?

૬૧. કયા ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણેનું સમવસરણ મંદિર શત્રુંજય ગિરિરાજ ઉપર છે ?

૬૨. બ્રહ્મચર્ય પાળવા માટે કેટલી વાડોનું પાલન કરવું જરૂરી છે ?

૬૩. શેનો રસાસ્વાદ માણવા પર્વતિથીએ પૌષધ કરવો જોઈએ ?

૬૪. દેરાસરની ધજા દૂરથી પણ દેખાય તો શું બોલવું જોઈએ ?

૬૫. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયના ચોથા ભાગને શું કહેવાય ?

**પ્ર. ૮ બાકીના ત્રણ શબ્દો સાથે સંબંધ ધરાવતો ન હોય તેવો શબ્દ શોધીને લખો.**

| | | | |
|---|---|---|---|
| ૬૬. કરકંડુ | અરણિક | હનુમાન | દશાર્ણભદ્ર |
| ૬૭. ૧૯ | ૧૮ | ૩૧ | ૩૨ |
| ૬૮. પર્વાધિરાજ | તીર્થાધિરાજ | તંત્રાધિરાજ | મંત્રાધિરાજ |
| ૬૯. લઘુશાંતિ | ભક્તામર | તીર્થવંદના | જગચિંતામણી |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૦. | શાંતિ | પવિત્રતા | સમાધિ | શુદ્ધિ |
| ૭૧. | પર્યુષણ | જ્યેષ્ઠ | કૃતિકર્મ | ઔદ્દેશિક |
| ૭૨. | ૧॥ | ૩ | ૬ | ૧૨ |
| ૭૩. | સૌભાગ્ય | બુદ્ધિ | લબ્ધિ | ભાગ્ય |
| ૭૪. | ગજસુકુમાલ | ખંધક | મહાબળ | મેતારજ |
| ૭૫. | અવિરતિ | સંપૂર્ણવિરતિ | દેશવિરતિ | સર્વવિરતિ |

**પ્ર. ૯ નીચેના પ્રશ્નોના જે જવાબો આપેલા છે, તેમાંથી ખોટો જવાબ શોધીને લખો. (૧૦)**

૭૬. પરમેષ્ઠી ભગવંત શેના ભંડાર છે ?
(અ) વિનય (બ) આનંદ (ક) સુખ (ડ) સમતા

૭૭. સાધુ શું શું ધારણ કરી શકે ?
(અ) જ્ઞાન (બ) સમકિત (ક) પૈસા (ડ) ગુરુ

૭૮. પ્રભુ મહાવીરે કયા કયા સ્વપ્નનું ફળ કહ્યું ?
(અ) કમળ (બ) કુંભ (ક) કોયલ (ડ) કાગડો

૭૯. દીક્ષા લીધા વિના કોણ કેવળજ્ઞાન પામ્યું ?
(અ) ઇલાચીકુમાર (બ) ગુણસાગર (ક) પૃથ્વીચંદ્ર (ડ) જંબુસ્વામી

૮૦. શું શું જાણીને કોઈકે સંયમ લીધું ?
(અ) પોતાની અનાથતા (બ) માથે બે નાથ
(ક) અઢાર નાતરાનો સંબંધ (ડ) કંચુકીની વૃદ્ધાવસ્થા.

૮૧. શંત્રુજયના સ્થાનો શું શું સંદેશા આપે છે ?
(અ) સંસાર સ્વાર્થમય છે. (બ) ઉદાર બનો. (ક) પુરુષાર્થ મહાન છે. (ડ) શરીર કદરૂપું છે.

૮૨. વૈશાખ સુદ તેરસે કઇ વસ્તુ વાપરવી અનુચિત નથી ?
(અ) ખજુરપાક (બ) ગુંદરપાક (ક) કેળાની વેફર
(ડ) ખાટાં ઢોકળા.

૮૩. શત્રુંજયનો ઉદ્ધાર કોણે કરાવ્યો ?

(અ) કર્માશાએ (બ) ચકવર્તીએ (ક) કારીગરોએ (ડ) રાજાએ.

૮૪. કયા ભગવાનની માતા પુત્રના વિરહથી ૧૦૦૦ વર્ષ સુધી રડી ન હતી ?

(અ)મહાવીર સ્વામીની (બ) પાર્શ્વનાથની

(ક) શાંતિનાથની (ડ) આદિનાથની.

૮૫. પાણી ઉકાળીને તેને ઠારવા શેનો ઉપયોગ ન કરી શકાય ?

(અ) પંખાનો (અ) ફ્રીઝનો (ક) એરકંડીશનનો (ડ) કુદરતી પવનનો

**પ્ર. ૧૦ નીચેનો શબ્દ પુસ્તિકામાં જે વાક્યમાં આવતો હોય તે આખું વાક્ય જવાબપત્રમાં લખો. (૫)**

૮૬. નાશવંત ૮૭. ઉણોદરી ૮૮. પક્ષપાતી ૮૯. મનોવાંછિત ૯૦. અટારીયું

**પ્ર. ૧૧ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર બાર-બાર લીટીમાં નિબંધ તમારા શબ્દોમાં જવાબપત્રની પાછળ લખો. (૮)**

(૧) ભક્ષ્યાભક્ષ્ય વિવેક

(૨) પરીક્ષાને વધુ સફળ બનાવવા સૂચનો

(૩) જૈન ધર્મનો ભવ્ય ઇતિહાસ

(૪) પરીક્ષાથી લોકોને થયેલા ફાયદા-ગેરફાયદા.

**જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૧ તથા ભાગ-૨માં જવાબો સહિત જુદા જુદા વિષયના ૧૬-૧૬ પ્રશ્નપત્રો છે. તે દરેકની ૭૦૦૦-૭૦૦૦ પુસ્તિકાઓ બહાર પડી છે. સમગ્ર ભારતભરમાં તે પુસ્તિકાઓની જે OPEN BOOK EXAM.લેવાઈ હતી, તેના પ્રશ્નપત્રો પેપર-૧૭-૧૮,૧૯ અને ૨૦ તરીકે મૂકવામાં આવ્યા છે. બંને પરીક્ષામાં હજારોની સંખ્યામાં પરીક્ષાર્થીઓએ લાભ લીધો છે.**

# પેપર-૧૯ "જ્ઞાનદીપકપ્રગટાવો ભાગ-૧"

(નીચેના પ્રશ્નોના જવાબ જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ-૧ ના આધારે લખો.)

**પ્ર. ૧ નીચેની ખાલીજગ્યાઓ માટેનો સૌથી વધુ યોગ્ય શબ્દ લખો.**

૧. શત્રુંજયનું હાલનું મુખ્ય જિનાલય .................. એ બનાવેલું છે.

૨. કાઉસ્સગ્ગ કરતી વખતે. .................. છૂટો રાખવામાં આવે છે.

૩. શ્રાવક સાધ્વીજીને .................. વંદન કરી શકે.

૪. અરવિંદ રાજર્ષિની વાત સાંભળીને ..................ને જાતિસ્મરણ જ્ઞાન થયું.

૫. પ્રચંડ પુણ્ય બાંધવા ..................ની સેવા કરવી જોઈએ.

૬. કુળદેવીને .................. ખમાસમણ દેવા જોઈએ.

૭. અરિહંતના જન્મને .................. કહેવાય છે.

૮. .................. ની શાલ ઓઢવાથી બ્રહ્મચર્યના પ્રભાવે તાવ ઉતરી જતો હતો.

૯. મરિચીએ .................. ની આસક્તિથી સમકિત ગુમાવ્યું.

૧૦. ત્રણ લોકમાં કુલ .................. જિન પ્રતિમા આવેલી છે.

**પ્ર. ૨ નીચેની ખાલીજગ્યાઓ માટેના સૌથી વધુ યોગ્ય શબ્દો લખો.(૫)**

૧૧. .................. કરતા .................. સાચવો.

૧૨. .................. વિમાનથી .................. યોજન ઉપર સિધ્ધ ભગવંતો વસે છે.

૧૩. ચરવળાની દાંડી ............. અને દસી .................. આંગળ જોઈએ.

૧૪. નવકાર ગણવા માટે .................. ની તથા .................. ની માળા સર્વશ્રેષ્ઠ છે.

૧૫. .................. એ શ્રીપાળને સૌ પ્રથમ ..................
માં જવાનું કહ્યું.

**પ્ર.૩ હું કોણ છું ? મને ઓળખીને મારૂં નામ લખો. (૧૦)**

(૧૬ મેં કરેલા સામૈયાનું દશ્ય પ્રેમચંદ મોદીની ટૂંકના ગુંબજમાં છે.

(૧૭ મારા અતિશયો સમવાયાંગ સૂત્રમાં જણાવ્યા છે.

(૧૮ મારૂં ભ્રમણ નિવારવા પ્રદક્ષિણા દેવાય છે.

(૧૯ મારૂં બીજું નામ નામસ્તવ સૂત્ર છે.

(૨૦ મારો સમાવેશ હાલ પ્રથમ પદમાં થાય છે.

(૨૧ ભવભ્રમણની વૃદ્ધિનું મુખ્ય કારણ હું છું.

(૨૨ મારા પ્રભાવે સર્પ ધરણેન્દ્ર બન્યો.

(૨૩ હું નવપદનું પ્રવેશદ્વાર છું.

(૨૪ શ્રાવક રોજ મારી ચર્ચા કરે.

(૨૫ મારૂં ૨૧ વાર અખંડિત પણે શ્રવણ કરે તે આઠ ભવમાં મોક્ષ પામે છે.

**પ્ર. ૪ નીચે લીટી દોરેલો શબ્દ (ખોટો હોય તો સુધારીને) લખો. (૧૦)**

૨૬. પ્રભુવીર **ધન્નાના** ધર્મરથના સારથી બન્યા હતા.

૨૭. પૂ. મેઘદર્શન વિ. મ.સા. **મુક્તિદૂતના** સંયોજક છે.

૨૮. અઇમુત્તામુનિને **અન્નત્થ** સૂત્ર બોલતા કેવળજ્ઞાન થયું હતું.

૨૯. સામાયિક, ચઉવિસત્થો, વંદન, **પૂજા**, કાઉસ્સગ્ગ.

૩૦. સ્વગુણ ઉપર ગુણ કરે તે જ **મહાન** જન ગણાય છે.

૩૧. **રાજાને** વિનંતી કરો, જરૂર એ તમને આપશે.

૩૨. નવકાર વડે **નમો** ધર્મની આરાધના કરવાની છે.

૩૩. **કુમારપાળની** બનાવેલી આરતી રોજ ઉતારવાની છે.

૩૪. **ગૌતમસ્વામીએ** સ્યાદ્વાદ દૃષ્ટિથી વેદ પંક્તિ સાચી ઠરાવી.

૩૫. વર્ધમાનને છેલ્લી શીખ **યશોદા** આપે છે.

**પ્ર. ૫ નીચેનાં પ્રશ્નોના જવાબ આંકડામાં આપો. (૧૦)**

૩૬. સંવત્સરિ નિમિત્તે છેલ્લે ઓછામાં ઓછી કેટલી બાંધી માળા

ગણવી જ જોઈએ ?

૩૭. સામાયિક કેટલી મિનિટનું કરવાનું હોય છે ?

૩૮. પ્રભુને કર્મક્ષયથી કેટલા અતિશય ઉત્પન્ન થાય છે ?

૩૯. પ્રભુ મહાવીરનું શાસન કેટલા વર્ષ ચાલવાનું છે ?

૪૦. ભગવાનને યક્ષના મંદિરમાં કેટલા સ્વપ્નો આવ્યા?

૪૧. પ્રભુવીરના ગર્ભાપહારનું કાર્ય કેટલામા દિવસે થયું ?

૪૨. પ્રભુ મહાવીરે જેટલા પારણા કર્યા, તેના કરતાં આદિનાથ ભગવાનને કેટલા વધારે ઉપવાસ શરૂઆતમાં એકી સાથે કરવા પડયા ?

૪૩. પ્રથમ સ્વપ્નમાં હાથીને જોનારના દીકરાને કેટલા દીકરા હતા ?

૪૪. શ્રાવકના દૈનિક કર્તવ્યો કેટલા હોય છે ?

૪૫. નવપદમાં કેટલા પરમેષ્ઠીઓનો સમાવેશ થાય છે ?

**પ્ર.૬ એક શબ્દમાં જવાબ આપો. (૧૦)**

૪૬. બે હાથ મસ્તકે જોડીને કયા પ્રણામ કરવાના હોય છે ?

૪૭. શ્રાવકના રસોડામાં શું હોવું જોઈએ ?

૪૮. અદેખાઇના કારણે કોણ સૂકાઇ જાય છે ?

૪૯. પડિલેહણ કરતા તેરમા ગુણસ્થાનકે કોણ પહોંચ્યું ?

૫૦. ગુરુની પરીક્ષા કયા રાજાએ કરી ?

૫૧. શ્રીપાળની હાજરીમાં શ્રીપાળનું ચરિત્ર કયા મુનિએ સંભળાવ્યું ?

૫૨. શિષ્યાને ખમાવતા કયા ગુરુને કેવળજ્ઞાન થયું ?

૫૩. ૧૦૦૮ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કયા પ્રતિક્રમણમાં કરવાનો હોય ?

૫૪. પ્રભુ મહાવીર કઈ નગરીમાં મોક્ષે સીધાવ્યા ?

૫૫. અંબડ પરિવ્રાજકે કોના સમકિતની પરીક્ષા કરી ?

**પ્ર.૭ નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૫૬. વીસ ભગવાનના કલ્યાણક ક્યાં થયા છે ?

૫૭. અકબરને પ્રતિબોધ પમાડનાર કોણ હતા ?

૫૮. શ્રાવકે રોજ કેટલા નિયમ ધારવા જોઈએ ?

૫૯. સિદ્ધચક્રનો સેવક દેવ કોણ છે ?

૬૦. આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા શું જોઈએ ?

**પ્ર. ૮ બાકીના શબ્દો સાથે સંબંધ ધરાવતો ન હોય તેવો શબ્દ શોધો.(૧૦)**

| | | | |
|---|---|---|---|
| ૬૧. રસ | ઋદ્ધિ | સુખ | શાતા |
| ૬૨. આજ્ઞાચક્ર | ધર્મચક્ર | નાભીચક્ર | સિદ્ધચક્ર |
| ૬૩. રથયાત્રા | તીર્થયાત્રા | સંઘયાત્રા | જલયાત્રા |
| ૬૪. પાંડવો | વિનમી | વસ્તુપાળ | પુંડરિકસ્વામી |
| ૬૫. ૭ હાથ | ૯ હાથ | ૧૩ હાથ | અડધો ગાઉ |
| ૬૬. રાઈ | પક્ખિ | ચોમાસી | વાર્ષિક |
| ૬૭. સિંહ | હાથી | આકાશ | પૃથ્વી |
| ૬૮. અષાઢી શ્રાવક | કૃષ્ણ | ચંદ્ર | રાવણ |
| ૬૯. સામાયિક | કાઉસ્સગ્ગ | દીક્ષા | પૌષધ |
| ૭૦. દેવાનંદાને | પંડિતજીને | સંગમને | ચંડકૌશિકને |

**પ્ર. ૯ નીચેના પ્રશ્નોના આપેલા જવાબોમાંથી ખોટો જવાબ શોધો. (૧૦)**

૭૧. શ્રાવકે પૂજામાં કેટલા વસ્ત્રો ન વપરાય ?

(૧) ૩ (૨) ૫ (૩) ૨ (૪) ૪

૭૨. મનુષ્યને શાના વડે જ સુખ પ્રાપ્ત થતું નથી ?

(૧) સાધન (૨) પૈસા (૩) કુટુંબ (૪) ધર્મ

૭૩. સિધ્ધ ભગવંતોને કેટલા કર્મો ન હોય ?

(૧) ૮ (૨) ૪ (૩) ૦ (૪) ૧

૭૪. પ્રભુ મહાવીરનો આત્મા પ્રથમવાર સમકિત કયા ક્ષેત્રમાં પામ્યો ન હતો ?

(૧) મહાવિદેહ (૨) ભરત (૩) ઐરાવત (૪) કુરુ

૭૫. અરિહંત કોના વડે બોધ પામતા નથી ?

(૧) ભગવાન (૨) ગુરુ (૩) પોતાના (૪) માતા-પિતા

૭૬. અરિહંત પ્રભુનો શ્વાસોશ્વાસ કોના જેવો હોતો નથી ?

(૧) કમળ (૨) ગુલાબ (૩) અત્તર (૪) ચંપો

૭૭. કા. સુદ ચૌદશે સવારે કયું પ્રતિક્રમણ ન કરાય ?

(૧) પક્ખિ (૨) રાઈ (૩) ચોમાસી (૪) સંવત્સરી

૭૮. નારક છે કે નહિ ? એ સંશય કોને ન હતો ?

(૧) મૌર્યપુત્ર (૨) અકંપિત (૩) મંડિત (૪) ગૌતમસ્વામી

૭૯. સિદ્ધ ભગવંતોને કોના જેવા માન્યા નથી ?

(૧) ધ્રુવના તારા (૨) સપ્તર્ષિના તારા (૩) સૂર્ય (૪) ચંદ્ર

૮૦. નીચેનામાંથી કેવળજ્ઞાન કોણ પામ્યું ?

(૧) ઢંઢણમુનિ (૨) અષાઢાભૂતિ (૩) ઇલાચીકુમાર

(૪) સ્થૂલભદ્રજી

**પ્ર. ૧૦ નીચે આપેલો શબ્દ પુસ્તિકામાં જે વાક્યમાં આવેલો હોય તે આખું વાક્ય લખો. (૧૦)**

૮૧. સ્વદોષ ગર્હા (૮૨) અખાત્રીજે (૮૩) પરાક્રમ (૮૪) ઉપ્પનેઇવા

(૮૫) કુલમર્યાદા (૮૬) વાદવિવાદ (૮૭) રૂપસેન (૮૮) પ્રકાશ

(૮૯) ભાયા રે (૯૦) નિધિ

**પ્ર. ૧૧ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર બાર લીટીમાં નિબંધ લખો. (૮)**

(૧) મારા ભગવાન (૨) કર્મોની બલિહારી

(૩) જિનશાસનનો ભવ્ય ઇતિહાસ

(૪) આવી પરીક્ષાઓ યોજવી કે નહિ ? શા માટે ?

પેપર–૧૭ અને ૧૮ના જવાબો પાછળ આપવામાં આવ્યા છે. પરંતુ પેપર–૧૯ અને ૨૦ પરીક્ષાર્થીઓના અભ્યાસ માટે છે. તેથી જવાબો આપ્યા નથી. પરીક્ષાર્થીઓએ જ્ઞાનદીપક પ્રગટાવો ભાગ–૧ તથા ભાગ–૨ના આધારે પેપર–૧૭ તથા ૧૮ના જવાબો શોધવાનો જાતે પ્રયત્ન કરવો.

# પેપર-૨૦ "જ્ઞાન દીપકપ્રગટાવો ભાગ-૨"

જ્ઞાન દીપકપ્રગટાવો ભાગ-૨ ના આધારે જવાબો આપો.

**પ્ર. ૧ નીચેની ખાલી જગ્યાઓ માટેનો સૌથી વધુ યોગ્ય શબ્દ લખો.(૧૦)**

૧. વૈશાખ માસમાં કોથમીર નાંખેલી દાળ ..................

૨. આપણે .................. રીતે પુણ્ય બાંધી શકીએ છીએ.

૩. પ્રભુ મહાવીરની માતા .................. તે જ ભવે કેવળજ્ઞાન પામ્યા.

૪. અંબડ પરિવ્રાજકે .................. ના સમકિતની પરીક્ષા કરી હતી.

૫. આદેશ્વર ભગવાનના જીવનને અનુલક્ષીને .................. તપ કરવો જોઈએ.

૬. પર્યુષણમાં કર્તવ્ય રૂપે .................. ઉપવાસ કરવાના હોય છે.

૭. આઠ દષ્ટિ સહિત સમકિતવંત જીવ નવમી .................. ને ઇચ્છે છે.

૮. મોક્ષમાં જતા પ્રભુ .................. ની કેદમાંથી છૂટયા.

૯. .................. ગણિ ક્ષમાશ્રમણે આગમોને ગ્રન્થારુઢ કર્યા.

૧૦. "બે હોય તો અવાજ થાય" જાણીને .................. એ સંયમ લીધું.

